CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૯ જાન્યુઆરી ૨૦૨૫, ગુરુવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, પોષ સુદ ૧૦ | અંક : ૧૮૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્તોને મળશે કેશલેસ ટ્રીટમેન્ટ : નીતિન ગડકરી

### રોડ અકસ્માતમાં ઘાયલ થયેલા પીડિતોને હવે દોઢ લાખ સુધીની મફત સારવાર મળે તેવી સરકાર વ્યવસ્થા કરી રહી છે : યોજના હવે દેશભરમાં લાગૂ થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

કેન્દ્રીય રોડ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ એક મોટી જાહેરાત કરતા કહ્યું કે સરકાર માર્ચ મહિના સુધી રોડ દુર્ઘટનાના પીડિતો માટે 'કેશલેસ ટ્રિટમેન્ટ' યોજના લાવવાની તૈયારી રહી છે.

આ યોજના હેઠળ રોડ અકસ્માતમાં ઘાયલ કોઈ પણ વ્યક્તિને મહત્તમ ૧.૫ લાખ રૂપિયા સુધીની સારવાર મફત મળશે. આ યોજના દેશભરમાં લાગૂ થશે અને રસ્તા પર કોઈ પણ પ્રકારની દુર્ઘટના માટે માન્ય રહેશે.

આ યોજના રાષ્ટ્રીય સ્વાસ્થ્ય પ્રાધિકરણ (NHA), પોલીસ, હોસ્પિટલ અને રાજ્ય સ્વાસ્થ્ય એજન્સીઓના સહયોગથી લાગૂ થશે. રોડ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના ઈ-વિસ્તૃત દુર્ઘટના રિપોર્ટ (ઈડીએઆર) એપ્લિકેશનને એનએચએની લેવડદેવડ પ્રબંધન પ્રણાલી સાથે જોડવામાં આવશે. આ આઈટી પ્લેટફોર્મ દ્વારા સારવારનો સંપૂર્ણ ખર્ચ સરકાર ભોગવશે.

ગડકરીએ જણાવ્યું કે આ યોજનાની શરૂઆત માર્ચ ૨૦૨૪માં પાયલોટ પ્રોજેક્ટ તરીકે ચંડીગઢથી થઈ હતી.



ત્યારબાદ તેને છ અન્ય રાજ્યોમાં પણ લાગૂ કરાઈ. પાયલોટ પ્રોજેક્ટનો હેતુ રોડ દુર્ઘટનાઓના પીડિતોને સમયસર તબીબી સારવાર આપવાનો હતો જેનાથી અનેક લોકોના જીવ બચાવી શકાયા.

ગડકરીએ રોડ દુર્ઘટનાઓની વધતી ઘટનાઓ પર ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે ડ્રાઈવરોનો થાક પણ એક મોટું કારણ છે. સરકાર કોમર્શિયલ ચાલકો માટે કામના કલાકો નક્કી કરવા માટે શ્રમ કાયદાઓનો અભ્યાસ કરી રહી છે. તેમણે જણાવ્યું કે દેશમાં લગભગ ૨૨ લાખ ચાલકોની કમી છે. જેને દૂર કરવા માટે વિશેષ તાલિમ સંસ્થાન બનાવવામાં આવશે.

કાર્યશાળા દરમિયાન ગડકરીએ જણાવ્યું કે સરકાર વાહન ભંગાર નીતિને ઝડપથી લાગૂ કરવા પર કામ કરી રહી છે. આ સાથે જ સમગ્ર દેશમાં પ્રદૂષણ નિયંત્રણ પ્રમાણપત્ર(પીયુસી) ૨.૦ લાગૂ કરવામાં આવશે. બીએસ-૭ માપદંડોને લાગૂ કરવાની સમયમર્યાદા અને પ્રદૂષણમાં ઘટાડો લાવવા ઉપર પણ ચર્ચા થઈ. દેશભરમાં ડ્રાઈવર તાલિમ સંસ્થાનોની સ્થાપના માટે નવી યોજનાઓ લાવવામાં આવી રહી છે. જે હેઠળ ડ્રાઈવર ટ્રેનિંગ સેન્ટર ખોલવા માટે પ્રોત્સાહન આપવામાં આવશે. આ ઉપરાંત ઈ રિક્ષાની સુરક્ષા સારી કરવા માટે વિશેષ નિયમ અને દિશાનિર્દેશ બનાવવામાં આવી રહ્યા છે. કેન્દ્રીય પરિવહન મંત્રીએ નવી યોજના જાહેર કરવાની સાથે માર્ગ અકસ્માતના આંકડાઓ પણ રજૂ કર્યા હતા. જે અનુસાર, ૨૦૨૪માં કુલ ૧.૮૦ લાખ લોકોએ માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવ્યા છે. જેમાં ૩૦૦૦૦ લોકોના મોત હેલમેટ ન પહેરવાના કારણે થયા છે. ઉલ્લેખનીય છે, આ મૃતકોમાં ૬૬ ટકા લોકો ૧૮થી ૩૪ વર્ષનો યુવા વર્ગ હતો.

ગડકરીએ જણાવ્યું હતું કે, આપણી શાળાઓ અને કોલેજોમાં યોગ્ય રીતે એક્ઝિટ અને એન્ટ્રી પોઈન્ટની વ્યવસ્થા ન હોવાથી ૨૦૨૪માં આશરે ૧૦ હજાર બાળકોએ જીવ ગુમાવ્યા છે. શાળાઓની ઓટો રિક્ષા અને મીની બસ માટે નિયમો હોવા છતાં તેના અનુપાલનના અભાવે બાળકો પણ દુર્ઘટનાઓનો ભોગ બની રહ્યા છે. અમે તમામ ખામીઓને ધ્યાનમાં લઈ તેને ઘટાડવા પ્રયાસ કરીશું. માર્ગ અકસ્માતની ઘટનાઓ ઘટાડવા માટે સૌએ એકજૂટ થઈ પ્રયાસ કરવો પડશે. નીતિન ગડકરીએ ગઈકાલ મંગળવારે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પરિવહન મંત્રીઓ સાથે આયોજિત બેઠકમાં આ અંગે જણાવ્યું હતું.

### હાઈકોર્ટનો મોટો નિર્ણય

## સંભલ મંદિર-મસ્જિદ વિવાદમાં જિલ્લા કોર્ટની સુનાવણી પર રોક

। (એજન્સી) સંભલ, તા.૮ ।

સંભલ મંદિર-મસ્જિદ વિવાદમાં અલ્હાબાદ હાઈકોર્ટે મોટો નિર્ણય લીધો છે. અલ્હાબાદ હાઈકોર્ટે ઉત્તર પ્રદેશના સંભલમાં ચાલી રહેલા મંદિર-મસ્જિદ વિવાદ કેસની સુનાવણી પર જિલ્લા કોર્ટની સુનાવણી પર રોક લગાવી છે. હાઈકોર્ટ આ મામલે ૨૫ ફેબ્રુઆરીએ આગામી સુનાવણી કરશે. અલ્હાબાદ હાઈકોર્ટે સંભલની શાહી જામા મસ્જિદની ઈંતજામિયા કમિટી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી દરમિયાન આ સ્ટે લગાવ્યો છે. બુધવારે આ કેસની સુનાવણી હાઈકોર્ટમાં જસ્ટિસ રોહિત રંજન અગ્રવાલની સિંગલ બેંચે કરી હતી.

સંભલની જામા મસ્જિદ અંગે ઈંતજામિયા કમિટી દ્વારા હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. આ અરજીમાં જિલ્લા અદાલતમાં ચાલી રહેલી સુનાવણી પર રોક લગાવવાની માગ કરવામાં આવી હતી. સંભલની જિલ્લા કોર્ટમાં ૧૯ નવેમ્બરના રોજ હરિશંકર જૈન અને અન્ય દ્વારા કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ અરજીમાં શાહી જામા મસ્જિદના સ્થાન પર પૂર્વમાં મંદિર હોવાનું જણાવ્યું હતું. આ મામલે જિલ્લા કોર્ટે સર્વેનો આદેશ આપ્યો હતો. તેનો સર્વે રિપોર્ટ નિચલી કોર્ટમાં દાખલ કરવામાં આવ્યો છે. મીડિયા રિપોર્ટસ પ્રમાણે સર્વે રિપોર્ટમાં હિન્દુ ધર્મ સાથે જોડાયેલા ૫૦થી વધુ ફૂલોના નિશાનનો ઉલ્લેખ થયો છે. આ ઉપરાંત બે વટવૃક્ષ પણ મળી આવ્યા છે. મસ્જિદમાં કૂવો હોવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે. હવે કારણ કે આ તમામ પુરાવા હિંદુ ધર્મ સાથે સંબંધિત છે, તેથી જ કહેવામાં આવે છે કે આ મસ્જિદ પહેલા અહીં મંદિર હતું. સર્વેમાં એ પણ સામે આવ્યું છે કે, જૂના સ્ટ્રક્ચરમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત નવા બાંધકામના કેટલાક પુરાવા પણ મળી આવ્યા છે.



આગરામાં શિયાળાની સવારે તાજમહેલ ધુમ્મસમાં ઘેરાયેલો જોવા મળ્યો હતો

## અમેરિકા ૨૬ વર્ષ બાદ ભારત પરનો પરમાણુ પ્રતિબંધ હટાવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

અમેરિકાએ ભારત સાથે નાગરિક પરમાણુ ઊર્જા ક્ષેત્રે સહયોગ વધારવા માટે મહત્વની જાહેરાત કરી છે. આ અંતર્ગત ભારતના ઈન્દિરા ગાંધી એટોમિક રિસર્ચ સેન્ટર (IGARC) અને ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર (BARC) જેવી સંસ્થાઓને અમેરિકાની નાગરિક પરમાણુ સહકારની પ્રતિબંધિત સૂચિમાંથી દૂર કરવામાં આવશે. આનાથી પરમાણુ ઊર્જા સંબંધિત ભારતીય કંપનીઓ માટે અમેરિકન કંપનીઓ, સંસ્થાઓ કે એજન્સીઓ સાથે ટેકનિકલ અને વ્યવસાયિક સહયોગ કરવાનો માર્ગ મોકળો થશે.ભારતની મુલાકાતે આવેલા અમેરિકન NSA જેક સુલિવાને નવી દિલ્હીમાં ભાષણમાં આ જાહેરાત કરી હતી.

### મહારાષ્ટ્રના રાજકારણમાં નવી ચર્ચા

## કાકા-ભત્રીજા હાથ મિલાવશે, સુપ્રિયાને કેન્દ્રમાં મંત્રી પદની ઓફર

। (એજન્સી) મુંબઈ, તા.૮ ।

ચૂંટણી બાદ શરૂ થયેલાં મહારાષ્ટ્રના રાજકીય નાટકે હવે નવો વળાંક લીધો છે. શરદ પવાર અને અજિત પવાર ફરી હાથ મિલાવી લેશે અને શરદ પવારની એનસીપીમાંથી ચૂંટાયેલા આઠ સાંસદો એનડીએમાં સામેલ થવાની અટકળોથી મહારાષ્ટ્રનું રાજકારણ ગરમાયું છે. કહેવામાં આવી રહ્યું છે કે, શરદ પવાર પોતાની દીકરી સુપ્રિયા સૂલેને કેન્દ્રીય કેબિનેટમાં સ્થાન મળે તે માટે લોબિંગ કરી રહ્યા છે.

મહારાષ્ટ્રમાં લોકસભા ચૂંટણીમાં શરદ પવાર જૂથને ફતેહ મળી હતી પરંતુ, વિધાનસભામાં તેમનો રકાસ થયો હતો. વિધાનસભામાં શરદ



પવારની એનસીપીને માત્ર ૧૦ જ બેઠક મળતાં પક્ષનાં રાજકીય ભાવિ સામે પ્રશ્ન ઊભો થયો છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વિધાનસભા પરિણામો બાદ શરદ પવારની એનસીપીના સાંસદો અને ધારાસભ્યોએ પવારને અજિત પવાર સાથે હાથ મિલાવી લેવા અને એનડીએમાં જોડાઈ જવા માટે દબાણ વધાર્યું છે. સાંસદો અને ધારાસભ્યો આ મુદ્દે પણ શરદ પવાર પર દબાણ વધારી રહ્યા છે કે, અજિત પવારની એનસીપીને જ ચૂંટણી પંચે અસલી એનસીપી તરીકે માન્ય રાખી ચૂક્યું છે અને તેને ઘડિયાળનું મૂળ પ્રતિક ફાળવ્યું છે. ત્યારબાદ વિધાનસભામાં પણ અજિત પવાર જૂથને ૪૧ બેઠક મળી છે. આ સંજોગોમાં શરદ પવારની અલગ એનસીપીનાં અસ્તિત્વ સામે સંકટ સર્જાયું છે. નોંધનીય છે કે, થોડા દિવસો પહેલાં જ અજિત પવારની માતાએ શરદ પવાર તથા અજિત પવાર ફરી એક થઈ જાય તેવી ઈચ્છા પ્રગટ કરી હતી. તે વખતે પ્રફુલ્લ પટેલ સહિતના નેતાઓએ આ ઈચ્છાનો પડઘો પાડીને એમ કહ્યું હતું કે, શરદ પવાર અમારા માટે ઈશ્વર સમાન છે.

### મહાકુંભમાં થશે ૧૨ જ્યોર્તિર્લિંગોના દર્શન

## કાશી-કેદારનાથથી સોમનાથ સુધી, બધા તીર્થ એક જગ્યાએ

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૮ ।

તમે ક્યારેય સાંભળ્યું છે કે ભંગારમાંથી એક અદભૂત તીર્થ સ્થળ તૈયાર કરી શકાય? ઉત્તર પ્રદેશની સંગમ નગરી પ્રયાગરાજના મહાકુંભ નગર ક્ષેત્રમાં શિવાલય પાર્ક તેનું જીવતું જાગતું ઉદાહરણ છે. આ પાર્ક માત્ર એક દર્શનીય સ્થળ નથી. આ પાર્ક અધ્યાત્મનો મોટો ભંડાર છે. અહીંયા તમે ભગવાન શિવ અને તેમના મંદિર વિશે જ્ઞાન પ્રાપ્ત કરી શકો છો. ચોંકી ગયા ને પરંતુ આ હકીકત છે. ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભનો મેળો ૧૩મી જાન્યુઆરીથી શરૂ થવાનો છે. મહાકુંભની ભવ્યતા અને આધ્યાત્મિકતાને નવી ઉંચાઈ આપવા માટે પ્રયાગરાજના નૈની અરેલ ઘાટ પર શિવાલય પાર્કનું નિર્માણ કરવામાં આવ્યું છે. હવે તમારા મનમાં એવો સવાલ થતો હશે કે આ શિવાલય પાર્કમાં એવું તે શું છે જે ચર્ચાનું કેન્દ્ર બની ગયો છે, તો તે પણ જાણી લો. આ પાર્ક ૪૦૦ ટન ભંગારમાંથી તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં કટાઈ ગયેલા વીજળીના થાંભલા, જૂની ટ્રક, કાર, પાઈપ, રિક્ષા, રેલવેના તૂટેલા પાટા અને અન્ય ભંગારનો ઉપયોગ કરાયો છે. તેની પાછળ ૧૪ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. શિવાલય પાર્ક ૧૧ એકરમાં ફેલાયેલો છે. ૨૨ કલાકારો અને ૫૦૦ શ્રમિકોએ ૩ મહિનાની મહેનત બાદ તેને તૈયાર કર્યો છે. પાર્કને વેસ્ટ એન્ડ વંડર થીમ અંતર્ગત તૈયાર કરાયો છે. બાળકો માટે અલગ ઝોન, તુલસી વન અને સંજીવની વન તૈયાર કરાયું છે.

## ફરી એકવાર ભારતીય બેટર પંતની ટોપ-૧૦માં એન્ટ્રી

। (એજન્સી) દુબઈ, તા.૮ ।

તાજેતરમાં ICCએ જાહેર કરેલી રેન્કિંગમાં ભારતીય વિકેટકીપર અને બેટર રિષભ પંતને ઘણો ફાયદો થયો છે. ફરી એકવાર રિષભ પંત ટોપ-૧૦ બેટરોની યાદીમાં સામેલ થઈ ગયો છે. ઓસ્ટ્રેલિયા સામેની સિડની ટેસ્ટની બીજી ઈનિંગમાં રિષભ પંતે શાનદાર બેટિંગ કરી હતી. ઓસ્ટ્રેલિયા સામે સતત ખરાબ પ્રદર્શન બાદ રિષભ પંત ટોપ-૧૦ની યાદીમાંથી બહાર થઈ ગયો હતો. પરંતુ સિડની ટેસ્ટ બાદ હવે તેણે પુનરાગમન કર્યું છે. તે હવે યાદીમાં નવમાં સ્થાને પહોંચી ગયો છે. અન્ય ભારતીય ખેલાડીઓની વાત કરીએ તો ઝડપી બોલર જસપ્રીત બુમરાહે તેની ટેસ્ટ કારકિર્દીની સર્વશ્રેષ્ઠ રેટિંગ હાંસલ કરી છે.

## આસારામને પેરોલ મળ્યા બાદ પીડિતાના પિતાએ વ્યક્ત કરી ચિંતા

### પીડિતાના પિતાએ પોતાના પરિવારની સુરક્ષા માટે ચિંતા વ્યક્ત કરી હતી અને કોર્ટના આદેશ પર આશ્ચર્ય વ્યક્ત કર્યું

। (એજન્સી) શાહજહાંપુર, તા. ૮ ।

સુપ્રીમ કોર્ટે સ્વાસ્થ્ય સમસ્યાઓના કારણે આસારામને પેરોલ પર મુક્ત કરવાનો ચુકાદો આપ્યા બાદ અહીં શાહજહાંપુર જિલ્લામાં પીડિતાના ઘરે સુરક્ષા વધારી દેવામાં આવી છે. એક પોલીસ અધિકારીએ બુધવારે આ જાણકારી આપી. પીડિતાના પિતાએ પોતાના પરિવારની સુરક્ષા માટે ચિંતા વ્યક્ત કરી હતી અને કોર્ટના આદેશ પર આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. એડિશનલ સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ (શહેર) સંજય કુમાર સાગરે બુધવારે જણાવ્યું હતું કે આસારામને પેરોલ મળ્યા બાદ તે (કુમાર) પોતે પીડિતાના ઘરે ગયા હતા. અને તેના પરિવાર સાથે વાત કરી હતી. પીડિતાના ઘરે પહેલેથી જ પોલીસ ગાર્ડ તૈનાત છે. આ સિવાય પીડિતાના પિતા પાસે હથિયારધારી સુરક્ષા ગાર્ડ



પણ છે. તેમણે કહ્યું કે આવી સ્થિતિમાં વધારાના સુરક્ષા કર્મચારીઓને તૈનાત કરવામાં આવી રહ્યા છે અને પીડિત પરિવારની સુરક્ષા માટે સંબંધિત પોલીસ સ્ટેશન અને વિસ્તાર અધિકારીને જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. સાગરે કહ્યું કે પીડિતાના ઘર અને તેની આસપાસના ખામીયુક્ત સીસીટીવી કેમેરાને રિપેર કરવાની સૂચના આપવામાં આવી છે અને પીડિતાના પિતાને ઘરની બહાર જતા પહેલા જાણ કરવા માટે કહેવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે આ એક હાઈ-પ્રોફાઈલ કેસ છે અને તેથી અમે પીડિતાના પરિવારની સુરક્ષા પર સતત નજર રાખીએ છીએ. તે જ સમયે, પીડિતાના પિતાએ કહ્યું કે આસારામને વચગાળાના જામીન (પેરોલ) મળવાના સમાચાર સાંભળ્યા પછી, તેઓ ચોંકી ગયા છે. અને તેમની ઊંઘ ઉડી ગઈ અને હવે તે તેના પરિવારની સુરક્ષાને લઈને ચિંતિત છે. તેમણે દાવો કર્યો હતો કે આસારામ જેલમાં હતા ત્યારે ચાર સાક્ષીઓ, રાજકોટના અમૃત પ્રજાપતિ, અખિલ ગુપ્તા (રસોઈયા), લખનૌના રાહુલ સચન અને શાહજહાંપુરના ક્રિપાલ સિંહની હત્યા કરવામાં આવી હતી. પિતાએ જણાવ્યું કે આસારામે જમ્મુ, જોધપુર, દિલ્હી અને સુરસાગરમાં તેમના સમર્થકો દ્વારા જેલમાંથી તેમની વિરુદ્ધ ચાર ખોટા કેસ દાખલ કર્યા છે.

### સંભલ મુદ્દે મુખ્યમંત્રી યોગીનું સૂચક નિવેદન

## સર્જરી એકવાર થશો, તેના માટે આપણે તૈયાર રહેવું પડશે

। (એજન્સી) લખનૌ, તા.૮ ।

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે એક ખાનગી ન્યૂઝ ચેનલના ઈન્ટરવ્યૂ દરમિયાન કહ્યું કે, જૂના દર્દની સારવાર કરવી જરૂરી છે, નહીતર તે કેન્સર બની જાય છે. તેનો ઉકેલ શોધવો ખુબ જ જરૂરી છે કારણ કે આ સારવારની પ્રક્રિયાની સાથે કેટલી પણ કીમોથેરેપી કે રેડિયોથેરેપી તમે આપતા રહેશો. તેનો ઉકેલ આવવાનો નથી. સર્જરી એકવાર થાય છે અને તે સર્જરી માટે આપણે તૈયાર રહેવું પડશે. મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે, ગૂમડું ગમે તેટલું મોટું કેમ ન હોય, એકવાર સર્જરી થઈ જાય પછી તે નવેસરથી આગળ વધે છે. મને લાગે છે કે આ પ્રકારના ઉકેલોનો રસ્તો આપણે જોવો પડશે. સંભલમાં ફરીથી મંદિર બનાવવાથી જોડાયેલા સવાલ પર મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે, આઈન-એ-અકબરી આ વાતને પ્રમાણિત કરી રહ્યા છે કે અહીં શ્રી હરિના મંદિરને તોડીને એક સ્ટ્રક્ચર ઉભું કરી દેવાયું છે. મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે, તો લોકો પોતાની આત્માને ખંખોળે, જુએ અને સ્વીકારે. બીમારીને સમયસર સ્વીકારવી જોઈએ, નહીંતર સમસ્યાઓ ઊભી થાય છે

### બિલની જોગવાઈ વિશે પણ સભ્યોને અવગત કરાવ્યા

## JPCની પ્રથમ બેઠક મળી, સાંસદોને ૧૮,૦૦૦ પાનનો રિપોર્ટ સોંપ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

એક દેશ, એક ચૂંટણીને લઈને સંસદની સંયુક્ત સમિતિની પ્રથમ બેઠક બુધવારે થઈ હતી. આ દરમિયાન સત્તા પક્ષ વિપક્ષ સાથે જોડાયેલ તમામ સાંસદોએ પોતાની વાત સમિતિ સામે રજૂ કરી હતી. સત્તા પક્ષ સાથે જોડાયેલ સાંસદોએ આ બિલને દેશની જરૂરિયાત ગણાવી હતી, તો વળી વિપક્ષી સાંસદોએ આ બિલને રાજ્યોના અધિકાર છીનવી લેનારું બિલ ગણાવ્યું હતું. આ બેઠક દરમિયાન કાયદા મંત્રાલયના અધિકારીઓએ પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની બનાવેલી કમિટીના રિપોર્ટ વિશે જ્યાં સમિતિના સભ્યોને જાણકારી આપી. તો વળી આ ઉપરાંત બિલની જોગવાઈ વિશે પણ સમિતિના સભ્યોને અવગત કરાવ્યા. બેઠક બાદ સમિતિના તમામ સભ્યોને એક મોટા સૂટકેસમાં ૧૮,૦૦૦થી વધારે પાનાંના દસ્તાવેજ પણ સોંપવામાં આવ્યા. આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે સૂટકેસ સાથે એક તસવીર પણ શેર કરી છે. સમિતિના સભ્યોને કહેવામાં આવ્યું કે, તેમાં એ તમામ દસ્તાવેજ છે, જે આ બિલ લાવવાનું કારણ અને તેને કેવી રીતે લાગૂ કરી શકાશે.

### ઘણા કર્મચારી મૂળ ભારતના છે

## એપલે સેલરી ફ્રોડ કરતાં ૧૮૫ કર્મચારીઓને કાઢી મૂક્યા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૮ ।

એપલ દ્વારા હાલમાં જ ૧૮૫ કર્મચારીઓને કાઢી મૂકવામાં આવ્યા છે. આ કર્મચારીઓ સેલરી ફ્રોડ કરી રહ્યા હતા. એપલ દ્વારા જે ચેરિટી પ્રોગ્રામ કરવામાં આવે છે, તેનો દુરુપયોગ કરી રહ્યા હોવાથી તેમને કાઢી મૂકવામાં આવ્યા હોવાની ચર્ચા છે. આ કર્મચારીઓમાં ઘણા લોકો મૂળ ભારતીય પણ છે. આ ભારતીયો અમેરિકામાં એપલમાં કામ કરતા હતા અને પોલિસીનો દુરુપયોગ કરવાના કારણે તેમની હકાલપટ્ટી કરવામાં આવી છે. એપલ દ્વારા નોકરીમાંથી કાઢવામાં આવેલા ૧૮૫ કર્મચારીઓમાંથી ઘણા ભારતીયો પણ છે. એપલના હેડક્વાર્ટર માં આ કર્મચારીઓ કામ કરતા હતા. તેમના દ્વારા જે ફ્રોડ કરવામાં આવ્યો હતો તેમાં પૈસાનો સમાવેશ થયો હતો. આથી, એમાં જે વ્યક્તિઓના નામ આવ્યા છે, તે છને ધરપકડ વોરન્ટ નીકળી ચૂક્યા છે. જોકે, આ છ વ્યક્તિઓમાં એક પણ ભારતીય નથી. એપલ દ્વારા કાઢવામાં આવેલા કર્મચારીઓમાં વધુ પડતી ભારતીય મૂળની વ્યક્તિઓ તેલુગુ ચેરિટી ઓર્ગેનાઈઝેશન સાથે જોડાયેલી છે. આ ઓર્ગેનાઈઝેશન સાથે મળીને એપલના કર્મચારીઓ ફ્રોડ કરતા હતા.

CMYK

## ન્યૂઝ બ્રિફ

### રેપીડો, ઓલા, ઉબેર બાઇક ટેક્સી પર પ્રતિબંધ કરાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

અમદાવાદમાં રેપીડો, ઓલા અને ઉબેર બાઈક ટેક્સી પર પ્રતિબંધ,આરટીઓને મળેલી ફરિયાદો અને રીક્ષા ચાલકોની માંગણીને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવાયો છે. આગામી એક મહિના સુધી સેવા બંધ રહેશે. અમદાવાદ શહેરમાં રેપીડો, ઓલા અને ઉબેર જેવી બાઈક ટેક્સી સેવાઓ પર પ્રતિબંધ ફરમાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદ આરટીઓને મળેલી ફરિયાદો અને રીક્ષા ચાલકોની માંગણીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી એક મહિના સુધી આ એપ્લિકેશન દ્વારા ચાલતી બાઈક ટેક્સી સેવા બંધ રહેશે. આ ત્રણેય કંપનીઓ પાસે થ્રી વ્હીલર ચલાવવા માટે આરટીઆનું એગ્રીગેટર લાયસન્સ હોવા છતાં, ટુ-વ્હીલર ચલાવવા માટેનું લાયસન્સ કોઈપણ કંપની પાસે નથી.

### અમદાવાદમાં પાસપોર્ટ અરજદારોમાં ૧ વર્ષમાં ૧૦ ટકાનો ઘટાડો થયો

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

ગુજરાતમાં પાસપોર્ટ માટે અરજી કરનારાઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે. વર્ષ ૨૦૨૪માં અમદાવાદ રિજનલ પાસપોર્ટ ઓફિસમાં પાસપોર્ટ માટેની અરજીઓમાં ૧૦%નો ઘટાડો થયો છે. અમદાવાદમાં પાસપોર્ટ અરજદારોમાં ૧ વર્ષમાં ૧૦ ટકાનો ઘટાડો થયો છે. અમદાવાદમાં વર્ષ ૨૦૨૪માં ૮.૧૨ લાખ પાસપોર્ટ ઈશ્યૂ કરાયા હતા, જ્યારે વર્ષ ૨૦૨૩માં ૮.૫૨ લાખ પાસપોર્ટ ઈશ્યૂ કરાયા હતા.ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ૮.૧૨ લાખ પાસપોર્ટ જારી કરવામાં આવ્યા છે. ગુજરાતમાં વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં વિદેશ અભ્યાસ માટે જતા હોવાથી પાસપોર્ટ માટેની માંગ વધુ હોય છે. પરંતુ આ વર્ષે આ સંખ્યામાં ૧૦% નો ઘટાડો થયો છે. વેકેશનમાં વિદેશ ફરવા જવાનો ક્રેઝ હોવા છતાં આ વર્ષે લોકો વિદેશ જવાનું ટાળી રહ્યા છે. અમદાવાદ રિજનલ પાસપોર્ટ ઓફિસને પાસપોર્ટ માટે વર્ષ ૨૦૨૩માં ૮.૭૦ લાખ અરજીઓ મળી હતી, જ્યારે વર્ષ ૨૦૨૪માં પાસપોર્ટ માટે ૭.૯૨ લાખ અરજીઓ મળી હતી. આ અંગે અમદાવાદ રિજનલ પાસપોર્ટ ઓફિસના અધિકારી અભિજીત શુક્લાને ટાંકીને એક અહેવાલમાં જણાવવામાં આવ્યું કે પાસપોર્ટ માટે વર્ષ ૨૦૨૪માં પાંચ સ્પેશિયલ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું.

#### દસ્ક્રોઈ પૂર્વ ઝોનની તાલુકા કક્ષા કબડ્ડી સ્પર્ધાઓ યોજાઈ

## વસ્ત્રાલની દેવસ્ય ઇન્ટરનેશનલ સ્કૂલ ખાતે અંડર ૧૪, અંડર ૧૭ અને ઓપન એજ ગ્રુપમાં કબડ્ડી સ્પર્ધાઓ યોજાઈ



। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત અમદાવાદ જિલ્લાની દસ્ક્રોઈ પૂર્વ ઝોનની તાલુકા કક્ષા કબડ્ડી સ્પર્ધાઓ વસ્ત્રાલની દેવસ્ય ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે યોજાઈ હતી. આ પ્રસંગે અમદાવાદ ગ્રામ્યના જિલ્લા રમતગમત અધિકારી ડો. અમિત ચૌધરીએ ઉપસ્થિત રહીને ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યાં હતા. ભાઈઓ અને બહેનો માટે અંડર ૧૪, અંડર ૧૭ અને ઓપન એજ ગ્રુપમાં યોજાયેલી કબડ્ડી સ્પર્ધાઓમાં કુલ ૫૧ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં અંડર ૧૪માં ભાઈઓની ૧૪ અને બહેનોની ૧૨ ટીમો, અંડર ૧૭ વયજૂથમાં ભાઈઓની ૯ અને બહેનોની ૮ ટીમો તથા ઓપન એજ વયજૂથમાં ભાઈઓની ૫ અને બહેનોની ૩ ટીમોએ ભાગ લીધો હતો. તાલુકા કક્ષાની સ્પર્ધાઓની વિજેતા ટીમો જિલ્લા કક્ષાએ ભાગ લેશે.



#### હાઈકોર્ટનો આદેશ રદ કરાયો

## મોરબી પુલ કાંડમાં CBI તપાસ માટે પીડિતોને ફ્રેશ પિટિશન કરવા સુપ્રીમ કોર્ટે છૂટ આપી

### પિટિશનનો નિર્ણય તેના ગુણદોષના આધારે જ કરવાનો રહેશે અને એ સમગ્ર પ્રક્રિયા અલાયદી રહેશે

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

મોરબીના ઐતિહાસિક ઝૂલતા પુલ કાંડના મામલે ચાલી રહેલી ફોજદારી તપાસ CBIને સોંપવાની દાદ માગતી અપીલનો સુપ્રીમ કોર્ટે નિકાલ કર્યો છે. જોકે સુપ્રીમ કોર્ટના જસ્ટિસ એમ.એમ. સુંદ્રેશ અને જસ્ટિસ રાજેશ બિંદલની ખંડપીઠે એવો મહત્ત્વપૂર્ણ આદેશ પણ કર્યો છે કે અમે અરજદારોને આ મામલે બંધારણના અનુચ્છેદ ૩૨ અન્વયે આ મુદ્દે ફ્રેશ રિટ પિટિશન કરવાની છૂટ આપીએ છીએ. જે પિટિશનનો નિર્ણય તેના ગુણદોષના આધારે જ કરવાનો રહેશે અને એ સમગ્ર પ્રક્રિયા અલાયદી રહેશે. જેમાં હાઈકોર્ટે તેના ચુકાદામાં આપેલા કારણો અને અવલોકનોની કોઇ અસર રહેશે નહીં. આ સમગ્ર મામલે મોરબી ટ્રેજેડી વિક્ટિમ્સ એસોસિએશન અને અન્ય પીડિતો દ્વારા હાઈકોર્ટના આદેશની સામે સુપ્રીમ કોર્ટ સમક્ષ એડવોકેટ મારફતે સ્પેશિયલ લીવ પિટિશન ફાઈલ કરવામાં આવી હતી. જેમાં એ મતલબના મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા હતાં કે અરજદાર એસોસિએશન મોરબી કાંડમાં મૃત્યુ પામેલા ૧૧૩ પીડિતોના સ્વજનો અને કુટુંબીજનો સાથે સંકળાયેલું છે. જેમણે હાઈકોર્ટ સમક્ષ આ કેસમાં CBI તપાસની માગ કરતી અરજી કરી હતી.

જે અરજીને નામદાર હાઈકોર્ટ દ્વારા રદ કરવામાં આવી હતી, પરંતુ એ નિર્ણય ભૂલભરેલો હોઈ તેની સામે સુપ્રીમ કોર્ટ સમક્ષ અપીલ કરવામાં આવી છે. જેથી નામદાર સુપ્રીમ કોર્ટ યોગ્ય આદેશ કરી આપે. જે અપીલનો નિકાલ કરતાં સુપ્રીમે અરજદારોને ફ્રેશ પિટિશન કરવાની છૂટ આપી છે. ઉલ્લેખનીય છે કે અરજદાર પીડિતો દ્વારા હાઈકોર્ટ સમક્ષ ચાલી રહેલી સુઓમોટો જાહેરહિતની અરજીની અંદર જ એક વધારાની અરજી કરીને CBI તપાસ ઉપરાંત ચાર્જશિટ સહિતના કાર્યવાહી રદ કરવા તથા તત્કાલીન કલેક્ટર અને મોરબી નગરપાલિકાના અધિકારીઓની જવાબદારી નક્કી કરી કાર્યવાહી કરવાની દાદ માગવામાં આવી હતી. જે અરજી ૧૭મી ઓક્ટોબરે હાઈકોર્ટે રદ કરી હતી. જેના આદેશમાં ખંડપીઠે નોંધ્યું હતું કે સેશન્સ કોર્ટ સમક્ષ પેન્ડિંગ ટ્રાયલની તપાસ અને ચાર્જશીટને રદ કરવાની અને સ્વતંત્ર એજન્સી CBIને તપાસ આપવાની દાદ ફગાવવામાં આવે છે. આ જાહેરહિતની અરજીમાં કોર્ટ પીડિતોના પુનર્વસન સંદર્ભે જ ચિંતિત છે અને એ જ કોર્ટ સમક્ષનો મુખ્ય મુદ્દો છે. જાહેરહિતની અરજીમાં કોર્ટ તપાસની ખરાઈ સંદર્ભે વિચારણા કરી શકે નહીં, તેથી આ અરજી રદ કરવામાં આવે છે.

## અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે પર ગમખ્વાર અકસ્માત થયો

। (એજન્સી) અંકલેશ્વર, તા.૮ ।

ભરૂચના અંકલેશ્વરથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. અહીં નેશનલ હાઈવે નંબર ૪૮ પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જ્યાં એક પૂરપાટ દોડતી કાર ટ્રકના પાછળમાં ઘૂસી જતાં ભયાનક ટક્કર થઈ હતી. આ દુર્ઘટનામાં કારમાં સવાર ૭ લોકો પૈકી ૩ ઘટનાસ્થળે જ મૃત્યુ પામી જતાં માહોલ ગમગીન બની ગયો હતો. અંકલેશ્વરના બાકરોલ નજીક આ ગમખ્વાર અકસ્માત થયો હતો. કારમાં સવાર અન્ય ૪ લોકોની હાલત પણ ગંભીર હોવાની જાણકારી મળી રહી છે. જેમને એમ્બ્યુલન્સની મદદથી સારવાર અર્થે ભરૂચની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. આ મામલે પોલીસે જણાવ્યું કે કારની ટક્કર એટલી ભીષણ હતી કે કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. ઈજાગ્રસ્તોને બચાવવા માટે ક્રેન બોલાવવી પડી હતી. અકસ્માત બાદ લાંબો ટ્રાફિક જામ પણ થઈ ગયો હતો. હાલ આ મામલે પોલીસે કેસ નોંધીને આગળની કાર્યવાહી શરૂ કરી દીધી છે. માહિતી અનુસાર આ કારમાં સવાર પરિવારના સભ્યો મુંબઈ તરફ જઈ રહ્યા હતા. અર્ટિગા કારની હાલત એવી થઈ ગઈ હતી કે જેને જોઈને કોઈને વિશ્વાસ જ ન થાય કે તેમાંથી કોઈનો જીવ બચ્યો હશે.

#### ગાય પર લગાવવામાં આવેલી ચીપના આધારે પશુ માલિકોની ઓળખ કરવામાં આવી

## શહેરમાં રખડતાં ઢોરની ફરિયાદ બાદ ચેકિંગ, 3 પશુમાલિકોના લાઈસન્સ રદ

### CNCD વિભાગ દ્વારા જાન્યુઆરી માસના ૭ દિવસમાં જ ૭૧ રખડતા ઢોર પકડવામાં આવ્યા છે

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના CNCD વિભાગ દ્વારા ગોતા વોર્ડમાં સોલા, ઈસનપુર- ઘોડાસર અને નરોડા વોર્ડમાં રખડતા ઢોર જોવા મળતાં ત્રણ પશુ માલિકોના લાયન્સ રદ કરવામાં આવ્યા છે. ટીમ દ્વારા ચેકિંગ દરમિયાન રખડતી ગાય પર લાગેલી ચીપના લીધે તેના પશુ માલિકની ઓળખ કરવામાં આવી હતી. લાઈસન્સ રદ થવાના પગલે હવે ત્રણેય પશુ માલિકો પોતાની પાસે પશુઓ રાખી શકશે નહીં, અને તેમની પાસેના તમામ પશુઓ તેમણે શહેરની બહાર ખસેડવા પડશે. CNCD વિભાગ દ્વારા જાન્યુઆરી માસના ૭ દિવસમાં જ ૭૧ રખડતા ઢોર પકડવામાં આવ્યા છે. જુલાઈ-૨૦૨૪થી ડિસેમ્બર- ૨૦૨૪ સુધીના ૬ માસના સમય દરમિયાન ૩૧૯૧ રખડતા ઢોર પકડવામાં આવ્યા છે. શહેરના ચાંદખેડા, મોટેરા, સાબરમતી, નવાવાડજ, રાણીપ, ન્યુ રાણીપ, ઓઢવ, નરોડા, નિકોલ, સોલા, ચાણક્યપુરી, ઈસનપુર, ગોતા, નવા નિકોલ, વસ્ત્રાલ, અમરાઈવાડી, વિરાટનગર સહિતના વિસ્તારોમાં ખૂબ ઢોર રખડતા જોવા મળી રહ્યા છે. શહેરમાં વિવિધ વિસ્તારોમાં રખડતા ઢોર અંગેની ફરિયાદો મળવાને પગલે CNCD વિભાગની ટીમ દ્વારા ઢોર પકડવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં શહેરમાં ૧૦૭૭ જેટલા પશુ માલિકોને લાઈસન્સ આપવામાં આવ્યા છે.ગુજરાત હાઈકોર્ટ દ્વારા આકરી ઝાટકણી કાઢવામાં આવ્યા પછી મ્યુનિ.ના CNCD વિભાગ દ્વારા રખડતા ઢોર પકડવા માટેની સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. શહેરમાં ફક્ત લાઈસન્સ ધારકોને જ પશુઓ રાખવા માટેની મંજૂરી આપવામાં આવી હતી.

### અમરેલીમાં ખનીજ ચોરી અને ઓવરલોડ વાહનો સામે કડક કાર્યવાહી

। અમરેલી, તા.૮ ।

અમરેલીમાં કલેક્ટરે ગેરકાયદેસર ખનીજ ચોરી અને બિનઅધિકૃત રીતે ઓવરલોડ દોડતા વાહનો સામે તવાઈ બોલાવી, ટ્રક,ડમ્પર,ટ્રેક્ટર સહીત ૪૦ જેટલા ભારે વાહનો જપ્ત કરી ૩ કરોડ કરતા પણ વધુનો મુદામાલ જપ્ત કર્યો. અમરેલી જિલ્લા કલેક્ટર અજય દહિયાના માર્ગદર્શન હેઠળ, જિલ્લા તંત્ર દ્વારા ગેરકાયદેસર ખનીજ ચોરી અને ઓવરલોડ વાહનો સામે સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહીમાં નદીઓની આસપાસની વિસ્તાર અને માર્ગો પર તપાસ કરીને ૪૦ જેટલા બિનઅધિકૃત વાહનોને જપ્ત કરવામાં આવ્યા છે. આ સાથે જ રૂ. ૩ કરોડ રૂપિયાથી વધુનો મુદ્દામાલ પણ કબજે કરવામાં આવ્યો છે. અમરેલી જિલ્લાના જાફરાબાદ, ખાંભા, લાઠી, રાજુલા સહિતના વિસ્તારોમાંથી આ વાહનો ઝડપ યા છે. આ વાહનોમાં ખનિજ તરીકે બલેક્ટ્રેપ પથ્થર, બેલા, રેતી જેવા મટિરિયલ ભરેલા હતા. આ કાર્યવાહી અમરેલી જિલ્લામાં આ પ્રકારના ગેરકાયદેસર કાર્યોને અંકુશમાં લેવાના દિશામાં એક મહત્વનું પગલું માનવામાં આવે છે.

## સુરત રેલવે સ્ટેશનને વર્લ્ડ ક્લાસ બનાવવા તડામાર તૈયારી

। (એજન્સી) સુરત, તા.૮ ।

સુરત રેલ્વે સ્ટેશનને આધુનિક બનાવવાની કામગીરી ચાલી રહી છે. પ્લેટફોર્મ ૨, ૩ પર કોક્રોર્સ વર્કને લંબાવવા ૬૦ દિવસ એટલે કો બે મહિના પ્લેટફોર્મ બંધ રાખવામાં આવશે. લોકોને સરળતા રહે તેથી રેલ્વે તંત્રએ ઊઈ કોડ પણ જાહેર કર્યા છે.

૮ જાન્યુઆરીથી પ્લેટફોર્મ બંધ રહેશે. પ્લેટફોર્મ બંધ રહેતા બધી ટ્રેનો ઉધના સ્ટેશનથી દોડશે, ૨૦૧ ટ્રેનો દોડાવવામાં આવશે. અન્ય ૧૬૪ ટ્રેનો પ્લેટફોર્મ ૧ અને ૪ પરથી દોડશે. વંદેભારત, રાજધાની, તેજસ, શતાબ્દી, અવધ જેવી ૬૨ ટ્રેનો પ્લેટફોર્મ ૧, ૪ પરથી દોડશે. પશ્ચિમ રેલવે દ્વારા સુરત અને ઉધના સ્ટેશનના વિવિધ એરિયામાં ઊઇ કોર્ડ સ્કેનર મૂકી દેવામાં આવ્યા છે. જેથી કોઈપણ મુસાફરને સમસ્યા સર્જાઈ તો તે સ્કેન કરવાથી તમામ માહિતી મળી જશે. આ સાથે જ મુસાફર ટ્રેનની ટિકિટ બુક કરાવશે ત્યારે જ તેને SMS દ્વારા તેઓને સ્ટેશન તેમજ પ્લેટફોર્મ અંગેની માહિતી મળી જશે. જેથી મુસાફરોને હાલાકી વેઠવી પડશે નહીં. તેમજ સુરત, ઉધના, ભેસ્તાન, નવસારી સહિત વલસાડ સુધીના સ્ટેશન પર હેલ્પ ડેસ્ક અને સોશિયલ મીડિયાના એટલે કે, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, યુટ્યુબ અને X સહિતના પ્લેટફોર્મ પર પ્રચાર-પસાર કરવામાં આવશે. તેમજ બેનર અને પોસ્ટર પણ લગાવવામાં આવશે.




## વિશેષ

#### શાસ્ત્રીનગર ખાતે મહિલાઓ માટે ટ્રાફિક અને સુરક્ષા જાગૃતિ સેમિનાર યોજાયો

# આરટીઓ અમદાવાદ અને જાગો ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા સેમિનારમાં ૨૦૦ જેટલી મહિલાઓએ ભાગ લીધો

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

માર્ગ સલામતી માસ ૨૦૨૫ અંતર્ગત અમદાવાદના શાસ્ત્રીનગર ખાતે મહિલાઓ માટે ટ્રાફિક અને સુરક્ષા જાગૃતિ સેમિનાર યોજાયો હતો. આરટીઓ અમદાવાદ અને જાગો ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા સેમિનારમાં ૨૦૦ જેટલી મહિલાઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં શહેરના જાણીતા રોડ સેફટી તજજ્ઞ ડો.પ્રવીણ કાનાબાર તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ડોક્ટર કાનાબારે ઉપસ્થિત મહિલાઓને વાહન ચલાવવા બાબતે રોડ સેફ્ટી અને જાગૃતતા અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ આ પ્રસંગે ઉપસ્થિત આરટીઓ અધિકારીશ્રીએ આરટીઓ દ્વારા અમલી લાઈસન્સની પ્રક્રિયા તથા ઓનલાઈન માધ્યમથી મહિલાઓ લાઇસન્સ કેવી રીતે મેળવી શકે એ અંગે સમજૂતી આપી હતી. સાથે જ, તેમણે મહિલાઓને સ્કીલ ડ્રાઈવિંગ થકી કોમર્શિયલ રોજગારી કેવી રીતે મેળવી શકાય તે અંગે અને સુરક્ષિત મુસાફરી અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વધુમાં, કાર્યક્રમમાં મહિલાઓને માર્ગ સલામતી અંતર્ગત પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. આ પ્રસંગે ક્વિઝમાં વિજેતા બનનાર મહિલાઓને હેલ્મેટથી સન્માનવામાં આવી હતી.









માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## અમેરિકન આરોપોના મામલામાં યુએસ કોંગ્રેસનું પણ સમર્થન

। (એજન્સી) વોશિંગ્ટન, તા. ૮ ।

અમેરિકામાં ભારતીય અબજોપતિ ગૌતમ અદાણી માટે સારા સમાચાર આવ્યા છે. અમેરિકામાં બિડેન વહીવટીતંત્ર દરમિયાન શરૂ થયેલી તપાસમાં ગૌતમ અદાણીને મોટી રાહત મળી છે. તેમને આ મામલે અમેરિકન કોંગ્રેસ સાંસદનું સમર્થન મળ્યું છે. રિપબ્લિકન સાંસદ લાન્સ ગુડને ભારતીય અબજોપતિ ગૌતમ અદાણીની પ્રવૃત્તિઓની તપાસ કરવાના બિડેન વહીવટીતંત્રના નિર્ણયને પડકાર્યો છે. તેમણે ૭ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ યુએસ એટર્ની જનરલ મેરિક ગારલેન્ડને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે આવી પસંદગીયુક્ત ક્રિયાઓ ભારત જેવા મહત્ત્વના સહયોગીઓ સાથેના મહત્વપૂર્ણ જોડાણને નબળી બનાવી શકે છે. વધુમાં, હાઉસ જ્યુડિશિયરી કમિટીના સભ્ય એમપી લાન્સ ગુડને યુએસ એટર્ની જનરલ મેરિક બી ગારલેન્ડને લખેલા સખત શબ્દોમાં પત્રમાં પૂછ્યું કે જો ભારત પ્રત્યાર્પણની વિનંતીનું પાલન કરવાનો ઈનકાર કરશે તો યુએસ શું કરે છે. ગુડને ન્યાય વિભાગની વિદેશી સંસ્થાઓની પસંદગીયુક્ત કાર્યવાહી વિશે પણ જવાબો માંગ્યા હતા.

## હવે તૂ તારી કરીને પોલીસ વાત કરી શકશે નહીં

। (એજન્સી) આગરા, તા.૮ ।

પોલીસ સ્ટેશનમાં જતાં સામાન્ય લોકોના પગ ડગમગવા લાગે છે. વાત કરતા પણ ડર લાગે છે. પણ હવે પોલીસ કે જેનો મિજાજ કડક અને સહજ નથી, તેમને સુધારવાનું અભિયાન શરૂ થયું છે. આગરા પોલીસ કમિશ્નર જે રવિન્દ્ર ગૌડે શિષ્ટાચાર સંવાદ નીતિની શરૂઆત કરી છે. આગરા પોલીસ હવે તુમ અથવા તૂના લહેકામાં નહીં પણ આપ કહીને લોકોને સંબોધન કરશે. સાથે જ ફોન આવતા સૌથી પહેલા નમસ્તે કહીને વાત કરશે. નવા વર્ષ પર નવા ક્લેવર સાથે આગરા પોલીસ દેખાઈ રહી છે. હવે આગરા પોલીસ કમિશ્નરેટમાં પોલીસના વલણને બદલવા માટે પોલીસ કમિશ્નર જે રવિન્દ્ર ગૌડે અભિયાન શરૂ કર્યું છે અને તમામ પોલીસ અધિકારીઓને આદેશ આપ્યા છે. કહ્યું કે, જો કોઈ પણ ફરિયાદી પોલીસ સ્ટેશનમાં આવે તો સૌથી પહેલા ઊભા થઈને તેમનું સ્વાગત કરે, બાદમાં ચા-નાસ્તો કરાવાની સાથે જ તેમને ફરિયાદ સાંભળો. પહેલા જે પોલીસ તૂ, તાડુકીને વાત કરતી હતી, તે હવે આપ, શ્રીમાન જેવા સંબોધન કરીને વાત કરશે. તેની દેખરેખ માટે આગરાના તમામ પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા પણ લગાવવામાં આવી રહ્યા છે. જેનાથી તમામ પર નજર રાખી શકાશે. સાથે જ જો કોઈ થાણેદાર પોતાના વલણમાં બદલાવ નહીં લાવે તો તેમના પર કાર્યવાહી થશે.

## પુત્રવધુ નિરાધાર સાસુને દર મહિને ૧૦ હજાર રૂપિયા આપે

। (એજન્સી) ચંદીગઢ, તા.૮ ।

અનુકંપા નિયુક્તિ અંગે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે મોટો ચુકાદો આપ્યો છે. કોર્ટે ક હ્યું છે કે પતિના મોત બાદ અનુકંપા એટલે કે રહમરાહે નોકરી મેળવનારી મહિલાએ પોતાની સાસુને ભરણ પોષણ ભથ્થું આપવું પડી શકે છે. કોર્ટનું કહેવું છે કે CrPC ની કલમ ૧૨૫ હેઠળ વહુ પર સાસુ સસરાના ભરણપોષણની જવાબદારી નથી પરંતુ ન્યાય માટે અપવાદ કહી શકાય. જસ્ટિસ હરપ્રીત સિંહ બરાડની બેન્ચ આ મામલે સુનાવણી કરી રહી હતી. બેન્ચે ફેમિલી કોર્ટના આદેશને યથાવત રાખ્યો છે. જેમાં મહિલાને સાસુને દર મહિને ૧૦ હજાર રૂપિયા આપવાનો આદેશ અપાયો છે. અરજીકર્તા મહિલાને વર્ષ ૨૦૦૨માં પતિના મોત બાદ વર્ષ ૨૦૦૫માં રેલવે કોચ ફેક્ટ્રી તરફથી જૂનિયર ક્લાર્કનું પદ અપાયું હતું. ત્યારબાદ તે પોતાના પુત્ર સાથે સાસરું છોડીને જતી રહી. વર્ષ ૨૦૨૨માં તેની સાસુ સોનીપતની ફેમિલી કોર્ટમાં પહોંચી અને ભરણપોષણ ભથ્થું આપવાની માંગણી કરી.



જમ્મુમાં ઠંડી વધુ હોવાથી યુવતીઓ ગાઢ ધુમ્મસમાંથી પસાર થઈ રહી છે.

# ભાજપ સાથે જોડાયેલા સાધુ-સંતો સહિત ૧૦૦ લોકો આપમાં જોડાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૮ ।

દિલ્હીમાં અરવિંદ કેજરીવાલ સનાતનના નામે મોટો રાજકીય દાવ રમ્યા છે. ભાજપની મંદિર સમિતિ સાથે સંકળાયેલા સેંકડો લોકોને બરાબર ચૂંટણી પહેલાં જ તેમના પક્ષમાં સામેલ કરી દીધા છે. દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે ૫ ફેબ્રુઆરીએ મતદાન થવાનું છે. પરિણામ ૮ ફેબ્રુઆરીએ જાહેર કરવામાં આવશે. હવે ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટી (AAP)એ ભારતીય જનતા પાર્ટી (BJP)ને મોટો ઝટકો આપ્યો છે. ભાજપ મંદિર સેલના ઘણા કાર્યકરો આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. બુધવારે આમ આદમી પાર્ટી તેની નવી પાંખ 'સનાતન સેવા સમિતિ'ની જાહેરાત કરવા જઈ રહી છે. આ દરમિયાન પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ સિવાય ઘણા વરિષ્ઠ નેતાઓ હાજર છે. મંદિર સેલના ઘણા સભ્યોના AAPમાં જોડાવાને ભાજપ માં મોટો ભંગ માનવામાં આવી રહ્યો છે. તાજેતરમાં જ દિલ્હીના સીએમ આતિશીએ પૂજારી-ગ્રંથી સન્માન યોજનાની જાહેરાત કરી હતી. જે અંતર્ગત AAPની સરકાર બન્યા બાદ પૂજારીઓને દર મહિને ૧૮ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરવામાં આવી હતી. આ નિર્ણયને દિલ્હીના પૂજારીઓએ આવકાર્યો હતો. આ યોજના માટે કેજરીવાલનો આભાર માન્યો હતો. બુધવારે જિતેન્દ્ર શર્મા, વિજય શર્મા,



મનીષ ગુપ્તા, બ્રજેશ શર્મા, દુષ્યંત શર્મા અને બીજેપી મંદિર સેલના ઉદયકાંત ઝા છછઁમાં જોડાયા છે. આ દરમિયાન અરવિંદ કેજરીવાલે ભાજપ પર નિશાન સાધ્યું હતું. કેજરીવાલે કહ્યું કે મંદિર સેલ બીજેપી દ્વારા બનાવવામાં આવ્યું છે. પરંતુ વચનો આપવા સિવાય કશું કર્યું નથી. દિલ્હીમાં આમ આદમીની સરકાર બન્યા પછી શિક્ષણ અને આરોગ્યની ક્રાંતિ શરૂ થઈ. આજે તેમને એવા લોકોની સેવા કરવાની તક મળી છે જેઓ સનાતન ધર્મ માટે કામ કરી રહ્યા છે. અમે આ માટે ભગવાનનો આભાર માનીએ છીએ. અમે જે કહ્યું તે અમે ચોક્કસપણે પૂર્ણ કર્યું. કેજરીવાલે કહ્યું કે, 'રઘુકુળ રીતિ સદા ચલી આઈ, પ્રાણ જાયે પર વચન ન જાયે' આ જ રીતે આપણા વચન નિભાવીશું.

## મમતા-અખિલેશ બાદ I.N.D.I.A.ના વધુ એક સાથીનો AAPને ટેકો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

બિહારના પૂર્વ ઉપમુખ્યમંત્રી તેજસ્વી યાદવે પણ દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં રાષ્ટ્રીય જનતા દળ(RJD)ની લડવાની શક્યતાઓ અંગે નિવેદન જાહેર કર્યું છે. તેમણે કહ્યું કે અમારી પાર્ટીને હજુ નિર્ણય લીધો નથી કે અમે દિલ્હીની ચૂંટણીમાં લડીશું કે નહીં. જોકે દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં I.N.D.I.A. ગઠબંધન તૂટવા અંગે તેમણે કહ્યું કે આ પહેલાથી જ નક્કી હતું કે I.N.D.I.A. ગઠબંધન ફક્ત લોકસભા પૂરતું જ રહેશ. જો બિહારની વાત થશે તો અહીં અમે બધા લોકો પહેલેથી જ એકજૂટ હતા. બિહાર વિધાનસભા ચૂંટણી સંબંધિત સવાલ પર તેજસ્વી યાદવે કહ્યું કે આ વખતે સરકાર બનાવવાનું લક્ષ્ય છે. પહેલા અમારી સાથે અન્યાય થયો અને ૬-૭ સીટથી અમે સરકાર બનાવતા રહી ગયા. બિહાર પરિવર્તન ઈચ્છે છે. પ્રજા હવે નવી બ્રાન્ડ ઈચ્છે છે.

## ICC ચેમ્પિયન્સ ટ્રોફીને લઈને ભારતીય ટીમની જાહેરાત ટૂંકમાં થશે

### ઓસ્ટ્રેલિયામાં શાનદાર પ્રદર્શન કરનાર જયસ્વાલને તક આપવામાં આવે તેવા સમાચારે જોર પકડ્યું છે




। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ICC ચેમ્પિયન્સ ટ્રોફીને લઈને ભારતીય ટીમની જાહેરાત ટૂંક સમયમાં થનાર છે. સિલેક્ટર્સ સામે બોર્ડર ગાવસ્કર ટ્રોફીની હાર બાદ એક એવી ટીમ પસંદ કરવાની જવાબદારી છે, જે હારના દાગને ધોઈ શકે. ઓસ્ટ્રેલિયામાં શાનદાર પ્રદર્શન કરનાર યશસ્વી જયસ્વાલને ચેમ્પિયન્સ ટ્રોફીમાં તક આપવામાં આવે તેવા સમાચારે જોર પકડ્યું છે. ૨૩ વર્ષનો ઓપનર રોહિત શર્મા સાથે ઈનિંગની શરૂઆત કરવા માટે પહેલી પસંદ બની શકે છે. તેને ઓસ્ટ્રેલિયામાં રન બનાવવા માટે સંઘર્ષ કરનાર શુભમન ગિલ કરતા વધુ મહત્વ આપવામાં આવી શકે છે. ભલે ટીમ ઈન્ડિયાએ હાલની સિરીઝમાં સારું પ્રદર્શન કર્યું ન હોય, પરંતુ ચેમ્પિયન્સ ટ્રોફી જીતીને દાવેદાર માનવામાં આવી રહી છે. કેપ્ટન રોહિત શર્મા બોર્ડર ગાવસ્કર ટ્રોફીની હારને ભૂલાવીને આગળ વધવા માંગશે. ટેસ્ટમાં ભલે તે સારું પ્રદર્શન કરી શક્યો નહીં પરંતુ વનડેમાં તે ઘાતક સાબિત થઈ શકે છે. આઈસીસી વનડે વર્લ્ડ કપ ૨૦૨૩માં શુભમન ગિલે કેપ્ટન સાથે ઈનિંગની શરૂઆત કરી હતી, પરંતુ ચેમ્પિયન્સ ટ્રોફીમાં તેની જગ્યા જોખમમાં જોવા મળી રહી છે. ૨૫ વર્ષના શુભમન ગિલનું પ્રદર્શન છેલ્લા કેટલાક મહિનામાં સારું રહ્યું નથી. તેનાથી વિપરીત ૨૩ વર્ષના યશસ્વી જયસ્વાલે શાનદાર બેટિંગ કરી છે. તેણે ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ સિરીઝમાં ભારત તરફથી સૌથી વધુ રન બનાવ્યાં હતા. ૫ મેચની ૧૦ ઈનિંગમાં ૧ સદી અને ૨ અડધી સદીના આધારે ૩૯૧ રન બનાવ્યાં હતા. તે સિવાય કોઈ ભારતીય ૩૦૦ રન પણ બનાવી શક્યો નહોતો. ઈન ફોર્મ યશસ્વીને ચેમ્પિયન્સ ટ્રોફીમાં રોહિત શર્માની સાથે ઓપનિંગમાં તક મળી શકે છે.

### બર્થડે પર ફેન્સને આપી ગિફ્ટ, ટોક્સિકનું ટીઝર રિલીઝ

# મોઢામાં સિગરેટ સાથે ફુલ સ્વેગમાં જોવા મળ્યો યશ

### તેની આગામી ફિલ્મ 'ટોક્સિક'ના ટીઝરમાં દમદાર લુકમાં જોવા મળી રહ્યો છે : સોશિયલ મીડિયા પર લોકપ્રિય થયું

। (એજન્સી) મુંબઈ, તા.૮ ।

સુપરસ્ટાર યશ આજે પોતાનો ૩૯મો જન્મદિવસ ઉજવી રહ્યો છે. તેના જન્મદિવસ પર તેણે તેના ફેન્સને એક ખાસ ભેટ આપી છે. યશની આગામી ફિલ્મ 'ટોક્સિક'નું ટીઝર રિલીઝ થઈ ગયું છે, જેમાં તે દમદાર લુકમાં જોવા મળી રહ્યો છે. ટીઝર સોશિયલ મીડિયા પર વાયરલ થયું છે અને ફિલ્મને લઈને યશના ફેન્સનું એક્સાઈટમેન્ટ લેવલ વધારી દીધું છે. 'ટોક્સિક'ના ટીઝરમાં કોઈ ડાયલોગ નથી, પરંતુ શાનદાર બેકગ્રાઉન્ડ મ્યુઝિક સાંભળી શકાય છે. ટીઝરમાં જોઈ શકાય છે કે, યશ તેની લક્ઝુરિયસ કારમાંથી નીચે ઉતરે છે અને સિગાર પીતી વખતે ફૂલ સ્વેગમાં ક્લબમાં એન્ટ્રી કરે છે. તેના લુકની વાત કરીએ તો તે વધેલી દાઢી અને ટૂંકા વાળ સાથે જોવા મળે છે. ટીઝરના અંતે, યશ ક્લબની અંદર એક છોકરીને આકર્ષિત કરતો અને તેના પર શેમ્પેનની બોટલ રેડતો જોવા મળે છે. યશના ફેન્સને ફિલ્મનું ટીઝર ખૂબ જ પસંદ આવી રહ્યું છે. લગભગ ૭ વર્ષના ગાળામાં આ તેની ત્રીજી રિલીઝ હશે. તેની પહેલી 'KGF ચેપ્ટર ૧' વર્ષ ૨૦૧૮ માં રિલીઝ થઈ હતી. આ પછી વર્ષ ૨૦૨૨માં સિક્વલ 'KGF ચેપ્ટર ૨' આવી. ૧૦૦ કરોડમાં બનેલી આ ફિલ્મે બોક્સ ઓફિસ પર ૧૨૦૦ કરોડથી વધુની કમાણી કરીને ઈતિહાસ રચ્યો હતો. યશની ફિલ્મ 'ટોક્સિક' ગીતુ મોહનદાસ દ્વારા ડિરેક્ટ કરવામાં આવી રહી છે, જેણે અગાઉ 'મૂથોન' અને 'લાયર્સ ડાઈસ' જેવી ફિલ્મોનું નિર્દેશન કર્યું છે.

## ગ્રીનલેન્ડ-પનામા નહેર પર કબજો કરવા સૈન્ય મોકલતા ખચકાઈશું નહીં

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૮ ।

અમેરિકાના નવ-નિયુક્ત રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શપથ ગ્રહણ પહેલાં જ પોતાના નિવેદનોથી ખળભળાટ મચાવી દીધો છે. ટ્રમ્પની નજર હાલ ગ્રીનલેન્ડ અને પનામા નહેર હાંસલ કરવા પર છે. જેના માટે તેઓએ જરૂર પડ્યે સેનાનો ઉપયોગ કરવાનો પણ સંકેત આપ્યો છે. ટ્રમ્પના આ નિવેદનને આખી દુનિયામાં ખળભળાટ મચાવી દીધો છે. જણાવી દઈએ કે, ડોનાલ્ડ ટ્રમ્પ આગામી ૨૦ જાન્યુઆરીએ અમેરિકાના ૪૭માં રાષ્ટ્રપ્રમુખ તરીકે શપથ લેશે. ટ્રમ્પે મંગળવારે પોતાના એક નિવેદનમાં કહ્યું કે, પનામા નહેર અને ગ્રીનલેન્ડ પર નિયંત્રણ મેળવવા માટે સૈન્ય બળના પ્રયોગી સંભાવનાનો ઈનકાર નહીં કરૂ. અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા માટે બંને પર અમેરિકન નિયંત્રણ મહત્ત્વપૂર્ણ છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ તરીકેનું પદ સંભાળે તે પહેલાં, ડોનાલ્ડ ટ્રમ્પ દીકરા ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર સહિત સહયોગીઓ અને સલાહકારોના પ્રતિનિધિમંડળ સાથે ગ્રીનલેન્ડની મુલાકાતે પહોંચ્યા હતાં. જ્યાં તેઓએ પ્રેસ કોન્ફરન્સમાં પત્રકારો સાથે વાત કરતી વખતે બંને વિસ્તારની સુરક્ષા માટે સેનાના પ્રયોગના વિકલ્પને ખુલ્લો મૂક્યો હતો.

### ૧ કરોડ લોકોને ટ્રેઇનિંગ આપશે

# માઇક્રોસોફ્ટ ભારતમાં ત્રણ અબજ ડોલરનું રોકાણ કરશે

### માઇક્રોસોફ્ટ દ્વારા આ રોકાણ ક્લાઉડ કોમ્પ્યુટિંગ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ક્ષમતાઓના વિસ્તાર માટે કરાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

માઈક્રોસોફ્ટ ભારતમાં પોતાની ક્લાઉડ કોમ્પ્યુટિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષમતાઓનો વિસ્તાર કરવા માટે બે વર્ષમાં ત્રણ અબજ ડોલર (લગભગ ૨૫,૭૦૦ કરોડ રૂપિયા)નું રોકાણ કરશે. કંપનીના ચેરમેન અને સીઈઓ સત્ય નડેલાના જણાવ્યા અનુસાર અમેરિકન ટેક કંપની ૨૦૩૦ સુધી ભારતમાં એક કરોડ લોકોને એઆઈમાં ટ્રેનિંગ આપશે. પ્રસ્તાવિત ત્રણ અબજ ડોલરનું રોકાણ કંપનીની તરફથી કરવામાં આવેલું અત્યાર સુધીનું સૌથી મોટું રોકાણ હશે. નડેલાએ પોતાની ભારત યાત્રા દરમિયાન વડાપ્રધાન મોદીને પણ મળ્યા હતાં. માઈક્રોસોફ્ટ પોતાની ક્લાઉડ કમ્પ્યુટિંગ સર્વિસીસ એઝ્યોર હેઠળ ઉપલબ્ધ કરાવે છે. કંપનીની પાસે ૬૦થી વધુ એઝ્યોર ક્ષેત્ર છે, જેમાં ૩૦૦થી વધુ ડેટા સેન્ટર સામેલ છે. નડેલા છેલ્લા ફેબ્રુઆરી, ૨૦૨૪માં ભારત આવ્યા હતાં અને ત્યારે તેમણે જણાવ્યું હતું કે કંપની ૨૦૨૫ સુધી દેશમાં ૨૦ લાખ લોકોને એઆઈ સ્કીલની તક આપશે.તેનો ઉદ્દેશ મુખ્યત્વે નાના શહેરો અને ગ્રામીણ ક્ષેત્રની વ્યકિતઓને પ્રશિક્ષિત કરવા પર હતો. નડેલાએ જણાવ્યું હતુ કે ભારત એઆઈ સંશોધનમાં ઝડપથી આગળ વધી રહ્યું છે. તેનાથી દેશમાં નવી તકોનું સર્જન થઈ રહ્યું છે. આજે અમે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્કીલમાં રોકાણની જાહેરાત કરી રહ્યાં છે.

### કેરળ હાઇકોર્ટનું મહત્ત્વપૂર્ણ અવલોકન

# મહિલાના શરીરને જોઈ ફાઇન કહેવું પણ યૌન ઉત્પીડન સમાન

### કેરળના હાઈકોર્ટ કહ્યું કે સ્ત્રીના શરીરના બંધારણને “સારું” કહેવું એ પ્રથમદર્શી જાતીય સતામણી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

જો તમે કોઈ મહિલાના શરીરને જોઈને 'ફાઈન' કે 'સુંદર' જેવી કોમેન્ટ કરો છો તો હવેથી સાવધાન રહેવું પડશે. કેમ કે હવે કોઈ પણ મહિલાના શરીરની સુંદરતાને જોઈને જો તમે 'ફાઈન' કે 'સુંદર' જેવી કોમેન્ટ કરી તો તેને જાતીય સતામણી માનવામાં આવશે. હાં, તમે બિલકુલ સાચું સાંભળ્યું, કેરળ હાઈકોર્ટે સોમવારના રોજ જાહેર કર્યું કે જો કોઈ પણ મહિલાના શરીરની સુંદરતાને જોઈને 'ફાઈન' કે 'સુંદર' જોવી કોમેન્ટ કરવાને જાતીય સતામણી માનવામાં આવશે. આના આધારે હાઈકોર્ટે એક અરજદાર વિરુદ્ધ નોંધાયેલી એફઆઈઆર રદ કરવાનો પણ ઈનકાર કરી દીધો હતો. કેરળના હાઈકોર્ટમાં જસ્ટિસ એ બદરુદ્દીને અરજદારની વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા પ્રમાણે ધારા ૩૫૪છ(૧)(iv), ૫૦૯ અને કેરળ પોલીસ અધિનિયમ, ૨૦૧૧ (અધિનિયમ)ની ધારા ૧૨૦ સહિતના ગુનાઓ માટે અરજદાર સામે શરૂ કરવામાં આવેલી ફોજદારી કાર્યવાહીને રદ કરવાનો ઈનકાર કર્યો હતો. ધારા ૩૫૪છમાં જાતીય સતામણી, અભદ્ર કોમેન્ટ માનવામાં આવ્યા છે. તો ધારા ૫૦૯માં સ્ત્રીની નમ્રતાનું અપમાન કરવાના આશયથી કરવામાં આવેલ કૃત્ય માનવામાં આવશે. કેરળ પોલીસ અધિનિયમની ધારા ૧૨૦માં ઉપદ્રવ ફેલાવવા અને જાહેર વ્યવસ્થાનું ઉલ્લંઘન કરવા માટે સજાની પણ જોગવાઈ કરવામાં આવી છે. લાઈવ લોના સમાચાર પ્રમાણે મહિલાએ કહ્યું કે જ્યારે તે કેરળ રાજ્યના વીજ બોર્ડ લિમિટેડના ઈલેક્ટ્રિક સેક્શનમાં કામ કરી રહી હતી, ત્યારે આરોપીએ તેના શરીરને જોઈને 'ફાઈન' કોમેન્ટ કરી હતી. તેની આ કોમેન્ટ જાતીય હતાશાથી ભરેલી હતી. તેને હેરાન કરવામાં આવી હતી. મહિલાએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે તેના મોબાઈલ પર અશ્લીલ મેસેજ પણ મોકલવામાં આવતા હતા. જોકે આરોપીએ આ વાતનો વિરોધ કર્યો હતો. તેણે દલીલ કરતા કહ્યું કે કોઈપણના શરીરની સુંદરતાને જોઈને તેના 'સુંદર' કહેવું તે કોઈ જાતી સતામણી નથી હોતી. IPCની ધારા ૩૫૪છ (૧)(iv) અથવા ૫૦૯ અથવા કેરળ પોલીસ અધિનિયમના કાયદા પ્રમાણે આ કોઈ અપરાધ નથી કહેવાતો. તમામ દલીલો બાદ હાઈકોર્ટે પહેલા આ તમામ ગુનાહો પર વિસ્તારપૂર્વક ચર્ચા કરી હતી.

### બાદમાં સાસુનો ખેલ ખતમ કરી નાખ્યો

# વહુ સાથે સસરાને ચાલતું હતું લફરું, એક દિવસ સાસુ જોઈ ગઈ

### જટહા બજાર વિસ્તારમાં થયેલી મહિલાની હત્યાનો ખુલાસો કરતા મહિલાના પતિ અને વહુની ધરપકડ

। (એજન્સી) કુશીનગર, તા.૮ ।

ઉત્તર પ્રદેશના કુશીનગર પોલીસે ગત ૪ જાન્યુઆરીના રોજ જટહા બજાર વિસ્તારમાં થયેલી મહિલાની હત્યાનો ખુલાસો કરતા મહિલાના પતિ અને વહુની ધરપકડ કરી છે. આડા સંબંધોમાં અડચણ બનતા મહિલાના પતિ અને વહુએ મળીને પહેલા તેની હત્યા કરી અને પછી લાશને શૌચાલયની ટાંકીમાં છુપાવી દીધી. પોલીસની તપાસમાં આડા સંબંધની વાત સામે આવી. જે બાદ પોલીસે પૂછપરછ કરી તો આખો મામલો ખુલીને સામે આવ્યો. પોલીસે મહિલાના પતિ અને તેની વહુની ધરપકડ કર્યા બાદ હત્યાના સાધનો પણ જપ્ત કર્યા. જટહા બજાર પોલીસ સ્ટેશન હદ વિસ્તારના અહિરૌલી ટોલા સુગૌલી ગામમાં ગત ૪ જાન્યુઆરીના રોજ ૪૮ વર્ષીય ગીતા દેવીની લાશ શૌચાલયની ટાંકીમાંથી મળી હતી. મૃતક ગીતા દેવીના દીકરાએ હત્યાની આશંકા વ્યક્ત કરી હતી. ત્યાર બાદ પોલીસે તપાસ શરુ કરી. મૃતક ગીતાનો પતિ ધુરહૂ યાદવ ચૌકીદાર હતો. એટલા માટે પોલીસને તેના પર શંકા નહોતી. પણ ગામમાં લોકોના મોઢે ધુરહૂ અને તેની વહુ ગુડિયા વચ્ચે આડા સંબંધની ચર્ચા સાંભળ્યા બાદ પોલીસે તપાસની દિશા બદલીને તેની વહુ ગુડિયા પર કેન્દ્રિત કરી તો ચોંકાવનારો ખુલાસો થયો. હકીકતમાં જોઈએ તો, ધુરહૂને પોતાની વહુ ગુડિયા સાથે આડા સંબંધ હતા, જેનો મૃતક ગીતા દેવી વિરોધ કરતી હતી. ગીતાને રસ્તામાંથી હટાવવા માટે ગુડિયાએ પોતાના સસરા સાથે મળીને સુતી વખતે ગીતાના માથા પર ધોકાના ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધી અને તેની લાશને સંડાસની ટાંકીમાં છુપાવી દીધી. બંનેએ ગીતા દેવી ગુમ થવાની ફરિયાદ આખા ગામમાં ફેલાવી દીધી. ત્યાર બાદ કોઈને ટાંકી પાસે ગીતાના કપડા દેખાયા તો શંકા ગઈ. ટાંકીનું ઢાંકણ હટાવીને જોયું તો તેમાં ગીતાની લાશ મળી. લાશ મળ્યા બાદ પોલીસે પોસ્ટમોર્ટમ કરાવ્યું. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ઈજા થવાથી ગીતાનું મોત થયું હોવાનું સામે આવ્યુ. જે બાદ પોલીસે તપાસ વધારી તો આખો મામલો ખુલીને સામે આવ્યો. સીઓ સદર અભિષેક પ્રતાપ અંજેયે જણાવ્યું કે, આડા સંબંધોના કારણે ગીતાના પતિ ધુરહૂ અને તેની વહુ ગુડિયાએ મળીને તેની હત્યા કરી.

## તંત્રી લેખ...

# દરેક વ્યક્તિ પાસે હશે લાઇફ અને હેલ્થ પોલિસી

દરેક વ્યક્તિ પાસે લાઈફ ઈન્શ્યોરન્સ પોલિસી અને હેલ્થ પોલિસી હશે. સરકારે તે માટે મજબૂત પ્લાન બનાવ્યો છે. જાહેરાત યુનિયન બજેટ ૨૦૨૫માં થઈ શકે છે. હકીકતમાં સરકારે ૨૦૪૭ સુધી યુનિવર્સલ ઈન્શ્યોરન્સ કવરેજનો ટાર્ગેટ નક્કી કર્યો છે. તેનો મતલબ છે કે સરકારનો પ્રયાસ દરેક વ્યક્તિને હેલ્થ પોલિસી અને લાઈફ ઈન્શ્યોરન્સ પોલિસી ઉપલબ્ધ કરાવવાનો છે. સરકારે તે માટે ૨૦૪૭ સુધીનો ટાર્ગેટ નક્કી કર્યો છે. ઈન્શ્યોરન્સ ઈન્ડસ્ટ્રીના એક્સપર્ટનું કહેવું છે કે આ ટાર્ગેટ ગાસિલ કરવા માટે મોટા રિફોર્મ્સ કરવા પડશે. પીબી ફિનટેકના પ્રમુખ રાજીવ ગુપ્તાએ કહ્યું કે ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ના યુનિયન બજેટમાં નાણામંત્રી મોટા રિફોર્મ્સની જાહેરાત કરી શકે છે. તેમણે કહ્યું- આ યુનિયન બજેટ ફાઈનાન્શિયલી સિક્યોર્ડ અને ઈન્શ્યોર્ડ ઈન્ડિયા બનાવવાની દ્રષ્ટિએ ખુબ મહત્વનું હોઈ શકે છે. તેમણે કહ્યું કે ઈનકમ ટેક્સ એક્ટના સેક્શન ૮૦સીની લિમિટ ૧.૫ લાખ રૂપિયા છે. આ લિમિટ આશરે ૧૦ વર્ષથી વધી નથી. બદલાતા સમય પ્રમાણે આ લિમિટ ખુબ ઓછી પડી રહી છે. તેને તત્કાલ વધારવાની જરૂર છે. ટેક્સ એક્સપર્ટનું કહેવું છે કે સેક્શન ૮૦સી ન માત્ર ટેક્સપેયર્સના ટેક્સનો ભાર હળવો કરવામાં મદદરૂપ છે પરંતુ તે લોકોને લાંગાબાળાના સેવિંગ્સ અને ઈન્વેસ્ટમેન્ટ માટે પણ પ્રોત્સાહિત કરે છે. સેક્શન ૮૦સી હેઠળ ઘણા એવા ઈન્વેસ્ટમેન્ટ અને સેવિંગ્સ વિકલ્પ આવે છે, જેમાં નિયમિત રૂપથી રોકાણ કરી લાંબાગાળે મોટું ફંડ તૈયાર કરી શકાય છે. હ્મ અને ઈન્જીજી તેના ઉદાહરણ છે. બંને ઈન્વેસ્ટમેન્ટના બેસ્ટ ઓપ્શનમાં સામેલ છે. ગુપ્તાએ જણાવ્યું કે સરકાર ટર્મ ઈન્શ્યોરન્સ માટે એક અલગ ટેક્સ એક્ઝેમ્પ્શન કેટેગરીની જાહેરાત કરી શકે છે. તેનાથી લોકો લાઈફ ઈન્શ્યોરન્સ ખરીદવા તરફ આકર્ષિત થશે. તેનાથી પરિવારની આર્થિક સુરક્ષાની ખાતરી કરવામાં મદદ મળશે. પરંતુ સરકારને રેવેન્યુમાં થોડું નુકસાન થશે. પરંતુ તેનાથી પરિવારોની આર્થિક સુરક્ષા વધશે. તેનાથી વેલફેર સ્કીમ પર નિર્ભરતા ઘટશે. જેથી સરકારને લાંબાગાળે પોતાની રાજકીય ખાધ ઘટાડવામાં મદદ મળશે. તેમણે હેલ્થ ઈન્શ્યોરન્સના પ્રીમિયમ પર ડિડક્શનની લિમિટ વધારવાની સલાહ સરકારને આપી છે.

## ભારતીય નૌકાદળ દ્વારા ૬૦-દિવસીય રેઝિલિયન્સ પ્રોગ્રામના ભાગરૂપે માનસિક સ્વાસ્થ્ય પર વર્કશોપનું આયોજન કરાયું





ભારતીય નૌકાદળ દ્વારા તારીખ ૦૭ જાન્યુઆરી ૨૫ના રોજ ડૉ. ડી.એસ. કોઠારી ઓડિટોરિયમ, ડીઆરડીઓ ભવન, નવી દિલ્હી ખાતે આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત આધ્યાત્મિક ગુરૂ સિસ્ટર બીકે શિવાનીની આગેવાનીમાં 'આત્મ-પરિવર્તન અને આંતરિક જાગૃતિ' પર એક પરિવર્તનશીલ વર્કશોપ યોજવામાં આવ્યું હતું. વર્કશોપનું આયોજન નૌકાદળના કર્મચારીઓની માનસિક અને ભાવનાત્મક સ્થિતિ સ્થાપકતાને વધારવા માટે કરવામાં આવ્યું હતું. ચીફ ઓફ મટિરિયલના વાઈસ એડમિરલ કિરણ દેશમુખ મુખ્ય અતિથિ હતા.

વર્કશોપની શરૂઆત સ્વાગત પ્રવચન સાથે થયું અને ત્યારબાદ સિસ્ટર બી.કે. શિવાની દ્વારા બે કલાકના સત્રની શરૂઆત થઈ. વર્કશોપનો ઉદ્દેશ્ય માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ અને ભાવનાત્મક સંતુલન જાળવવા, ખાસ કરીને ઉચ્ચ દબાણવાળી ભૂમિકાઓમાં સેવા આપતા નૌકાદળના કર્મચારીઓમાં વ્યવહારુ સાધનોની વધતી જતી જરૂરિયાતને સંબોધવાનો હતો.

બહેન બી.કે. શિવાનીએ મનના કાર્ય અને આંતરિક સંવાદિતાના મહત્વ વિશેની તેમની ગહન આંતરદષ્ટિથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા. તેમના ગહન અને સંવાદાત્મક સત્રમાં માનસિક તણાવના મૂળ કારણોને સમજવા અને આત્મ જાગરુકતા, ધ્યાન અને સકારાત્મક વિચાર દ્વારા તેને દૂર કરવાની વ્યૂહરચનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરાયું. તેમણે તે વાત ભારપૂર્વક જણાવી હતી કે માનસિક સ્વાસ્થ્યની શરૂઆત આપણા વિચારોથી થાય છે. શાંતિપૂર્ણ, સકારાત્મક અને સશક્તિકરણ વિચારો પસંદ કરીને, આપણે આપણા અનુભવોને બદલી શકીએ છીએ અને સુખી અને સ્વસ્થ જીવન જીવી શકીએ છીએ.

પોતાના સમાપન સંબોધનમાં મટિરિયલના વડાએ આ પહેલની પ્રશંસા કરી, તથા વ્યાવસાયિક તેમજ વ્યક્તિગત પરિપૂર્ણતાની ખાતરી કરવા માટે માનસિક સ્વાસ્થ્યના મહત્વપૂર્ણ મહત્વ પર ભાર મૂક્યો. તેમણે એ પણ જણાવ્યું કે નૌકાદળના કર્મચારીઓની માનસિક સુખાકારી શાંતિપૂર્ણ અને સુમેળભર્યા કાર્ય વાતાવરણ માટે મૂળભૂત છે. મટિરિયલના વડાએ માનસિક સ્વાસ્થ્યની હિમાયત માટે સિસ્ટર બીકે શિવાનીના સમર્પણની પ્રશંસા કરી હતી.

આ વર્કશોપ ભારતીય નૌકાદળ દ્વારા શરૂ કરાયેલ ૬૦-દિવસીય સ્થિતિસ્થાપકતા કાર્યક્રમનો એક ભાગ હતો જેનો હેતુ નૌકાદળના કર્મચારીઓ અને તેમના પરિવારો વચ્ચે માનસિક સ્વાસ્થ્ય અને આંતરિક સંવાદિતા વધારવાનો હતો. આ વર્કશોપે જીવનના તમામ પાસાઓમાં માનસિક સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપવાની જરૂરિયાતલનું મહત્વ દર્શાવતા અને સહભાગીઓને સભાન અને સકારાત્મકતા સાથે જીવવા માટે પ્રેરિત કર્યા હતા. વર્કશોપમાં નૌકાદળના અધિકારીઓ, ખલાસીઓ અને સંરક્ષણ નાગરિકોએ ભાગ લીધો હતો. વર્કશોપની જબરજસ્ત સફળતાએ નૌકાદળના સર્વગ્રાહી સુખાકારી અને ઓપરેશનલ શ્રેષ્ઠતા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું મજબૂત બનાવ્યું વિવિધ પ્રેક્ષકોને આ ઉપયોગી સત્રનો લાભ મળી શકે માટે આ કાર્યક્રમ ભારતીય નૌકાદળની અધિકૃત યુટ્યુબ ચેનલ પર લાઈવ સ્ટ્રીમ કરવામાં આવ્યો હતો.

---

**શહીદીના લક્ષણ શું? શહીદ કોને કહેવાય? અને એની પરખ શું? માનસમાં શહીદી નો ભંડારો છે, સૌ પ્રસાદ લેજો, એટલે કે શહીદીનું બરોબર મુલ્ય સમજજો**

# ધન્ય છે જટાયુ! કે જેને આવતાં જોઈ રાવણને પણ યમરાજ આવ્યો એવું લાગ્યું



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**સાધુ શબ્દ બહુ ગજબનો શબ્દ છે, જગતમાં એનાથી ઊંચો કોઈ શબ્દ નથી, અમારા વૈષ્ણવ સાધુઓમાં નામની પાછળ દાસ લાગે, અથવા તો રામ લાગે! આશીર્વાદ ના આકાર નથી હોતાં, સાધુ પર રામ મંદિર, કૃષ્ણ મંદિર, શંકર મંદિર કે જોગમાયા બેઠી હોય એ મૂળ મંદિરના આશીર્વાદ છે, રામાયણમાં બે બાપ એવા છે, જેમણે પોતાનાં પુત્રનું દાન કર્યું.**

છઠ્ઠા દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ કહ્યું કે માનવ શહીદની મુખ્ય જે ચોપાઈ છે એમાં શહીદના લક્ષણો કયાં છે? શહીદની પરિભાષા કઈ છે? શહીદ કોને કહેવાય? ઈતિહાસમાં શહીદીઓ અપાતી જ રહે છે. મહાત્મા ગાંધીબાપુની શહીદી તો વિશ્વનાં સ્વાતંત્ર્ય માટે મુખ્ય ઉદાહરણ છે. માર્ટીન લ્યુથર પણ શહીદ થયાં, સોક્રેટિસ પણ શહીદ થયા. કરબલામાં કબીલા વચ્ચે ૭૨ જણાં એ પ્રાણ ત્યાગ કર્યો એ બલિદાન પણ શહીદી જ છે. જગત આખામાં સંસ્કૃતિ મૂલ્યો માટે શહીદીઓ અપાતી રહી છે, કોઈએ સત્ય માટે કોઈએ પ્રેમ માટે તો કોઈએ કરુણા માટે શહીદી આપી શહીદીના લક્ષણ શું? શહીદ કોને કહેવાય? અને એની પરખ શું? માનસમાં શહીદી નો ભંડારો છે, સૌ પ્રસાદ લેજો, એટલે કે શહીદીનું બરોબર મુલ્ય સમજજો. જે સાધુનાં લક્ષણ ધરાવે છે કે, સજ્જનનાં લક્ષણ એ શહીદની વ્યાખ્યા કરનાર ભાષ્યકારનાં લક્ષણ. (૧) બળવાન હોય, અને વિવેકશીલ પણ હોય, જગતમાં બળવાન તો ઘણાં હોય પણ એનામાં વિનય હોતો નથી. પ્રારબ્ધ અને પુરુષાર્થ ને કારણે ઘણાં મોટું બળ પ્રાપ્ત કરે પણ વિવેક ચૂંક થઈ શકે. વ્યાખ્યા એ કરી શકે જેનામાં બળ અને વિવેક બંને હોય.

**"નાયં આત્મા બલહીન ન લભ્યો"**

ઉપનિષદ કારો કહે છે કે બલહીન નો આત્મા મળતો નથી. (૨) જેને એનાં માતાપિતા એ રામના શરણમાં રાખ્યાં હોય એ સંતાન વ્યાખ્યા કરી શકે! (૩) જેનામાં પરમ ચતુરતા છે એ, પરમ ચાતુર્ય એ હોંશિયારી નથી, એ પાકેલું વિઝ્ડમ છે, એ વિવેકપૂર્ણ પરિપક્વતા છે. તુલસી કહે છે જે રામ ભજે એ ચતુર નહીં, પણ ચતુર શિરોમણી છે. હોશિયારી એ અધ્યાત્મ માર્ગનું સૌથી મોટું વિઘ્ન છે. દેશ કાળ પ્રમાણે જ્યારે ખતરો હોય ત્યારે જેણે આગેવાની કરી હોય એ શહીદીની વ્યાખ્યા કરી શકે. રામચરિત માનસમાં ઘણા પ્રમાણ મળે છે, પણ હકીકતમાં તો શહીદની વ્યાખ્યા શહિદનો પરિવાર કરી શકે શહીદનો પરિચય સૈનિક કરાવી શકે. (૪)જે વિચાર્યા વગર ન બોલે, કારણકે એકવાર બોલાયેલા શબ્દો પાછા જતા નથી. આંખ માંથી આંસુ નીકળી જાય પછી પાછા ધકેલાતા નથી. ગાયના આંચળ માંથી દૂધ ટપક્યા પછી ગાયના આંચળમાં પાછું જતું નથી. એવી જ રીતે માણસની જીભ માંથી નીકળેલા શબ્દ પાછાં ખેંચી શકાતાં નથી, માટે વિચારીને બોલવું, પણ એ પણ કોઈનું તમારા મનમાં નાખેલા વિચારો નહીં, નીજ મનથી ચિંતન કરેલું હોવું જોઈએ. મહાપુરુષ પાસેથી લીધું હોય તો એનું નામ રજૂ કરીને કહેવું.



**નારાયણ સ્વામી ને કોટ કર્યા.**
**શું પૂછો છો મુજને કે હું શું કરું છું!**
**મને જ્યાં ગમે ત્યાં કરું છું ફરું છું.**
**સતાર સાહેબને યાદ કર્યા**
**વિચારી વિચારીને પગલાં ભરું છું,**
**નથી બીક કોઈની મને આ જગતમાં,**
**ફક્ત એક મારા પ્રભુ થી ડરું છું.**

૪) જે જુવાન હોય એટલે કે માત્ર શરીરથી નહીં મનથી જુવાન હોય, અંગદ શરીરથી પણ જુવાન છે, અને મનથી પણ! ઉપનિષદકારોએ કહ્યું છે કે સાધુ યુવાન હોવો જોઈએ, અધ્યાપક શિક્ષક આ બધા યુવાન હોય, યુવાન શરીરની વાત જુદી છે, મનથી યુવાન હોવા જોઈએ. અંગદે વ્યાખ્યા કરી કે જટાયુ જેવા શહીદના ચાર લક્ષણ અને અંગદ કરી શકે, કારણ કે યુવાન છે, એ ટુકડીનો નાયક છે, એ આગળ ખતરો જાણીને ચાલે છે, એ પોતાના મનથી વિચારીને બોલે છે, અને એનાં માતા પિતાએ એને રામના શરણમાં મૂક્યો છે. વાલીએ પ્રાણ ત્યાગ કરતા પહેલા અંગદ ભગવાનને કહ્યું ભગવાન

**યહ તનય મમ સમ વિનય બલ કલ્યાણપ્રદ પ્રભુ લીજિએ,**
**ગહી બાંહ સૂર નર નાહ આપન દાસ અંગદ કીજિએ.**

વાલી કહે છે આ મારો દીકરો છે, મારા જેવો જ બળવાન છે, મારામાં વિનય ઓછો છે. અંગદ બળવાન, વિનયવાન, પરમ ચતુર, અને પોતાના મનથી વિચારીને કામ કરનારો છે, એને યુવરાજ નહીં આપનો દાસ બનાવો. ગંગા સતીને યાદ કરતા કહ્યું ભક્તિ રે કરવી એને રાંક થઈને રહેવું!; અંગદ પરમ ચતુર છે, છતાંય દાસત્વ સ્વીકાર્યું દાસત્વ એટલે કાયરતા નથી. સાધુ શબ્દ બહુ ગજબનો શબ્દ છે, જગતમાં એનાથી ઊંચો કોઈ શબ્દ નથી. અમારા વૈષ્ણવ સાધુઓમાં નામની પાછળ દાસ લાગે, અથવા તો રામ લાગે! આશીર્વાદ ના આકાર નથી હોતાં , સાધુ પર રામ મંદિર, કૃષ્ણ મંદિર, શંકર મંદિર કે જોગમાયા બેઠી હોય એ મૂળ મંદિરના આશીર્વાદ છે. રામાયણમાં બે બાપ એવા છે, જેમણે પોતાનાં પુત્રનું દાન કર્યું. કન્યાદાન તો ઘર ઘરનું પવિત્ર દાન છે જ. એક વાલી એ રામની સાથે અંગદને પરણાવ્યો, બીજો રાજા દશરથ જેમણે પોતાના બે દીકરાનું ઋષિ વિશ્વામિત્રને દાન કર્યું. શહીદ કોણ છે? કે જેને કુરબાની દેતી વખતે એક જોમ ચડે! એને લાગે કે મારા જીવનની ધન્યતા આમાં જ છે! આપણો જવાન જ્યારે શહીદ થતો હશે, ત્યારે એનામાં કાયરતા નહીં હોય! મરતા મરતા એ આ જવાબદારી બીજાને સોપતો જશે, આ તો ખો ખો ની રમત છે. રણાંગણ એની એક ક્રિડા છે, હું ખો દઉં છું, હું ઉભો થાઉં એટલે તું બેસી જજે. જટાયુના મૃત્યુ સમયે લક્ષ્મણજીએ ભગવાનને કહ્યું કે આપણે કેટલા દુર્ભાગી છીએ કે પિતા મૃત્યુ પામ્યા ત્યારે પણ આપણે હાજર ન હતા અને પિતાજીનો ભંડારો ન કરી શક્યાં! જટાયુનાં મૃત્યુ વખતે પણ નથી કરી શકતાં. ત્યારે ભગવાન રામે કહ્યું કે આના ભંડારા જેવા તેવા ન હોય, અને લંકાના રણ મેદાનમાં જ્યારે અઢાર પદમ બાણ વછૂટશે અને પછી આસુરી તત્વોનાં ઢગલાં થશે, ત્યારે ગીધની આખી નાત ઉતરશે અને ભંડારાનું ભોજન કરશે. શહીદનું પ્રથમ લક્ષણ ધન્ય જટાયુ સમ કોઉ નાહિં, ધન્યતા, બીજું, રામ કાજ કારન તનુ ત્યાગી, એટલે બીજું લક્ષણ રામના કાર્ય માટે જેણે શરીર ત્યાગ્યું હોય હરામના કામ માટે નહીં! હરિપુર ગયેઉ પરમ બડભાગી, આ શહીદનું ત્રીજું લક્ષણ છે રામકાર્ય માટે જેણે પ્રાણ ત્યાગ્યા હોય એની દુર્ગતિ થાય નહીં એ હરિના ધામમાં જાય, ચોથું લક્ષણ પરમ બડભાગી, પૂરાં વિશ્વ એ જેને પૂર્ણ ભાગ્યશાળી કહેવા જ પડે. જટાયુ જ્યારે સીતાને છોડાવવા માટે રાવણનાં રથ ઉપર આવ્યો, ત્યારે રાવણને કાળ દેખાયો. રાવણે પોતાનો વિચાર બદલી ચાર અનુમાન લખ્યા છે.

**આવત દેખિ કૃતાંત સમાના,**
**ફિરિ દસકંધર કર અનુમાના.**

યમરાજ તો ન હોય, મારી સામે ઝપટ ન કરી શકે. તો મૈંનાક પર્વત છે, પહેલા આપણે ત્યાં પાંખોવાળા પર્વત હતા. પર્વતોને પાંખો આવી તો એમને ઊંચાઈના ગર્વમાં નાના મોટા ગામડા પર બેસી જતા, અને ગામડાં નો નાશ થતો, ઈન્દ્રની પાસે ફરિયાદ થઈ એટલે ઈન્દ્રએ વજ્રથી બધા પર્વતોની પાંખો કાપી નાખી, અને જ્યાં પડ્યા હતા ત્યાં સ્થિર થઈ ગયા. રાવણ વિચારે છે કે ના ના મૈંનાક તો સમુદ્રમાં છે, એ તો નીચેથી ઉપર આવે, આ તો ઉપરથી નીચે આવે છે. એટલે ગરુડ હોવો જોઈએ! એ વૈકુંઠથી આવે. ત્રીજું અનુમાન ગરુડ પણ મારી સામે આવી ઝપટ કરે જ નહીં, પણ જે છે એ મારા બળને જાણતો નહીં હોય, નહીં તો આવું સાહસ કરે નહીં. ચોથું અનુમાન આની પાછળ સમર્થનો માલિક હોવો જોઈએ! આપણે ત્યાં શાસ્ત્ર પ્રમાણ, અનુમાન પ્રમાણ, અંતઃકરણની પ્રવૃત્તિ પ્રમાણ, પ્રત્યક્ષ પ્રમાણ, આદિ આદિ છે. આમ કહી છઠ્ઠા દિવસની કથાને વિરામ આપ્યો.

---

**કથા જીવનમાં માર્ગ બતાવે છે, કથા મનુષ્યને તેના સૂક્ષ્મ દોષોનું ભાન કરાવે છે, પણ તેનો ઉદ્ધાર તો નામ જપ, સ્મરણથી જ થાય છે**

# કથા જીવનમાં માર્ગ બતાવે છે, કથા મનુષ્યને તેના સૂક્ષ્મ દોષોનું ભાન કરાવે છે, પણ તેનો ઉદ્ધાર તો નામ જપ, સ્મરણથી જ થાય છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**પાપ પહેલું આંખ વાટે આવે છે, આંખ બગડી એનું મન બગડ્યું, મન બગડ્યું એનું જીવન બગડ્યું, રાવણની આંખ બગડેલી તો હંમેશ માટે તેનું નામ બગડેલું રહ્યું છે, માટે કામને આંખમાં આવવા દેશો નહીં, મનુષ્ય શરીરથી, આંખ અને મનથી વધારે પાપ કરે છે, એથી વગર પ્રયોજને કોઇને આંખ આપવી નહી આંખમાં રામ રાખો તો કામ મનમાં આવશે નહી, અજામિલ પેલી બાઈને પોતાના ઘરે લઈ આવ્યો.**

આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જપ વિધિમાં બે નિયમ સાચવજો બ્રહ્મચર્ય પાળવું અને બીજા કોઈનું ખાવું નહીં. કેવળ વાંચવાથી જ્ઞાનનો અનુભવ થતો નથી. પ્રાચીનકાળમાં સંતો ક્યાં ભણવા ગયા એવું તેમના ચરિત્રમાં લખ્યું નથી.પણ ભાગવત ભક્તિથી ચિત્ત શુદ્ધ થતાં અંદરથી જ્ઞાન નું સ્ફુરણ થતું પંડિત શાસ્ત્રની પાછળ દોડે છે. મીરાંબાઈ જે બોલે તેની પાછળ શાસ્ત્ર દોડે છેતેર કરોડ જપ કરવાથી અને ઈશ્વરનું મિલન થાય છે.કળિકાળમાં આ સિવાયબીજો કોઈ ઉપાય નથી.અધિકારી ગુરુ પાસેથી મંત્ર ગ્રહણ કરવાથીમંત્રથી દિવ્ય શક્તિ આવે છે.કેવળ વેદાંતના સિદ્ધાંતો સમજવા મુશ્કેલ છે અને સમજાય તો પણ અનુભવવા મુશ્કેલ છે. દુઃખ શરીરને થાય છે. આત્મા કેવળ દૃષ્ટા છે,એમ બોલવું-સમજવું સહેલું છે. પણ આ સિદ્ધાંતોનો અનુભવ કરવો મુશ્કેલ છે,ત્યારે નામસ્મરણ સહેલું છે. ભક્તિ સહેલી અને સરળ છે. ભક્તિ મરણ સુધારે છે. કથા જીવનમાં માર્ગ બતાવે છે. કથા મનુષ્યને તેના સૂક્ષ્મ દોષોનું ભાન કરાવે છે,પણ તેનો ઉદ્ધાર તો નામ જપ, સ્મરણથી જ થાય છે. આ સંબંધમાં અજામિલનું દૃષ્ટાંત આપવામાં આવે છે. અજામિલ અધમ હતો,પણ ભગવાન નામનો આશ્રય કરી કૃતાર્થ થયો. આપણે બધા અજામિલ છીએ.અજા એટલે માયા. માયામાં જ મળી ગયો તે અજામિલ.સંસારમાં માયાના સંસર્ગમાં આવવું જ પડે છે. માયાને પકડવી પડે પણ તેને અગ્નિની પેઠે વિવેકરૂપીસાણસીથી પકડજો. અગ્નિ વિના વ્યવહાર ચાલતો નથી, છતાં કોઈ અગ્નિને હાથમાં લેતું નથી. માયા આપણી પાછળ પડે છે. તેનાથી બચવાનું છે અને ઈશ્વર પાછળ પડવાનું છે. ઈશ્વર પાછળ પડતા માયા દૂરથશે કનક અને કાંતાએ માયાના રૂપોછે એ બે વસ્તુમાં મન જાય તેવો નિશ્ચય કરજો. શરીરથી પાપ કરશો તો સજા થાય છે,અને મન થી પાપ કરશો તો તેની પણ સજા થાય છે. કાન્યકુબ્જ દેશમાં અજામિલ નામનો એક બ્રાહ્મણ હતો. એ અનેક પ્રકારનાં પાપો કરી ગુજરાન ચલાવતોજો કે પહેલાં તો મંત્રવેત્તા પવિત્ર અને સદાચારી હતો.પણ એક કુલટાને જોઈ એનું મન બગડ્યું. પાપ પહેલું આંખ વાટે આવે છે. આંખ બગડી એનું મન બગડ્યું. મન બગડ્યું એનું જીવન બગડ્યું. રાવણની આંખ બગડેલી તો હંમેશ માટે તેનું નામ બગડેલું રહ્યું છે.માટે કામને આંખમાં આવવા દેશો નહીં. મનુષ્ય શરીરથી, આંખ અને મનથી વધારે પાપ કરે છે. એથી વગર પ્રયોજને કોઈને આંખ આપવી નહી આંખમાં રામ રાખો તો કામ મનમાં આવશે નહી. અજામિલ પેલી બાઈને પોતાના ઘરે લઈ આવ્યો.એક પાપ માંથી બીજું પાપ તેમ અજામિલ દુરાચારમાં આગળ વધ્યો તે પાપાચાર કરવા લાગ્યો. ચોરી પણ કરવા લાગ્યો.લૂંટ પણ કરે છે એક વખત કેટલાક સાધુઓ ફરતા ફરતા અજામિલને ઘરે આવ્યા તેમણે ભિક્ષા માગી. બાઈએ તેમને અનાજ આપ્યું. દુશ્ચરિત્રનું અન્ન લેવાની શાસ્ત્ર ના પાડી છે,પણ સાધુઓ બાઈને જાણતા ન હતા એટલે તે અન્નની રસોઈ કરી સાધુઓ જમ્યા.તે પછી અજામિલે સાધુઓને પ્રણામ કર્યા. સાધુઓ કહે છે, તારા ઘરેથી ભોજન મળ્યું, પણ દક્ષિણા મળી નહીં!અજામિલકહે હું તમને લૂંટી લેતો નથી એજ તમારી દક્ષિણા છે. હું કોઈ સાધુને પૈસા આપતો નથી. બીજું કાંઈ માગો તો આપું. સાધુની ભાવના એ કે જેનું ખાધું એનું કલ્યાણ થાઓ.એટલે તેમણે કહ્યું, તારા ઘરે જે પુત્ર આવે તેનું નામ નારાયણ રાખજે.આ અમે માગ્યું!અજામિલને ત્યાં પુત્રજન્મ થયો.એનું નામ નારાયણ રાખ્યું. છેલ્લી સંતતિમાં માતાપિતાને વિશેષ પ્રેમ હોવાથી અજામિલ વારંવાર નારાયણને બોલાવે છે. આમ નારાયણ નામની ટેવ પડી. અતિશય પાપી, અતિકામી,પૂરું આયુષ્ય ભોગવી શકે નહીં. અજા મિલનું બાર વર્ષનું આયુષ્ય બાકી હતું,તેમ છતાં યમદૂતો લેવા આવ્યા અજામિલનો મૃત્યુકાળ નજીક આવ્યો.પોતાના સૌથી નાના પુત્ર નારાયણમાં તે અતિ આસક્ત એટલે પોતાના પુત્રનું નામ દઈને તે બોલવા લાગ્યો. નારાયણ,નારાયણ.છેલ્લા સંતાનમાં મા-બાપનું મન વિશેષ ફસાય છે. રોજની આદત પ્રમાણે અજા મિલ નારાયણ, નારાયણ એમ બે વખત બોલ્યો.તેનો દીકરો નારાયણ તો આવ્યો નહીં,પણ વિષ્ણુદૂતો આવ્યા. વિષ્ણુદૂતો યમદૂતોને કહે કે, આને છોડી દો. એ પાપી છે, પણ તેણે ભગવાનનું નામ લઈ પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું છે તેનાં થોડાં પાપ બચી ગયાં છે. હવે તેને જીવવા દો. તેના આયુષ્ય ના બાર વર્ષ હજુ બાકી છે. યમદૂતો કહે છે કે,અજામિલ નારાયણ, નારાયણ કરતો હતો, પણ તે વૈકુંઠવાસી નારાયણ નહીં. એના છોકરાનું નામ નારાયણ છે. એ તો એના દીકરા નારાયણને બોલાવતો હતો. ત્યારે વિષ્ણુદૂતો કહે છે,અજાણતાં પણ પ્રભુનું નામ તેના મુખેથી નીકળ્યું છે. અજાણતાં પદ પગ અગ્નિ ઉપર પડે તો પણ અગ્નિ બાળે છે, પગ દાઝે છે.તે પ્રમાણે અજાણતા માં પણ ભગવાનનું નામ લેવાય તો કલ્યાણ થાય છે. અજાણતામાં પણ ભગવાનનું નામ લેવાય તો તેનું ફળ મળે છે. ઉતાવળે કરેલા ભોજનથી ભલે સ્વાદનો અનુભવ ન થાય, પણ ભૂખ તો ભાંગે જ છે એમ અજાણપણે પ્રભુનું નામપણ પાપનો નાશ કરે જ છે.અજામિલ ઉદ્દેશીને નારાયણ,નારાયણ બોલ્યો એ બહાને તેણે બે વખત ભગવાનનું નામ તો લીધું ને! ગમે તેવા દુરાચારીનો ઉદ્ધાર કરવાની ભગવાનમાં તાકાત છે. આ બાબતમાં ભાગવત બિલકુલ સ્પષ્ટ છે. તે કહે છે કે, જાણવા વાળાઓ જાણે છે કે, સંકેતમાં, પરિહાસમાં, આલાપમાં અથવા કોઈની અવહેલના કરવામાં પણ જો કોઈ ભગવાનના નામોનું સ્મરણ કરે છે તો તેનાં સઘળાં પાપો નષ્ટ થઈ જાય છે. જે મનુષ્ય પડતી વખતે,પગ લપસી પડે ત્યારે, અંગભંગ થાય ત્યારે, સાપ ડંસે ત્યારે,તાવમાં સપડાયેલો હોય ત્યારે, ચોટ લાગે ત્યારે વગેરે સમયે વ્યાકુળ બની 'હરિ હરિ' કહી ભગવાનના નામનું ઉચ્ચારણ કરે છે,તે નરકની યાતનાને પાત્ર રહેતો નથી. પડતી વખતે,કાંઈ નુકસાન થાય ત્યારે હાય હાય ન કરો,હરિ હરિ કરો. ઘરમાં દૂધ ઉભરાય ત્યારે માતાજી હાય હાય કરે છે.હાય હાય કરે શું વળવાનું હતું? તેને બદલે હરિ હરિ કરો! અનાયાસે યજ્ઞનું ફળ મળશે.બાકી કોઈ અગ્નિને આહુતિ આપવાના નથી. હાયમાં સહેજ ફેરફાર કરી હરિ હરિ કહો.આથી અનાયાસે નામ સ્મરણ થશે,હરિના નામનો જપ થશે. વાલ્મીકિ રામાયણમાં લખ્યું છે કે, મૃતાત્મા પાછળ બહુ હાય હાય કરે તો તેનું દુઃખ મૃતાત્માને થાયછે જો હરિ હરિ હરિનું સ્મરણ કરે તો તેનું પુણ્ય મૃતાત્માને મળે છે. વિષ્ણુદૂતોએ અજામિલને યમદૂતો ના પાસમાંથી છોડાવ્યો.તેનો ઉદ્ધાર થયો.અજામિલ જેવા નોય ઉદ્ધાર થયોએ બતાવે છે કે, આપણા સનાતન ભાગવત ધર્મમાં કોઈ કેસ હોપલેસ નથી. આપણી દવા અકસીર છે.સત્કર્મથી અપ મૃત્યુ ટળે છે,મહામૃત્યુ ટળતું નથી આયુષ્ય બાકી હોવા છતાં પાપ કર્મોના ફળરૂપે આવેલું મૃત્યુ ટળે છે.અજામિલનું અપ મૃત્યું હતું તેથી તે ટળ્યું. પાપીને પશ્ચાત્તાપ થાય તો તેના જીવનમાં એકદમ પલટો આવે છે. માટે કોઈ પાપીનો તિરસ્કાર ન કરો પાપનો તિરસ્કાર કરો.અજામિલને અતિશય પશ્ચાત્તાપ થયો.પ્રાયશ્ચિત્તથી તેનાં સર્વ પાપો બળી ગયાં.હવે તે સર્વ છોડી ભાગવત સ્મરણ કરવા લાગ્યો.અજામિલ હવે નિરસ ભોજન કરતો હતો. જેને ભોજન સરસ, એનું ભજન નિરસ.જેનું ભોજન નિરસ એનું ભજન પરમ હંસ.અજામિલની બુદ્ધિ હવે ત્રિગુણ પ્રકૃતિથી પર થઈ ભગવાનના સ્વરૂપમાં સ્થિત થઈ છે.તેમને લેવા પાર્ષદો વિમાન લઈને આવ્યા વિશિષ્ટ માન એ જ વિમાન છે. અજામિલે 'નારાયણ નારાયણ'જપ કરીને જીભ સુધારી અને જિંદગી પણ સુધારી.જીભને ગામડાનો રસ પીવવવશો તો જશે ગમનામ ચઢી જશે. સમજાવો સુધરે આપણી લૂલી શિખંડ માગે તો એને કડવા લીમડાનો રસ પાજો ભગવદ ભક્તિ કરનારને આ લોકમાં અને પરલોકમાં પણ માન મળે છે. ભગવતકીર્તન કરતાં કરતાં અજા મિલ ભાગવદધામમાં ગયો.ભગવન્નામનો આશ્રય કરનાર અજામિલ તરી ગયો. પહેલા અજાનો અર્થ કરેલો માયા હવે નામનો આશ્રય કર્યા પછી અજનો અર્થ કર્યો બ્રહ્મ. આજે અજામિલ અજ એટલે બ્રહ્મ સાથે મળી બ્રહ્મરૂપ થયો છે. આજે જીવ-શિવ એક થયા છે. અજા મિલ શબ્દના બે અર્થો થાય છે અજા માયા માયામાં ફસાયેલો માયાનું ઘણી રીતે વર્ણન કરવામાં આવ્યું છે. શ્રીમદ્ શંકરાચાર્યે માયાની વ્યાખ્યા કરેલી છે કે, કંચન કામિનીમાં જે ફસાયેલો રહે તેને માયામાં ફસાયેલો જાણવો કનક અને કામિની,બે ચીજને એમણે ત્યાં જવા જેવી ગણાવી છે. શંકરાચાર્ય કહે છે કે, બંધાયેલો કોણ?તો જે પાંચ વિષયોમાં આસક્તિવાળો છે તે.છૂટેલો કોણ? તો જેને વિષયો પ્રત્યે વૈરાગ્ય આવેલો છે તે, ઘોર નરક કયું? તો આ પોતાનો જ દેહ મૂત્ર, વિષ્ટા,માંસ,લોહી વગેરે દુર્ગંધ યુક્ત પદાર્થો તેમાં ભરેલા છે. સ્વર્ગમાં જવા માટે પગથિયું કયું? તો સર્વ તૃષ્ણાઓનો ક્ષય.દરિદ્ર કોણ? તો જેને ઘણી તૃષ્ણાઓ છે તે.શ્રીમંત કોણ?સદાને માટે સંપૂર્ણ સંતોષી છે તે.મોટામાં મોટો રોગ કયો?તો જન્મ ધારણ કરવો તે આ રોગને દૂર કરવાનું ઔષધ કયું? પરમાત્મા સ્વરૂપનો વારંવાર વિચાર કરવો તે અજામિલ શબ્દનો બીજો અર્થ આમ થાય અજ એટલે ઈશ્વર. ઈશ્વરમાં સર્વ રીતે મળી ગયેલો, બ્રહ્મમાં લીન થયેલો જીવ તે અજામિલ. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરી ખુશ રહીએ તેવી આશા સહ અસ્તુ.

# કાજલ અગ્રવાલ ‘કન્નપ્પા’માં માતા પાર્વતીના રોલમાં જોવા મળી શકે છે

## ફિલ્મમાં વિષ્ણુ માંચુ સાથે પ્રભાસ, અક્ષય કુમાર અને મોહનલાલ પણ જોવા મળશે

પરમ શિવભક્ત તરીકે કન્નપ્પાને દક્ષિણ ભારતના દરેક પરિવાર ઓળખે છે. ખૂંખાર શિકારીમાંથી પરમ શિવભક્ત બનેલા કન્નપ્પાની લોકકથા ફિલ્મ સ્વરૂપે આવી રહી છે. મોટા બજેટ સાથે બની રહેલી ‘કન્નપ્પા’માં લીડ રોલ વિષ્ણુ માંચુનો છે. માતા પાર્વતી તરીકે આ ફિલ્મમાં કાજલ અગ્રવાલનો કેમિયો છે. ફિલ્મમાં કાજલના લૂકને દર્શાવતું પોસ્ટર શેર થયું છે. કાજલ અગ્રવાલે સોશિયલ મીડિયા પર ફર્સ્ટ લૂક પોસ્ટર શેર કર્યું હતું. કેપ્શનમાં કાજલે લખ્યુ હતું કે, એક સપના જેવો આ રોલ છે. ૨૦૨૫ના વર્ષની દિવ્ય શરૂઆતનો આનંદ છે. આ ફિલ્મમાં પ્રભાસ, અક્ષય કુમાર અને મોહનલાલના પણ સ્પેશિય રોલ છે. કન્નપ્પા તરીકે વિષ્ણુ માંચુની ઝલક અગાઉ ફિલ્મ મેકર્સે શેર કરી હતી. ગત મહિને કિરાત તરીકે મોહનલાલનો પરિચય વિષ્ણુ માંચુએ કરાવ્યો હતો. મોહનલાલ સાથે સ્કિન શેર કરવાની તક બદલ વિષ્ણુએ ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી. ૨૫ એપ્રિલ, ૨૦૨૫ના રોજ રિલીઝ થઈ રહેલી ‘કન્નપ્પા’નું ડાયરેક્શન મુકેશ કુમારે કર્યું છે, જ્યારે વિષ્ણુ માંચુના પિતા પ્રોડ્યુસર છે. આ ફિલ્મ હિન્દી ઉપરાંત તમિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ અને ઈંગ્લિશમાં પણ રિલીઝ થવાની છે. નાસ્તિક શિકારી કન્નપ્પાએ શિવલિંગ પર પગ મૂક્યો હોવાની પ્રતિમા અનેક લોકોએ જોઈ હશે, પરંતુ આ ઘટના પાછળના પરિબળો ફિલ્મમાં જોવા મળશે. કન્નપ્પાએ પોતાના હાથથી બંને આંખો કાઢી ભગવાન શિવને અર્પણ કરી હોવાનું કહેવાય છે. કેટલાક લોકો તેને મહાભારતના અર્જુનનો પુનઃર્જન્મ માને છે, જે કન્નપ્પા તરીકે જન્મ લઈ મોક્ષને પામે છે.



# કેટરિના કે પ્રિયંકાનો ચાર્મ તુટ્યો, હાનિયા આમિરની દીવાનગી વધી

પાકિસ્તાનના કેટલાય કલાકાર ભારતીય લોકોના દિલ પર રાજ કરે છે. હાનિયા આમિર પણ આવી જ એક સ્ટાર છે. ફેન્સ તેના ડ્રામા અને વીડિયોઝ ખૂબ જ પસંદ કરે છે. ઈન્સ્ટાગ્રામ પર પણ હાનિયા ખૂબ જ એક્ટિવ રહે છે. બોલીવુડ ગીત સાથે તેને સ્પેશિયલ કનેક્શન છે. રેપર બાદશાહ અને દિલજીત દોસાંઝ સાથે પણ તે જોવા મળી હતી. સ્ટાઈલ અને ફેશન એટલી શાનદાર છે કે ફોટોઝ પર મિનિટોમાં લાખો લાઈક આવી જાય છે.હાનિયા આમિર ૨૭ વર્ષની છે. કેટલાય સુપરહિટ પાકિસ્તાની ડ્રામામાં તે જોવા મળી છે. એક્ટ્રેસે ‘મેરે હમસફર’ અને ‘કભી મેં કભી તુમ‘ જેવા ડ્રામાને ઈન્ડિયામાં ખૂબ પ્રેમ મળ્યો.આમ તો પાકિસ્તાનના ઘણા સ્ટાર્સ ફેમસ છે. પણ હાનિયા થોડી સ્પેશિયલ છે. ઈન્ડિયન ફેન્સ તેને ખૂબ પસંદ કરે છે. નાનપણથી હાનિયાએ જે પહેલી મૂવી જોઈ હતી, તે શાહરુખ ખાનની ‘બાદશાહ’ હતી.૧૭ મિલિયન યુઝર્સ એક્ટ્રેસને ઈન્સ્ટાગ્રામ પર ફોલો કરે છે. હાનિયા હંમેશા બોલીવુડના ગીતો પર ડાન્સ કરે છે. હાલમાં જ તેણે એક લગ્નમાં ‘ચિકની ચમેલી’ સહિત કેટલાય બોલીવુડ ગીતો પર પરફોર્મન્સ આપ્યું હતું. અભિનેત્રીને એક્ટિંગને પણ ફેન્સ ખૂબ પસંદ કરે છે. તેના પહેલા પાકિસ્તાની ડ્રામાનું નામ ‘તિતલી’ છે. જે વર્ષ ૨૦૧૭માં રિલીઝ થયું હતું. આ અગાઉ ૨૦૧૬માં તે એક કોમેડી મૂવીમાં દેખાઈ હતી.હાનિયા સાથે જોડાયેલ તમામ નાના મોટા અપડેટ ઈન્ટરનેટ પર વાયરલ થતા હોય છે. એક્ટિંગ સાથે ફેન્સ તેની ફેશન સેન્સના પણ વખાણ કરે છે. દરેક લુકમાં તે શાનદાર લાગે છે. ભારતમાં હાનિયા એટલા માટે ચર્ચામાં રહે છે કેમ કે તેનું નામ બાદશાહ સાથે જોડાયું. બંનેના રિલેશનશિપની ખૂબ ચર્ચા થઈ. પણ બંને સ્ટાર્સનું કહેવું છે કે તેઓ સારા દોસ્ત છે. દિલજીતના કોન્સર્ટમાં પણ હાનિયા પહોંચી હતી.પાકિસ્તાનના રાવલપિંડીમાં હાનિયાનો જન્મ થયો હતો. પ્રાથમિક શિક્ષણ બાદ નેશનલ યુનિવર્સિટી ઓફ કોમ્પ્યુટર એન્ડ ઈમર્જિંગ સાયન્સિસથી ગ્રેજ્યુએશન કરવાનો નિર્ણય લીધો. પણ બે અભ્યાસ ચાલુ રાખી શકી નહીં અને ડ્રોપઆઉટ કર્યું.



# નયનતારાની ડોક્યુમેન્ટ્રી સામે ચંદ્રમુખીના મેકર્સે રૂપિયા 5 કરોડનો દાવો માંડ્યો?

નયનતારાની ડોક્યુમેન્ટ્રી નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થઈ રહી છે. તમિલ ફિલ્મ ‘ચંદ્રમુખી’ના મેકર્સે આ ડોક્યુમેન્ટ્રી સામે રૂ.૫ કરોડનો દાવો માંડ્યો હોવાનું કહેવાય છે. ઓટીટી પર સ્ટ્રીમ થઈ રહેલી ‘નયનતારાઃ બીયોન્ડ ધ ફેરી ટેલ’માં ‘ચંદ્રમુખી’ના મેકર્સની મંજૂરી વગર ફિલ્મની કેટલીક ક્લિપ્સનો ઉપયોગ થયો હોવાથી આ વિવાદ ઊભો થયો છે. ‘ચંદ્રમુખી’ના મેકર્સે આપેલી નોટિસમાં જણાવાયું છે કે, આ ક્લિપ્સનો ઉપયોગ થવાથી કોપીરાઈટ કાયદાનો ભંગ થયો છે, જેના કારણે ફિલ્મ મેકર્સે આ ક્લિપ હટાવવા માટે સક્રિય થવું પડ્યું છે. નયનતારાની કરિયર અને જીવનને આ ડોક્યુમેન્ટ્રીમાં દર્શાવાયા છે. ‘ચંદ્રમુખી’ના મેકર્સે આપેલી નોટિસમાં જણાવાયું છે કે, આ ક્લિપ્સનો ઉપયોગ થવાથી કોપીરાઈટ કાયદાનો ભંગ થયો છે. ‘ચંદ્રમુખી’ની ક્લિપ્સને ડોક્યુમેન્ટ્રીમાં સમાવતા પૂર્વે નયનતારા અને ઓટીટી પ્લેટફોર્મ દ્વારા મંજૂરીઓ નહીં લેવાઈ હોવાનો દાવો આ નોટિસમાં થયો હોવાનું કહેવાય છે. ફિલ્મના મેકર્સે આ પ્રકારની કોઈ નોટિસ આપી હોવાનો ઈનકાર કર્યો છે. મેકર્સે જણાવ્યુ હતું કે, ફિલ્મના ફૂટેજનો ઉપયોગ કરવા તેમણે મંજૂરી આપેલી હતી. જો કે નોટિસ અપાઈ હોવાની ચર્ચાએ વેગ પકડ્યો છે ત્યારે આ મામલે નોટિસ બાદ અંદરખાને સમાધાન થઈ ગયું હોવાની શક્યતા પણ છે. અગાઉ ધનુષે નયનતારા અને વિગ્નેશ શિવાનને નોટિસ આપી હતી. નેટફ્લિક્સ ડોક્યુમેન્ટ્રીમાં પોતાની ફિલ્મ ‘નાનુમ રાઉડી ધાન’ની ક્લિપનો ઉપયોગ કરવા માટે મંજૂરી ન લેવાઈ હોવાથી ધનુષે નોટિસ ફટકારી હતી. આ મામલે ધનુષ અને નયનતારાએ જાહેરમાં એકબીજા પર આક્ષેપો કર્યા હતા. નયનતારાએ ધનુષને સરમુખત્યાર ગણાવ્યો હતો, જ્યારે ધનુષે નયનતારાને ઉઠાંતરી કરનાર કહી હતી.



# ‘પાતાલ લોક ૨’નું ધમાકેદાર ટીઝર રિલીઝ, ફેન્સ ઉત્સાહિત

પાતાળ લોક સીઝન ૨ની ફેન્સ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. હવે તેની બીજી સીઝનનું ટીઝર આજે થોડા સમય પહેલા રિલીઝ કરવામાં આવ્યું છે. મચઅવેટેડ વેબ સિરીઝ ‘પાતાલ લોક’ની બીજી સીઝનનું ટીઝર રિલીઝ થઈ ગયું છે. ટીઝર સામે આવતા જ ચાહકોની ખુશીની કોઈ સીમા ન રહી. જે ટીઝર સામે આવ્યું છે તેમાં હાથીરામ ભયજનક લુકમાં જોવા મળે છે. જયદીપ અહલાવતે આ સંકેત આપ્યો છે. ટીઝરમાં, રૂંવાટા ઉભા થઈ જાય તેવી સ્ટોરી સંભળાવી રહ્યો છે.પાતાલ લોકની સીઝન ૨નું ધમાકેદાર ટીઝર બહાર આવતાની સાથે જ વાયરલ થઈ રહ્યું છે આ સિરીઝમાં જયદીપ અહલાવતની હાથી રામ ચૌધરી સ્ટાઈલ જોવા મળી રહી છે. ઈન્સ્પેક્ટર હાથી રામ ચૌધરીના વાપસીને લઈને ચાહકો હવે ખૂબ જ ઉત્સાહિત છે.આ ટીઝર હાથી રામ ચૌધરીથી શરૂ થાય છે. જે વાર્તા કહે છે. ટીઝર પરથી સ્પષ્ટ થાય છે કે આ વખતે ફરી એક નવી વાર્તામાં સસ્પેન્સ અને થ્રિલર જોવા મળશે. સોશિયલ મીડિયા પર આ ટીઝર પર ફેન્સ ઘણી પ્રતિક્રિયા આપી રહ્યા છે.જયદીપ અહલાવતની આ મચઅવેટેડ વેબ સિરીઝ ૧૭ જાન્યુઆરીના રોજ ઓટીટી પ્લેટફોર્મ પ્રાઈમ વીડિયો પર આવશે. પ્રાઈમ વીડિયોએ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં આ જાણકારી આપી છે. પ્રાઈમ વિડિયોની આ પોસ્ટ વાંચવામાં આવી છે. ટીઝરમાં જયદીપ અહલાવતની ભૂમિકા ચેતવણી આપે છે કે રમત હજી પૂરી નથી થઈ. સાચી વાર્તા હજુ આવવાની બાકી છે. આ ટીઝર પર યુઝર્સ ખુલ્લેઆમ કોમેન્ટ કરી રહ્યા છે.

# આલિયા ભટ્ટની બહેન શાહીન મિસ્ટ્રી મેન સાથે કોઝી બની..

## આ તસવીરમાં શાહીનને એક મિસ્ટ્રી મેન સાથે હાથ જોડીને સમુદ્રના નજારાનો આનંદ લેતા જોઈ શકાય છે

આલિયા ભટ્ટ અને રણબીર કપૂરે પરિવાર સાથે નવું વર્ષ ઉજવ્યું. તેણે થાઈલેન્ડમાં નવા વર્ષની ઉજવણી કરી. આ દરમિયાન આલિયા ભટ્ટની બહેન શાહીન ભટ્ટ પણ તેની સાથે હતી. શાહીન ભટ્ટે આ વેકેશનની ઘણી તસવીરો શેર કરી છે. ફોટામાં તે તેની માતા અને બહેન સાથે પોઝ આપતી જોવા મળી હતી. આ સિવાય તેણે એક ગ્રુપ ફોટો પણ શેર કર્યો હતો. આ ફોટોમાં સોની રાઝદાન, નીતુ કપૂર, રિદ્ધિમા કપૂર, અયાન મુખર્જી જેવા સ્ટાર્સ પણ જોવા મળ્યા હતા. શાહિને વેકેશન ખૂબ એન્જોય કર્યુ હતું. તેણે ફોટાના કેપ્શનમાં એક લાંબું કેપ્શન પણ લખ્યું છે. શાહીનનો એક ફોટો વાયરલ થઈ રહ્યો છે. આ તસવીરમાં શાહીનને એક મિસ્ટ્રી મેન સાથે હાથ જોડીને સમુદ્રના નજારાનો આનંદ લેતા જોઈ શકાય છે. ફોટામાં બંનેના ચહેરા દેખાતા નથી પરંતુ બંનેએ કાળા ચશ્મા પહેર્યા છે અને રહસ્યમય વ્યક્તિએ સફેદ શર્ટ પહેરેલુ જોઈ શકાય છે. શાહીનનો આ ફોટો જોઈને લોકો અનુમાન લગાવી રહ્યા છે કે તે અયાન મુખર્જીને ડેટ કરી રહી છે . જો કે આ મિસ્ટ્રી મેન કોણ છે તે અંગે શાહીને પોતે કોઈ પ્રતિક્રિયા આપી નથી.અયાન મુખર્જી વિશે વાત કરીએ તો તે રણબીર કપૂરનો ઘણો સારો મિત્ર છે. અયાને રણબીર સાથે વેક અપ સિદ, યે જવાની હે દીવાની અને બ્રહ્માસ્ત્ર બનાવી હતી. ત્રણેય ફિલ્મોને પસંદ કરવામાં આવી હતી.





રિલીઝ પૂર્વે ફિલ્મની ટીમ દ્વારા દેશના વિવિધ શહેરોમાં પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરાયું

# ચાર વર્ષે સોલો રિલીઝના કારણે રામ ચરણને એકલતાનો અનુભવ

કિઆરા અડવાણી અને રામ ચરણની ‘ગેમ ચેન્જર’ની રિલીઝ પૂર્વે ફિલ્મની ટીમ દ્વારા દેશના વિવિધ શહેરોમાં પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવી રહ્યું છે. મુંબઈ ખાતે યોજાએલી કોન્ફરન્સમાં રામ ચરણ, એસજે સૂર્યા, દિલ રાજુ અને અનિલ થડાની હાજર રહ્યાં હતાં. કિઆરા અડવાણીને ડોક્ટર દ્વારા આરામ કરવાની સલાહ આપવામાં આવી હોવાથી તે આ કોન્ફરન્સમાં હાજર રહી શકી નહોતી. આ ઈવેન્ટ દરમિયાન રામ ચરણે કહ્યું કે આ વખતે તેને બહુ એકલું લાગે છે કારણ કે આ વખતે ચાર વર્ષ પછી તેની એકની જ ફિલ્મ રિલીઝ થઈ રહી હોય તેવું બન્યું છે.આ ઈવેન્ટ દરમિયાન રામ ચરણે કહ્યું,“પહેલી વખત, હાલ મને બહુ એકલું લાગે છે, પરંતુ સાથે મને ઘણો આવકાર પણ મળી રહ્યો છે, કારણ કે તમે બધાં અહીં હાજર છો. ખબર નહીં, મારે પણ જલ્દી-જલ્દી ફિલ્મો કરવી છે, પણ ખબર નહીં કેમ આટલી વાર લાગે છે.’’ આ ફિલ્મમાં ડિરેક્ટર શંકર સાથે કામ કરવાના અનુભવ અંગે તેણે કહ્યું કે તે આરઆરનું છેલ્લું શૂટ કરી રહ્યો હતો ત્યારે તેને શંકરનો કોલ આવ્યો હતો જે તેના માટે સપનું સાકાર થવા જેવી બાબત હતી. કારણ કે તે શંકરની ફિલ્મો જોઈને મોટો થયો છે. તેઓ કમર્શીયલ અને ભવ્ય ફિલ્મો બનાવવા માટે જાણીતા છે. “તેમણે જ અમને બધાને પૅન-ઈન્ડિયા ફિલ્મની વ્યાખ્યા શીખવી છે. એ આપણા પ્રથમ પૅન ઈન્ડિયા ડિરેક્ટર છે.’’ રામ ચરણે એવું પણ કહ્યું કે તે નસીબદાર છે કે તેને રાજામૌલી અને શંકર જેવા ડિરેક્ટર સાથે કામ કરવાની તક મળે છે.



કિઆરા અડવાણી અને રામ ચરણની ‘ગેમ ચેન્જર’

ટ્વીટ પર વિદ્યાના રિસ્પોન્સ

ગાવસ્કર ટ્રોફી ટુર્નામેન્ટમાં કેપ્ટન રોહિતનો બહાર બેસવાનો નિર્ણય

# રોહિતને સપોર્ટ કર્યા પછી વિદ્યાએ ખુલાસા કરવા પડ્યા

ભારતીય ક્રિકેટ ટીમની બોર્ડર ગાવસ્કર ટ્રોફી ટુર્નામેન્ટમાં કૅપ્ટન રોહિત શર્માએ બહાર બેસવાનો નિર્ણય લીધો હતો. તેની પાછળ તેનો પોતાનો ખરાબ દેખાવ જવાબદાર હોવાનું માનવામાં આવતું હતું. જોકે, આ મુદ્દે તેને ઘણી ટીકોઓનો સામનો કરવો પડ્યો હતો અને સોશિયલ મીડિયા પર ક્રિકેટ ફૅન્સ તેમજ જાણીતા લોકો પણ બે જૂથમાં વહેંચાઈ ગયાં હતાં. જોકે, ઘણા લોકો એવા પણ આક્ષેપ કર્યા હતા કે આ રોહિત શર્માની પીઆર ટીમે રોહિતને બચાવવા માટે કરેલા પ્રયત્નોના ભાગે હતું. હવે આ મુદ્દે પોતાને બચાવી લેવા માટે વિદ્યા બાલનની ટીમ દ્વારા એક નિવેદન જાહેર કરવામાં આવ્યું છે.રોહિત શર્માએ જ્યારે મેચમાંથી બહાર લેવા નિર્ણય કર્યો તો ઘણા લોકોએ તેની નિવૃત્તિની માગણી કરી હતી. આ મુદ્દે રોહિત શર્માએ સ્ટાર સ્પોર્ટ્સને કહ્યું હતું, “હું જ્યારે કૅપ્ટન તરીકે કામ કરતો હોઉં ત્યારે આવનારા પાંચ કે છ મહિનામાં શું થવાનું છે એ અંગે હું વિચારતો નથી. તમારે નજીકના ભવિષ્યમાં શું જોઈએ છે એ તેના પર ધ્યાન આપવું મહત્વનું છે. અમારું બધું જ ધ્યાન આ પાંચ મેચ પર હતું. અમારે ટ્રોફી બચાવવાની હતી, અમારે જીતવાનું હતું. તો જ્યારે આપણે આવો નિર્ણય લઈએ છીએ, તો આપણે ટીમને ધ્યાનમાં રાખીને લઈએ છીએ.’’વિદ્યા બાલનની રોહિતની તરફેણમાં ટ્વીટથી આ ચર્ચાએ જોર પકડ્યું હતું. તેણે લખ્યું, “રોહિત શર્મા, કેવો સુપર સ્ટાર!! એક વિરામ લેવો અને શ્વાસ લેવા માટે ઘણી હિંમત જોઈએ..તને હજુ વધુ શક્તિ મળે સન્માન..!! રોહિત’’ તેણે કરેલાં આ સપોર્ટ પછી ઘણા લોકોએ એવાં નિવેદનો કર્યા હતાં કે વિદ્યા તો રોહિતને ઈન્સ્ટાગ્રામ પર ફોલો પણ કરતી નથી એટલે ટ્વીટ તો પીઆરનો એક ભાગ છે. ઘણા લોકોનો એવો દાવો પણ હતો કે વિદ્યાને રોહિતની પીઆર ટીમ દ્વારા આવું કરવા કહેવાયું હતું અને તેણે એ બાબતનો સ્ક્રીનશોટ પણ પહેલાં શેર કર્યો હતો પણ પછીથી એ ડિલીટ કરી દેવાયો હતો. રવિવારે વિદ્યા બાલનની ટીમ દ્વારા એક નિવેદન જાહેર કરાયું હતું, જેમાં કહેવાયું, “ભારતીય ક્રિકેટ ટીમના કૅપ્ટન રોહિત શર્માએ છેલ્લી મૅચમાંથી એક તરફ ખસીને જે ગરિમા જાળવી તેના માટે વિદ્યા બાલને જે લાગણી દર્શાવી તે ટ્વીટ અંગે કેટલીક ચર્ચાઓ ચાલી રહી છે. આ વાતને નિઃશંક જ રહેવા દઈએ કે વિદ્યા બાલને આ ટ્વીટ બિલકુલ પોતાની વ્યક્તિગત રીતે કરેલી કારણ કે તેમનો નિઃસ્વાર્થ નિર્ણય તેને સ્પર્શી ગયો હતો અને એ તેની પીઆર ટીમ દ્વારા કહેવાયું નહોતું. બાલન કોઈ બહુ નિયમિત ક્રિકેટ પ્રસંશક નથી, પરંતુ જે લોકો કોઈ પણ પરિસ્થિતિમાં ગરિમા અને ગૌરવ દર્શાવે છે તેમના પ્રસંશક છે. ત્યારે તેમની લાગણીને સહજ પ્રતિસાદથી અલગ કશું પણ માનવું એ બિલકુલ અવિવેક ગણી શકાય.’’



## મિસ્ટ્રી ગર્લ તલાક માટે જવાબદાર?

# મિસ્ટ્રી ગર્લ સાથે જુહુની હોટેલમાં દેખાયો ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ

## કોરિયોગ્રાફર ધનશ્રી વર્મા અને ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ વચ્ચે છૂટાછેડાની અફવાઓ ચાલી રહી છે

કોરિયોગ્રાફર ધનશ્રી વર્મા અને ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ વચ્ચે છૂટાછેડાની અફવાઓ ચાલી રહી છે. આ દરમિયાન યુઝવેન્દ્રનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તે હોટલના બારમાં એક અજાણી યુવતી સાથે જોવા મળ્યો હતો. કેમેરા સામે જોઈને તે પોતાનો ચહેરો છુપાવીને આગળ નીકળી ગયો હતો. ડાન્સર અને કોરિયોગ્રાફર ધનશ્રી વર્મા અને ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલની છૂટાછેડાની અફવાઓ વચ્ચે એક વીડિયો સામે આવ્યો છે. જેમાં ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ તાજેતરમાં મુંબઈમાં એક મિસ્ટ્રી ગર્લ સાથે જોવા મળ્યો હતો. બંનેનો એક વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં, યુઝવેન્દ્ર બેગી લાઈટ બ્લુ જીન્સ સાથે કેઝ્યુઅલ વ્હાઈટ ઓવરસાઈઝ ટી-શર્ટમાં જોઈ શકાય છે. જ્યારે મિસ્ટ્રી ગર્લ ડાર્ક ગ્રીન ઓવરસાઈઝ સ્વેટશર્ટમાં જોવા મળી રહી છે. કેમેરા જોઈને યુઝવેન્દ્ર પણ પોતાનો ચહેરો છુપાવતો જોવા મળ્યો હતો. આ પછી તે ઝડપથી ચાલતી કારમાં પણ જોવા મળ્યો હતો. યુઝવેન્દ્ર ચહલ સાથે આ છોકરીને જોઈને લોકો દરેક પ્રકારની અટકળો લગાવી રહ્યા છે. ઘણા લોકો આ વીડિયો પર કોમેન્ટ કરી રહ્યા છે અને યુઝવેન્દ્ર અને ધનશ્રી વર્માના કથિત છૂટાછેડાનું કારણ આ છોકરીને માની રહ્યા છે. યુઝવેન્દ્ર અને ધનશ્રીના છૂટાછેડાની અફવાઓ એ સમયે હેડલાઈન્સ બની જ્યારે ચાહકોએ જોયું કે, બંનેએ ઈન્સ્ટાગ્રામ પર એકબીજાને અનફોલો કરી દીધા છે. યુઝવેન્દ્ર ચહલે પણ પોતાના એકાઉન્ટમાંથી ધનશ્રી વર્માની તમામ તસવીરો હટાવી દીધી છે, જ્યારે ધનશ્રી પાસે હજુ પણ તેની કેટલીક તસવીરો છે. ૨૦૨૨ માં ધનશ્રીએ તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પરથી ‘ચહલ’ અટક કાઢી નાખી, જેના કારણે તેમના સંબંધોમાં તિરાડની અટકળો શરૂ થઈ. તે જ સમયે, યુઝવેન્દ્રએ તેની ઈન્સ્ટાગ્રામ વાર્તા પર એક ક્રિપ્ટીક પોસ્ટ લખી, “નવું જીવન લોડિંગ.’’ આનાથી લોકોને બંને વચ્ચેના સંબંધ વિશે વિચારવા મજબૂર થઈ ગયા છે.





# મહેસાણા સ્ટેશનના પૂર્વ ભાગમાં નવી અનરિઝર્વ્ડ ટિકિટ બુકિંગ ઓફિસ ખોલવામાં આવી





। અમદાવાદ, તા.૮ ।

યાત્રીઓની સુવિધા અને ટિકિટોની ઉપલબ્ધતામાં સરળતા માટે અમદાવાદ મંડળના મહેસાણા સ્ટેશનના પૂર્વ ભાગ (જૂના સ્ટેશન તરફ અને એસ્કેલેટરની પાસે) માં એક નવી અનરિઝર્વ્ડ ટિકિટ ઓફિસ ખોલવામાં આવી છે. મંડળ રેલવે પ્રવક્તા, અમદાવાદ દ્વારા આપવામાં આવેલ એક પ્રેસ રીલિઝ મુજબ વડનગરથી વલસાડ જનારી ટ્રેનોની અનરિઝર્વ્ડ ટિકિટો લેવામાં યાત્રીઓને ઘણી તકલીફોનો સામનો કરવો પડી રહ્યો હતો, જેના ઉકેલ માટે મહેસાણા સ્ટેશનના પૂર્વ ભાગમાં જૂના સ્ટેશન તરફ અને એસ્કેલેટરની પાસે એક નવી અનરિઝર્વ્ડ બુકિંગ ઓફિસ ખોલવાથી યાત્રીઓને થનારી તકલીફો દૂર થશે.

# ડાંગ જિલ્લાની 'નવજ્યોત શાળા સુબીર' ખાતે માર્ગ સલામતી અંગે સેમિનાર યોજાયો



। (માહિતી) ડાંગ, તા.૮ ।

માર્ગ સલામતી માસ - ૨૦૨૫ ની ઉજવણી અંતર્ગત તા.૦૭/૦૧/૨૦૨૫ ના રોજ ડાંગ જિલ્લાના સુબીર ખાતે આવેલ નવજ્યોત શાળામાં, આચાર્યશ્રી ફા.અમલરાજના માર્ગદર્શન હેઠળ આર.ટી.ઓ કચેરી વઘઈના શ્રી આર.એલ.ચૌધરી, તેમજ એસ.કે.પટેલ દ્વારા શાળામાં માર્ગ સલામતી અંગેનો સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં દ્રશ્ય શ્રાવ્યના માધ્યમથી વિદ્યાર્થીઓને વાહન સલામતી અંગેની વિષેસ સમજણ આપવામાં આવી હતી. જેમાં વાહન ચાલકની સ્પિડ લીમીટ, રોંગ સાઈડમાં વાહન ચલાવવા, દેખ રેખ વગર વાહનોને ઓવર ટેક કરવા, વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ કરવો, નશો કરીને વાહન ચલાવવું, થાકેલાં હોવા છતાંય ઉજાગરા કરીને વાહન ચલાવવું, વાહનને રેસ્ટ આપ્યાં વગર સતત ચલાવવું જેવા વિવિધ કારણોસર માર્ગ અકસ્માતોની ઘટનાઓ બનતી હોય છે. જેથી ટુ વ્હીલર વાહન હોય તો ફરજીયાત હેલ્મેટનો ઉપયોગ કરવો, તેમજ મોટા વાહનોમાં પણ ફરજીયાત સિટ બેલ્ટનો ઉપયોગ કરવો, વાહનની સ્પિડ મર્યાદા રાખવી, લાયસન્સ સાથે વાહન ચલાવવું, વાહન ચાલકે માર્ગ સુરક્ષાના નિયમોનું પાલન કરવા જેવા વિવિધ મુદ્દે માર્ગ સલામતિ જળવાય અને લોકો જાગૃત બને તે માટે વિદ્યાર્થીઓને ઉંડાણ પુર્વક સમજણ આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, માર્ગ સલામતી અંગે જાગૃતિ કેળવાય તે માટે આર.ટી.ઓ કચેરી તેમજ પોલીસ અને શિક્ષણ વિભાગ દ્વારા વિવિધ જગ્યાએ જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવી રહ્યા છે. તેમજ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જાહેર જનતાને ટ્રાફિક નિયમનનું પાલન કરવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

# વાપી મહાનગરપાલિકા જાહેર થયા બાદ નવનિયુક્ત કમિશ્નરશ્રી યોગેશ ચૌધરીના અધ્યક્ષસ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઈ



। (માહિતી) વાપી, તા.૮ ।

વાપી નગરપાલિકાને તા. ૦૧-૦૧-૨૦૨૫થી મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ નવનિયુક્ત થયેલા કમિશ્નરશ્રી યોગેશ ચૌધરી (આઈએએસ)ના અધ્યક્ષસ્થાને પ્રથમવાર પ્રેસ કોન્ફરન્સનું આયોજન થયું હતું. જેમાં વાપી મહાનગરપાલિકામાં સમાવેશ કરાયેલા ૧૧ ગામોમાં માળખાકીય સુવિધા વહેલી તકે ઉપલબ્ધ કરવાની અને ગ્રામ પંચાયતોમાં જે સેવાઓ પૂરી પાડવામાં આવતી હતી તે તમામ સુવિધાઓ મહાનગરપાલિકામાં પણ વધુ સારી અને સરળતાથી પૂરી પાડવામાં આવશે એવી ખાતરી કમિશ્નરશ્રીએ આપી હતી. બેઠકમાં પત્રકારોને સંબોધીને કમિશ્નરશ્રીએ વધુમાં જણાવ્યું કે, વાપી મહાનગરપાલિકામાં જે ૧૧ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે તેવા તમામ ગામોમાં સર્વાંગી વિકાસનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં ટૂંકા સમયગાળામાં જે રીતે ગામોમાં સુવિધાઓ પૂરી પાડવામાં આવતી હતી તેવી સેવાઓ સરળતાથી ગ્રામજનોને મળી રહે અને કોઈ તકલીફના પડે તે રીતનું આયોજન કરવામાં આવશે.

# કાશ્મીરી યુવા આદાન-પ્રદાન કાર્યક્રમ અંતર્ગત વિવિધ વિષયો ઉપર સેમિનાર યોજાયા



। (માહિતી) સુરત, તા.૮ ।

કાશ્મીરી યુવાનો એકતા અને દેશપ્રેમની ભાવના કેળવે, કટ્ટરપંથી પ્રવૃતિઓથી દૂર રહી પોતાનો સર્વાંગી વિકાસ સાધે એ માટે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના સહયોગથી કેન્દ્ર સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય હેઠળ કાર્યરત નેહરુ યુવા કેન્દ્ર-સુરત અને માય ભારત-સુરત દ્વારા કાશ્મીરી યુવા આદાન પ્રદાન કાર્યક્રમ યોજાઈ રહ્યો છે, જેના ભાગરૂપે વિવિધ સેમિનાર યોજી લાઈફ સ્કીલ, એન્ટરપ્રિનરશીપ, કરિયર ગાઈડન્સ, યુથ એજ્યુકેશન નોલેજ, યોગ ગરબા તેમજ કુંદન આર્ટ વિષે યુવાઓને માહિતગાર કરાયા હતા. પ્રથમ સેશનમાં ડો. વિજયભાઈ રાદડીયાએ કાશ્મીરી યુવાઓને ઉદ્યોગ સાહસિકતા અને નવીન ઉદ્યોગોની નવી તકો તેમજ બીજા સેશનમાં શ્રીમતી મનીષા વ્યાસે યુથ એજ્યુકેશન અને નોલેજ, કારકિર્દીની ભાવિ તકો વિશે માહિતગાર કર્યા હતા. કાર્યક્રમના બીજા દિવસે વહેલી સવારે યોગ ગરબા યોજાયા હતા, જેમાં યુવાઓ ઉત્સાહભેર જોડાયા હતા. ત્રીજા સેશનમાં કરિયર કાઉન્સિલિંગ અને મોટીવેશનલ યુવા સંવાદમાં વિકસિત ભારત વિશે શ્રી દિપેશ શાહે માર્ગદર્શન આપ્યું હતું. શ્રીમતી ડિમ્પલ લોટવાલાએ ઈન્ડિયન આર્ટ કુંદન વર્ક માટે વર્કશોપ યોજી કાશ્મીરી યુવાઓને જાણકારી આપી હતી. વક્તાઓએ રાષ્ટ્ર નિર્માણમાં યુવાનોની શક્તિ અને તેમની સામાજિક જવાબદારીઓના મહત્વ પર ભાર મૂક્યો હતો યુવાઓને સમાજમાં સકારાત્મક ફેરફાર લાવવા અને સક્રિય નાગરિક બનવા માટે પ્રેરિત કરાયા હતા. સંવાદ સત્રમાં કાશ્મીરી યુવાઓએ સ્વવિચાર, સ્વાનુભવો રજૂ કર્યા હતા.

# આસામના ઉમરાંગસોમાં ફસાયેલા ખાણિયાઓને બચાવવામાં મદદ માટે ભારતીય નૌકાદળની ટીમ તૈનાત





। આસામ, તા.૮ ।

આસામના દિમા હસાઓ જિલ્લામાં આવેલા દૂરના ઔદ્યોગિક નગર ઉમરાંગસોમાં ફસાયેલા ખાણિયાઓને બચાવવામાં મદદ માટેની તાકીદની વિનંતીના જવાબમાં ભારતીય નૌકાદળે મદદ કરવા માટે એક વિશિષ્ટ ટીમને તૈનાત કરી છે. ટીમમાં એક અધિકારી અને અગિયાર ખલાસીઓનો સમાવેશ થાય છે, તેમાં ઉચ્ચ પ્રશિક્ષિત ક્લિયરન્સ ડાઈવર્સ પણ સામેલ છે જે ઊંડા પાણીમાં ડાઈવિંગ અને બચાવ કામગીરીમાં કુશળ છે. ટીમ આ મહત્વપૂર્ણ અને સંવેદનશીલ મિશન માટે સંપૂર્ણ રીતે સજ્જ છે તથા શોધ અને બચાવ માટે ડીપ ડાઈવિંગ ગિયર્સ અને પાણીની અંદર રિમોટલી ઓપરેટેડ વ્હીકલ (ROVs) જેવા વિશિષ્ટ સાધનો ધરાવે છે. તાત્કાલિક અને અસરકારક પ્રતિસાદ સુનિશ્ચિત કરવા માટે ભારતીય સેના, NDRF અને સ્થાનિક નાગરિક વહીવટીતંત્ર સાથે નજીકના સંકલનમાં પ્રયાસ હાથ ધરવામાં આવી રહ્યો છે. ભારતીય નૌકાદળની ટીમ વિશાખાપટ્ટનમથી તારીખ ૦૭ જાન્યુઆરી ૨૫ના રોજ IAF દ્વારા સંકલિત એરલિફ્ટના માધ્યમથી ઘટનાસ્થળે પહોંચી હતી. સઘન શોધ અને બચાવ અભિયાનની સાથે સરળ અને સમયસર બચાવ કામગીરીને સુવિધાનજક બનાવવા માટે સંકળાયેલી તમામ એજન્સીઓ સાથે નિયમિત માહિતીની આપલે કરવામાં આવી રહી છે. ભારતીય નૌકાદળ સંકટના સમયે તાત્કાલિક સહાય પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ રહે છે. જે જીવનની સુરક્ષા અને કટોકટીમાં રાષ્ટ્રને સમર્થન કરવાના પોતાના સંકલ્પને દર્શાવે છે.

### તાલુકાની દરેક સમસ્યા ઉકેલવી મારી ફરજ છે : ધારાસભ્ય મહેશ ભૂરીયા

# ઝાલોદ ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા જંત્રીમા સુધારો કરવા માટે મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।

ગુજરાત સરકારના મહેસુલ વિભાગ દ્વારા ૨૦-૧૧-૨૦૨૪ ના રોજ મુસદ્દારૂપ જંત્રીના ભાવ વધારા અંગે ઠરાવ સચિવાલયમાં પાસ કરાવી આ અંગે માહિતી પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. જે અનુસંધાને ઝાલોદ તાલુકાના વ્યાપારી પ્રતિનિધિઓ દ્વારા આ જંત્રીના ભાવ વધારા અંગે વિરોધ પ્રદર્શિત કરવા ઝાલોદ ધારાસભ્ય મહેશ ભૂરીયાને ૦૬-૧૨-૨૦૨૪ ના રોજ એ.પી. એમ.સી ખાતે ભેગા થઈ રજૂઆત કરેલ હતી. આ અંગે ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા આ અંગે મુખ્યમંત્રીને મળી આ અંગે ફેરવિચારણા કરવા ખાત્રી આપી હતી.

ઝાલોદ તાલુકાના વ્યાપારી તેમજ સમગ્ર નગરજનો તેમજ તાલુકાના દરેક લોકોની આ સમસ્યાને તાત્કાલિક વાચા આપતા ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા ૦૭-૦૧-૨૦૨૫ ના રોજ મુખ્યમંત્રીને મળી લેખિત રજૂઆત કરેલ હતી અને આ વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈ જંત્રી નક્કી કરવા અનુરોધ કર્યો હતો. હાલની જંત્રી મુજબ મુખ્ય રસ્તાને અડીને આવેલ જમીન તથા અંતરિયાળ વિસ્તારમાં આવેલ જમીન બંનેનો ભાવ એક સરખો ૮૧૦૦ કરી દેવામાં આવેલ છે. જંત્રી મુજબ ૯૦૦ ના બમણા ૧૮૦૦ કરવામાં આવેલ છે જેના કરતા પાંચ ગણો વધારો કરવામાં આવેલ છે. જેમાં ઘટાડો કરી ૧૮૦૦ કરવા માટે ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા માંગણી કરવામાં આવેલ છે તેમજ ઝાલોદ નગરના અંતરિયાળ ગામડાઓ જે અલ્પ વિકસિત છે ત્યા ફરી સર્વે કરી ભાવ નક્કી કરવા માટે માંગણી કરવામાં આવેલ છે. રહેણાંક, ફ્લેટ, દુકાનની ૨૦% નો ભાવ વધારો કરાય, નગરપાલિકા વિસ્તારમાં ૨૦૧ સીટી સર્વેના નંબરો મિસીંગ છે જેનો જંત્રીમા સમાવેશ કરવો, નગરપાલિકા વિસ્તારમાં આવેલ ખેતીની જમીન જેનો જૂનો ભાવ ૧૫૮ છે તેને ૩૧૬ માન્ય રાખવું તેમજ ૨૦૨૪ ની જંત્રીના સર્વે મુજબ ૫૮૫૦ કરેલ છે જેમાં સુધારો કરવો, દુકાનોનો ભાવ મુખ્ય માર્ગ પર અને નાની ગળી કે ખુણા ખાંચામાં આવેલ દુકાનોના જંત્રીના ભાવ અલગ અલગ રાખવા જેવા મુદ્દા રજૂ કરી જંત્રીના ભાવ ઓછા કરવા મુખ્યમંત્રી પાસે ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા લેખિતમાં માંગ કરવામાં આવેલ છે.

ધારાસભ્ય મહેશ ભૂરીયા સાથે વાત કરતા તેઓએ કહ્યું હતું કે ઝાલોદ તાલુકા નહીં પણ આખા દાહોદ જિલ્લામાં જંત્રીના ભાવમાં ફેર વિચારણા કરવા માટે તેઓ દ્વારા રજુઆત કરવામાં આવેલ છે. ઝાલોદ તાલુકાના ધારાસભ્ય તરીકે કોઈ પણ સમસ્યા કે વિકાશ અંગે પ્રસ્તાવ કે સૂઝાવ મળશે તેને કાયદાકીય મુજબ ધ્યાને લઈ તે અંગે સચોટ કામગીરી હાથ ધરશે તેમ કહ્યું હતું તેમજ પ્રજા દ્વારા ધારાસભ્ય તરીકે ચૂંટેલ છે તો પ્રજાના દરેક સાચા અને સારા કાર્ય કરવા માટે તેઓ કટિબદ્ધ છે તેમ કહ્યું હતું.

# ડાંગ જિલ્લાની સંકલિત બાળ વિકાસ યોજના અધિકારીશ્રીની કચેરી દ્વારા પોષણ માસની ઉજવણી કરવામાં આવી



। (માહિતી) ડાંગ, તા.૮ ।

આઈ.સી.ડી.એસ શાખા દ્વારા આહવા તાલુકાની વિવિધ જગ્યાએ વાનગી સ્પર્ધાઓનું આયોજન કરાયું : મહિલા અને બાળ વિકાસ વિભાગ લાભાર્થીઓના પોષણ અને આરોગ્ય માટે સતત પ્રયત્નશીલ છે. બાળકો, કિશોરીઓ, સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતાઓ સુપોષિત બને તે માટે તેઓના રોજિંદા આહારમાં પૌષ્ટિક ખાધ્યો નો ઉપયોગ થાય તે ખુબ જરૂરી છે. બાળકો, કિશોરીઓ, સગર્ભા મહિલાઓ, ધાત્રી માતાઓ માટે જરુરી કેલરી પ્રોટીન અને સુક્ષ્મ પોષકતત્વો યુક્ત ટેક હોમ રાશન (માતૃશકિત, બાલશકિત અને પૂર્ણાશક્તિ) દર માસે વિનામૂલ્યે આંગણવાડી કેંદ્રમાંથી તેમની દૈનિક પોષણની જરૂરીયાતના એક તૃતીયાંશ ભાગનું પોષણ પૂરૂ પાડવા માટે આપવામાં આવે છે. મિલેટ (શ્રી અન્ન) નાના દાણા વાળા ધાન્ય પાકોનું જુથ છે. જેમાં વિવિધતાસભર પાકો જેવા કે, બાજરી, જુવાર, નાગલી (રાગી), કાંગ, ચેણો, બંટી (સામો). કોદરી, વરી વગેરેનો સમાવેશ થાય છે. જેમાં મોટા ભાગના પાકોનું મૂળ ભારત છે અને તે ભારતના પ્રાચીન અને ગુણકારી પાકો તરીકે પણ ઓળખવામાં આવે છે. મિલેટ (શ્રી અન્ન) આરોગ્ય અને પોષણને પ્રોત્સાહન આપતા ગુણધર્મો ધરાવે છે. ટેક હોમ રાશન (માતૃશકિત, બાલશકિત, અને પૂર્ણા શક્તિ), મિલેટ (શ્રીઅન્ન)તેમજસરગવાજેવાપૌષ્ટીકખાધ્યોમદદથી પૌષ્ટીક વાનગી/ ખોરાકની રોજીંદા જીવનમાં ઉપયોગ કરે તેવા શુભઆશયથી પોષણયુક્ત વાનગીઓ અંગેના જુદા-જુદા સ્તર પર પોષ્ટિક વાનગી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જે કાર્યક્રમ અંતર્ગત આઈ.સી.ડી.એસ શાખા આહવા ઘટકના આહવા સેજામાં આંગણવાડી કેંદ્ર ડુંગરી ફળીયામાં તા.૦૩/૦૧/૨૦૨૫ના રોજ સેજા કક્ષાનો પોષણ ઉત્સવનો કાર્યક્રમ કરવામાં આવ્યાહતો. જેમાં આઈ.સી.ડી.એસના પ્રોગ્રામ ઓફિસર સુ.શ્રી જ્યોત્સનાબેન, સી.ડી.પી.ઓ સુ.શ્રી સોનલબેન, સહિત અન્ય કર્મચારીઓ ગ્રામ પંચાયતના સદસ્ય તથા લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેવી જ રીતના શામગહાન સેજામાં તા.૦૪/૦૧/૨૦૨૫ના રોજ શ્રી મહિલા જાગૃતિ કેડરેશન ઓફિસ ખાતે સેજા કક્ષાનો પોષણ ઉત્સવનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સેજાના મુખ્ય સેવિકા, મહિલા અને બાળકચેરીના કર્મચારી, ગ્રામ પંચાયત શામગહનના સરપંચ સુ.શ્રી લલિતાબેન ટીટેસભાઈ ચાંદેલકર કારોબારી સમિતિના સભ્ય શ્રી રાજુભાઈ એલ, પંચાયતના સભ્ય શ્રી ચંદુભાઈ ટી ગાવિત શ્રી પ્રકાશભાઈ શ્રી દેવરામભાઈ શ્રી સંતોષભાઈ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે પિતા તમને સંપત્તિના વારસામાંથી બેદખલ કરી શકે છે.પણ હિંમત હારતા નહીં. ઐશ્વર્ય મનને લાડ લડાવે છે જ્યારે અછત તેને મજબૂત બનાવે છે. આજે પાર્ટી માં તમારી મુલાકાત કોઈ એવા માણસ થી થયી શકે છે જે તમને નાણાકીય પક્ષ મજબૂત કરવા માટે મહત્વપૂર્ણ સલાહ આપી શકે છે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે ઝળહળતો અને ખડખડાટ હાસ્યથી ભરેલો દિવસ જ્યારે મોટા ભાગની ઘટનાઓ તમારી ધારણા મુજબ આકાર લેશે. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ? તમારી સમયસરની મદદ કોઈકનું જીવન બચાવશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારી ધીરજ ખોતા નહીં ખાસ કરીને મુશ્કેલીના સમયમાં. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. તમારૂં ખુશમિજાજ વર્તન પારિવારિક જીવનને પ્રબુદ્ધ બનાવશે. આવું ઈમાનદાર સ્મિત ધરાવનારનો સામનો બહુ ઓછા લોકો કરી શકે છે. તમારૂં ધૂંધળું જીવન તમારા જીવનસાથીને ટેન્શન આપશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્ત્રોત બનશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે. કલ્પનાઓ કે તરંગ-તુક્કા પાછળ દોડશો નહીં તથા વધુ વાસ્તવવાદી બનવાનો પ્રયાસ કરો-તમારા મિત્રો સાથે વધુ સમય વિતાવો- એનાથી તમને સારું લાગશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. ગ્રહ નક્ષત્રો ની સ્થિતિ આજ ના દિવસ માટે સારી નથી તેથી આજ ના દિવસે તમારે તમારા ધન ની ખાસ શુક્ક્ષ રાખવી જોઈએ? પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્ત્રોત બનશે. તમારો પ્રેમ અસ્વીકારને આમંત્રમ આપશે. તમારી કમાવવાની ક્ષમતા કઈ રીતે વધારવી તે માટેની જાણકારી તથા શક્તિ તમારામાં હશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ. બાળકો તમારૂં ધ્યાન માગે છે પણ બદલામાં ખુશીઓ આપે છે. થોડા ઘણાં સંઘર્ષ છતાં, આજે તમારૂ પ્રેમ જીવન સારૂ રહેશે અને તમે તમારા જીવનસાથી ને ખુશ રાખવા માં સમર્થ હશો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ સુધારવા માટે ગંભીર પ્રયાસ હાથ ધરો. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિઝૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પણ સમસ્યા ઉકેલવામાં મિત્ર ખૂબ જ મદદરૂપ થશે. તાણ ભગાવવા માટે શાતા પહોંચાડે તેવું સંગીત સાંભળો. રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ. તમારા માતા-પિતાને ખુશ કરવામાં તમને મુશ્કેલી પડશે. હકારાત્મક પરિણામ આપવા માટે સમજવાનો પ્રયાસ કરો તથા પરિસ્થિતિને તેમના દૃષ્ટિકોણથી જોવાની કોશિષ કરો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. આજે તમે તમારા જીવન ની મુશ્કેલીઓ તમારા જીવનસાથી સાથે વહેંચવા માંગો છો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. બાળકો શાળાને લગતા પ્રૉજેક્ટ્સ વિશે સલાહ માગી શકે છે. તમારા પ્રિયપાત્ર આજે રૉમેન્ટિક મૂડમાં રહેશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તાણથી મુક્ત થવા માટે તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો. બાળકોમાં રહેલી ઈલાજની શક્તિની અનુભૂતિ તમને થશે. કેમ કે તેઓ આ પૃથ્વી પરના સૌથી આધ્યાત્મિક અને સંવેદનશીલ વ્યક્તિઓમાં છે. તમને જાતે જ લાગશે કે તમારામાં શક્તિનો સંચાર થયો છે. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો.





વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશાખાપટ્ટનમ પહોંચ્યા ત્યારે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુ, નાયબ મુખ્યમંત્રી પવન કલ્યાણ અને રાજ્યપાલ એસ. અબ્દુલ નઝીર દ્વારા સ્વાગત કરવામાં આવ્યું.

## ન્યુઝ બોક્ષ

### હૈદરાબાદમાં ૨૦થી વધુ શ્વાનને બાંધી ૪૦ ફૂટ ઊંચા પુલ પરથી ફેંકી દેવાયાં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

હૈદરાબાદના એક ગામમાંથી કૂતરાઓ પર ક્રૂરતાનો એક ભયાનક કિસ્સો સામે આવ્યો છે. અહીંના સંગારેડ્ડીના એડુમાઈલારામ નામના ગામમાં અજાણ્યા લોકોએ કથિત રીતે ૨૦થી વધુ કૂતરાઓને મારી નાખ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ શ્વાનોને ૪૦ ફૂટ ઊંચા પુલ પરથી નીચે ફેંકી દેવામાં આવ્યા હતા, ત્યારબાદ ૨૧ કૂતરાઓના મોત થયા હતા. અન્ય ૧૧ કૂતરાઓની હાલત ગંભીર છે. આરોપીઓએ આ કૂતરાઓના હાથ, પગ અને મોં બાંધી દીધા હતા. આ ઘટના ૪ જાન્યુઆરીએ પ્રકાશમાં આવી હતી જ્યારે પ્રાણીઓ માટે કામ કરતી સંસ્થા સિટીઝન્સ ફોર એનિમલ્સના કેટલાક સ્વયંસેવકોને ઘટનાસ્થળની નજીકથી મરણચીસો સંભળાવાની માહિતી મળી હતી.સિટીઝન્સ ફોર એનિમલ્સ સંસ્થાએ જણાવ્યું હતું કે, ફરિયાદ પછી જ્યારે તેઓ ત્યાં પહોંચ્યાં તો એક ભયાનક દ્રશ્ય જોયું. ત્યાં કેટલાક ઘાયલ કૂતરાઓ હતા જેઓ તેમના મૃત સાથીઓના સડતા મૃતદેહો વચ્ચે ભયાનક પીડાથી કણસી રહ્યાં હતાં. કેટલાંક મૃતદેહો પાણીમાં તરી રહ્યા હતા. સંગઠને કહ્યું હતું કે તેઓએ તરત જ પોલીસને જાણ કરી હતી અને અમે એનિમલ વોરિયર્સ કન્ઝર્વેશન સોસાયટી અને પીપલ ફોર એનિમલ્સ હૈદરાબાદ પાસેથી મદદ માંગી હતી. સંસ્થાના એક સ્વયંસેવક પૃથ્વી પનેરુએ જણાવ્યું હતું કે ઘણા પ્રયત્નો પછી ૧૧ ઘાયલ કૂતરાઓને બચાવીને તેમને શેલ્ટરમાં લઈ જવામાં આવ્યા હતા.

### ગ્વાલિયરમાં કોલકતા જેવી ઘટના જુનિયર મહિલા તબીબ સાથે દુષ્કર્મ

। (એજન્સી) ગ્વાલિયર, તા.૮ ।

મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં કોલકાતાની આરજી કર હોસ્પિટલ જેવી જૂનિયર ડોક્ટરની સાથે બળાત્કારની ઘટના બની છે. પીડિત જૂનિયર ડોક્ટરે આરોપ લગાવ્યો કે તેની સાથે જ એમબીબીએસમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીએ ડરાવી-ધમકાવીને બળાત્કાર કર્યો હતો. આ મામલા પછી ફરી એક વાર કોલકાતામાં બનેલી આરજી કર મેડિકલ કોલેજની ઘટના તાજી થઈ અને વિદ્યાર્થિનીઓની સુરક્ષા પર પ્રશ્નો પેદા થયા છે. જૂનિયર મહિલા ડોક્ટર દતિયાથી એમબીબીએસની ફાઈનલ યરની પરીક્ષા આપવા ગ્વાલિયર આવી હતી. જ્યાં સાથી વિદ્યાર્થી(આરોપી) ખોટું બોલીને બોયજ હોસ્ટેલમાં લઈ ગયો, અને પછી બળાત્કાર કર્યો હતો. આ મામલામાં પોલીસે આરોપીની ધરપકડ કરીને ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે. પોલીસના કહેવા પ્રમાણે, એક ૨૫ વર્ષીય જૂનિયર ડોક્ટરે ફરિયાદ નોંધાવી છે કે એ દતિયાની રહેવાસ છે અને એમબીબીએસના ફાઈનલ યરની વિદ્યાર્થિની છે. ફાઈનલ યરમાં તેને એક વિષયમાં બેક આવ્યા પછી એ પરીક્ષા આપવા ગ્વાલિયર આવી હતી. પરીક્ષા પછી તેને ગ્વાલિયરમાં જ એમબીબીએસનો અભ્યાસ કરનાર ડોક્ટર સંજય કુમાર ઈવાન ખોટું બોલીને બોયજ હોસ્ટેલમાં લઈ ગયો અને પોતાના રૂમમાં ડરાવી-ધમકાવીને દુષ્કર્મ આચર્યુ હતું. એટલું જ નહીં, પ્રતિકાર કરવા પર મારી નાખવાની ધમકી આપી હતી. છેવટે આરોપીને પાઠ ભણાવવા માટે પીડિતાએ કંબૂ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### ટીમના ભાવિને ધ્યાનમાં રાખીએ તો પ્રદર્શન આધારિત પસંદગી જરૂરી

# સુપરસ્ટાર કલ્ચર ટીમને આગળ નહીં લઈ જાય, પ્રદર્શન મહત્વનું છે : હરભજન

। (એજન્સી) મુંબઈ, તા.૮ ।

ભારતના ભૂતપૂર્વ ટેસ્ટ ક્રિકેટર અને સફળ ઓફ સ્પિનર હરભજનસિંઘે ભારતીય ટીમના ઓસ્ટ્રેલિયા સામેના કંગાળ પ્રદર્શનથી નારાજગી વ્યક્ત કરી હતી અને બીસીસીઆઈને અરજ કરી હતી કે ટીમમાં સુપરસ્ટાર કલ્ચરનો અંત લાવો અને માત્ર પ્રદર્શન આધારિત પસંદગી કરો. હરભજનસિંઘે ભવિષ્યની સિરીઝ કે ટુર્નામેન્ટ માટે ટીમની પસંદગી થાય ત્યારે જે તે ખેલાડીની પ્રતિષ્ઠા નહીં પરંતુ તેના પ્રદર્શનને ધ્યાનમાં લેવામાં આવે તેવી અરજ કરી હતી.ઓસ્ટ્રેલિયા સામેની બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં રવિવારે સિડનીમાં ભારતના પરાજય સાથે ૧-૩થી થયેલા પરાજય બાદ હરભજને આ કોમેન્ટ કરી હતી. એક દાયકા બાદ ભારતે આ ટ્રોફી ગુમાવી હતી. આ સિરીઝમાં પર્થ ખાતેની પ્રથમ ટેસ્ટ ભારતે બુમરાહની આગેવાનીમાં જીતી હતી પરંતુ ત્યાર બાદની ચારેય ટેસ્ટમાં ભારતનો દેખાવ કંગાળ રહ્યો હતો. હરભજને પોતાનો આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે ટીમમાં હવે સુપરસ્ટાર કલ્ચર વિકસી રહ્યું



છે. જ્યારે હકીકત એ છે કે આપણને સુપર સ્ટાર જોઈતા નથી પરંતુ એવા ખેલાડીની જરૂર છે જે પ્રદર્શન કરતા હોય. જો પ્રદર્શન કરનારા ખેલાડી ટીમમાં હશે તો ટીમ આગળ ધપશે. જેઓ સુપરસ્ટાર બનવા માગતા હોય તેમણે ઘરે જ રહેવું જોઈએ અને ત્યાં જ રમવું જોઈએ. ઈંગ્લેન્ડનો પ્રવાસ આવી રહ્યો છે. હવે દરેક વ્યક્તિ ઈંગ્લેન્ડમાં શું બનશે તે અંગે ચર્ચા કરવાની શરૂઆત કરી દેશે. કોણ જશે, કોણ નહીં જાય તે અંગે ચર્ચા થશે. મારા માટે આ સરળ બાબત છે. જે ખેલાડી સારો દેખાવ કરી રહ્યો છે તે ઈંગ્લેન્ડ જશે. તમે કોઈ ખેલાડીને માત્ર તેની પ્રતિષ્ઠાને કારણે પસંદ કરી શકો નહીં તેમ હરભજને તેની યૂટ્યૂબ ચેનલ પર જણાવ્યું હતું.આમ કહીને તેણે ઉમેર્યુ હતું કે જો આમ જ હોય અને સ્ટાર્સને જ પસંદ કરવાના હોય તો તમારે કપિલદેવ કે અનીલ કુંબલેને પસંદ કરવા જોઈએ. આમ આ મામલે બીસીસીઆઈ અને તેના પસંદગીકારોએ મજબૂત બનીને આકરા નિર્ણય લેવા પડશે. મને નથી લાગતું કે સુપરસ્ટાર અભિગમ ટીમને આગળ લઈ જઈ શકે છે. ઓસ્ટ્રેલિયા સામેની પાંચ મેચની સિરીઝમાં કેપ્ટન રોહિત શર્મા અને વિરાટ કોહલી સદંતર નિષ્ફળ રહ્યા હતા. આ સિરીઝમાં પરાજયને કારણે ભારતે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી તો ગુમાવી હતી પરંતુ સાથે સાથે તે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલની રેસમાંથી પણ બહાર નીકળી ગયું હતું. વિરાટ કોહલીએ પાંચ મેચમાં એક સદી ફટકારી હતી પરંતુ તે કુલ મળીને માત્ર ૧૯૦ રન કરી શક્યો હતો. મોટા ભાગની ઈનિંગ્સમાં તે ઓફ સ્ટમ્પની બહાર જતાં બોલને રમવા જતાં સ્લીપમાં અથવા તો વિકેટકીપરના હાથમાં ઝડપાઈ જતો જોવા મળ્યો હતો.

### નૌકાદળના ડાઈવર્સ પહોંચ્યા, ૩૦૦ ફૂટ ઊંડી ખાણમાં અચાનક પાણી ભરાઈ ગયું

# આસામમાં કોલસાની ખાણમાં ફસાયેલા ૯ માંથી ૩ શ્રમિકોનાં મોત

### આસામના દીમા હસાઓ જિલ્લામાં કોલસાની ખાણમાં અચાનક પાણી ભરાઈ ગયું હોવાની ઘટના બની છે



। (એજન્સી) હાફલોંગ, તા.૮ ।

આસામના દીમા હસાઓ જિલ્લામાં કોલસાની ખાણમાં અચાનક પાણી ભરાઈ ગયું હોવાની ઘટના બની છે. આ ઘટનામાં ઓછામાં નવ મજૂરો સોમવારે સવારથી ફસાયેલા છે. આ પૈકીના ત્રણ શ્રમિકોનું મોત નિપજ્યાંના અહેવાલ છે. આ ઘટના આસામ-મેઘાયલની સરહદ પાસે આવેલી પર્વતીય દીમા હસાઓ જિલ્લાના ઉમરંગસૂની કોલસાની ખાણમાં બની છે. આ મામલામાં પોલીસે ખાણના માલિક પુનીશ નુનિસાની ધરપકડ કરી છે.પ્રાથમિક માહિતી પ્રમાણે ખાણની અંદર ત્રણ મજૂરોના મૃતદેહ પહેલાથી જ મળી ચુક્યા છે, પરંતુ હજુ તેમના મૃતદેહ બહાર કાઢી શકાય નથી. સ્થિતિની ગંભીરતાને જોતા મંગળવારે બચાવ અભિયાન શરુ કરવા માટે એનડીઆરએફની ૩૦ ટીમો અને એસડીઆરએફની આઠ ટીમો ઘટના સ્થળે પહોંચી છે. ભારતીય નૌકાદળ અને આસામ રાઈફલ્સના ગોતાખોર તથા મેડિકલ ટુકડીઓની સાથે એન્જિનિયર્સ ટાસ્ક ફોર્સ રેસ્ક્યુ ઓપરેશનમાં સામેલ થઈ ગઈ છે. સ્થાનિક મીડિયા રિપોર્ટ મુજબ, સોમવારે સવારે ૨૭ મજૂરો ખાણની અંદર આવ્યા હતા. પાણીના ધસમસતા પ્રવાહને કારણે કેટલાક મજૂરો ખાણની અંદર ફસાઈ ગયા, જ્યારે કેટલાકને બહાર કાઢવામાં સફળતા મળી હતી. આસામ-મેઘાલય સરહદ પાસે આવેલી રેટ માઈનર્સની આ ખાણ ૩૦૦ ફૂટ ઊંડી છે, એમાં ૧૦૦ ફૂટ જેટલું પાણી ભરાઈ ચુક્યું છે, જેના કારણે બચાવ કાર્ય વધુ મુશ્કેલ થઈ ગયું છે. બચાવ ટુકડીઓ ફસાયેલા મજૂરો સુધી પહોંચવા અને તેમને સુરક્ષિત બહાર કાઢવા માટે પ્રયાસો કરી રહી છે. બે મોટરની મદદથી પાણી બહાર કાઢવામાં આવી રહ્યું છે. આ ઘટનામાં આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ ત્વરિત મજૂરોને બચાવવા માટે કામગીરી શરુ કરવા આદેશ આપ્યાં છે. એક સાક્ષીના કહેવા પ્રમાણે અચાનક પાણી આવ્યું ગયું, જેના કારણે મંજૂરો ખાણમાંથી બહાર નીકળી શક્યા નહીં.

# ઓસી. સામે હાર બાદ શમીની ગેરહાજરી અંગે સવાલો ઉઠ્યા

### રવિ શાસ્ત્રી અને રિકી પોન્ટિંગનું માનવું છે કે શમીની યોગ્ય દરકાર કરાઈ હોત તો ભારતીય ટીમ જીતી શકે તેમ હતી

। (એજન્સી) સિડની, તા.૮ ।

ભારતનો મોખરાનો ઝડપી બોલર મોહમ્મદ શમી છેલ્લા કેટલાક સમયથી ઈજાને કારણે ટીમની બહાર છે અને તેના ટીમમાં સમાવેશ અંગે રાહ જોવાઈ રહી છે પરંતુ તેની ઈજાના મેનેજમેન્ટ દ્વારા હજી સુધી તેને મંજૂરી અપાઈ નથી. આ અંગે હવે સવાલો ઉઠી રહ્યા છે કેમ કે તાજેતરમાં પૂર્ણ થયેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ટીમને તેની ખૂબ જરૂર હતી અને તેમાં ભારતનો કારમો પરાજય થયો હતો. રવિ શાસ્ત્રી અને રિકી પોન્ટિંગ જેવા ભૂતપૂર્વ ક્રિકેટર્સે તેની ઈન્જરી મેનેજમેન્ટ અંગે સવાલો કર્યા છે.

બંનેનું માનવું છે કે કમસે કમ સિડની ટેસ્ટમાં શમી હાજર હોત તો પરિણામ અલગ આવ્યું હોત.સિડની ખાતે રમાયેલી ટેસ્ટના ત્રીજા દિવસે ભારતનો છ વિકેટે પરાજય થયો હતો. ત્રીજા દિવસે ઘાયલ જસપ્રિત બુમરાહ બોલિંગ કરી શક્યો ન હતો અને તેને કારણે ભારતીય બોલર્સ લડત આપી શક્યા ન હતા. ક્રિકેટ નિષ્ણાતોનું માનવું છે કે એ દિવસે બુમરાહની ગેરહાજરીમાં મોહમ્મદ શમી ભારતીય



ટીમમાં હોત તો કદાચ પરિસ્થિતિમાં ફરક પડી ગયો હોત. સિડનીના પરાજય સાથે ભારતે એક દાયકા સુધી જાળવી રાખેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફી ગુમાવવાનો વારો આવ્યો હતો. મોહમ્મદ શમીને કોણીની ઈજા હતી અને તેમાંથી સાજા થયા બાદ તે બંગાળની ટીમ માટે રણજી ટ્રોફી, સૈયદ મુસ્તાક અલી ટ્રોફી અને વિજય હઝારે ટ્રોફી આમ રમતના ત્રણેય ફોર્મેટમાં રમ્યો હતો. આમ તેણે મેચ ફિટનેસ પણ પુરવાર કરી દીધી હતી. માત્ર ફિટનેસ જ નહીં પરંતુ તેણે પ્રભાવશાળી બોલિંગ પણ કરી હતી અને સાથે સાથે ઓસ્ટ્રેલિયા પ્રવાસે ગયેલી ભારતીય ટીમમાં વિલંબથી પ્રવેશ માટેની આશા જગાવી હતી. પરંતુ મેલબોર્ન ખાતેની ચોથી ટેસ્ટ અગાઉ તેના ઢીંચણ પર સોજો છે તેવા કારણસર બીસીસીઆઈની મેડિકલ ટીમે તે સિરીઝમાં રમી શકશે નહી તેમ સત્તાવાર રીતે જાહેર કર્યુ હતું. જોકે રવિ શાસ્ત્રી અને રિકી પોન્ટિંગ બંનેનું માનવું છે કે શમીને ઓસ્ટ્રેલિયા મોકલી શકાયો હોત. ભારતીય ટીમના ભૂતપૂર્વ કોચ રવિ શાસ્ત્રીએ જણાવ્યું હતું કે પ્રમાણિકતાથી કહું તો મોહમ્મદ શમી સાથે જે કાંઈ થયું તે વિશે મીડિયાને જે રીતે માહિતગાર કરાયું હતું તે જોઈને મને આશ્ચર્ય થયું હતું.

રિકવરી થઈ રહી હતી ત્યારે શમી ક્યાં હતો? તે કેટલા સમય માટે એનસીએમાં રહ્યો તે અંગે મને કોઈ જાણકારી નથી. તેની ખરેખર સ્થિતિ શું છે તે અંગે શા માટે યોગ્ય વાતો બહાર આવતી ન હતી. તેના જેવી ક્ષમતા ધરાવતા ખેલાડીને હું ઓસ્ટ્રેલિયામાં હોય તેમ ઈચ્છતો હતો. શાસ્ત્રીએ ઉમેર્યુ હતું કે સિરીઝમાં શમીની હાજરીથી ઘણો ફરક પડી ગયો હોત તેમાં મને કોઈ શંકા નથી. શમી કમ સે કમ ભારતીય ટીમની સાથે પ્રવાસ કરતો હોત તો પણ ટીમને ઘણો લાભ થયો હતો.

## વિશેષ

“વોકલ ફોર લોકલ” અંતર્ગત

# રાજ્ય સરકાર દ્વારા અંદાજે રૂ. ૨૩ લાખના ખર્ચે ૪૪૪ જેટલા કારીગરોને પતંગ બનાવવાની તાલીમ અપાઈ

। (માહિતી) ગાંધીનગર ।

આધુનિક ટેકનોલોજીના યુગમાં પણ પતંગ બનાવવાનું ૯૫ ટકા કામ ફક્ત હાથ વડે થાય છે ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થા દ્વારા રાજ્યના ૧૨ જિલ્લાઓમાં તાલીમ વર્ગો યોજાયા ગુજરાતમાં “ઉત્તરાયણ” પર્વ નિમિત્તે દર વર્ષે કરોડો રૂપિયાના પતંગનું વેચાણ થતું હોય છે, જેના પરિણામે આ ઉદ્યોગ થકી લાખો ભાઈ-બહેનોને રોજગાર મળી રહે છે. રાજ્યમાં ઘણા પરિવારો માટે પતંગ ઉદ્યોગ આજીવિકાનું એક સાધન બન્યો છે. આધુનિક ટેકનોલોજી-AIના યુગમાં પણ પતંગ બનાવવાનું ૯૫ ટકા કામ ફક્ત હાથ વડે થાય છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના “વોકલ ફોર લોકલ”ના સૂત્રને સાકાર કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં તેમજ કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુત અને રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માના નેતૃત્વમાં રાજ્ય સરકાર ગ્રામોદ્યોગ દ્વારા રોજગારી ઉભી કરવા માટે સતત કાર્યશીલ છે. જે અંતર્ગત ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થા, ગાંધીનગર દ્વારા પતંગ બનાવવા માટે રાજ્યભરમાં કૌશલ્ય નિમાર્ણ તાલીમ વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. જે સંદર્ભે ચાલુ વર્ષે રાજ્ય સરકાર દ્વારા અંદાજે રૂ. ૨૩ લાખના ખર્ચે ૪૪૪ જેટલા કારીગરોને ઘરે બેઠા પતંગ બનાવવાની તાલીમ આપીને રોજગારી માટે સક્ષમ કરવામાં આવ્યા છે. સંસ્થા દ્વારા આપવામાં આવતી આ તાલીમનો મોટા પ્રમાણમાં રોજગાર ઈચ્છુક નાગરિકો લાભ લઈ રહ્યા છે. સંસ્થા દ્વારા રોજગારલક્ષી તાલીમ માટે પતંગ વ્યવસાય ગુજરાતના પ્રત્યેક જિલ્લામાં વિકસે તે માટે ખેત મજૂરી તેમજ છૂટક



મજૂરી કરતા ભાઈઓ તથા બહેનોને તાલીમ આપવામાં આવે તેવું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પતંગ બનાવવાની પ્રક્રિયા, તે માટે લાગતો સમય, પતંગનું માર્કેટ અને રોજગારીની ઉજ્જવળ સંભાવનાઓ જેવા વિવિધ વિષયો પર તજજ્ઞો દ્વારા પ્રત્યક્ષ તાલીમ-માર્ગદર્શન આપ વામાં આવે છે.

આ તાલીમ વર્ગનો સમય ગાળો ૩૦ દિવસનો હોય છે તથા દરેક વર્ગમાં ૧૮ થી ૪૫ વર્ષ વચ્ચેની વયના તાલીમાર્થીઓની ૫ સંદગી કરીને કુલ ૩૦ તાલીમાર્થીઓની બેચમાં તાલીમ આપવામાં આવે છે. હાલમાં, ગુજરાતમાં અમદાવાદ, વડોદરા અને ગાંધીનગર મહાનગરપાલિકા, આણંદ, ખેડા, વલસાડ, સુરત, પાટણ, અરવલ્લી, ડાંગ, નર્મદા અને તાપી એમ કુલ ૧૨ જિલ્લાઓના વિવિધ કેન્દ્રો ઉપર પતંગ બનાવવા માટેના તાલીમ વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. જેમાંથી ૧૦ જેટલા વર્ગો પૂર્ણ થતાં તાલીમ થકી તૈયાર થયેલ કારીગર બહેનો દ્વારા પતંગોનું ઉત્પાદન કરીને તેમજ વેચાણ માટે સ્ટોર બનાવીને આવક ઉભી કરવામાં આવી હતી. હાલના સમયમાં પતંગ બનાવટમાં પણ ઘણી આધુનિકતા આવી છે. ઉત્તરાયણ પર્વ પતંગ ઉપર પ્રિન્ટિંગ, દ્રશ્યો, સંદેશાઓ, હસ્તીઓના ફોટા, વેપાર-વાણિજયનો પ્રચાર-પ્રસાર, કૃત્રિમ આકારોની ઝલક વગેરે બાબતોથી આચ્છાદિત પતંગો થકી સાચા અર્થમાં આનંદનું પર્વ બની રહ્યું છે. પતંગની વધતી જતી માંગને ધ્યાને રાખીને રાજ્ય સરકાર દ્વારા ગરીબ પરિવારો માટે પતંગ બનાવટના તાલીમ કાર્યક્રમો યોજીને તેના માધ્યમથી રોજગારી ઉભી કરવામાં આવી રહી છે. દેશના વિવિધ રાજયો તેમજ વિદેશમાં મુખ્યત્વે યુએસએ તથા યુરોપિયન દેશોમાં પતંગ-ફિરકીની ભારે માંગ રહે છે. વિશ્વના ઘણા દેશોમાં ભારત પતંગોત્સવને લગતા વિવિધ ઉત્પાદનોનો નિકાસ કરે છે. પતંગના નિકાસ માટેની ઘણી કંપનીઓ દિલ્હી, મુંબઈ, કોલકાતા, સુરત અને અમદાવાદમાં કાર્યરત હોવાથી આ પ્રોડકટના વેચાણ માટે પૂરતા પ્રમાણમાં બજાર મળી રહે છે. વૈશ્વિક અને સ્થાનિક બજારોમાં પતંગોની વધુ માંગ હોવાથી સાંપ્રત સમયમાં પતંગ વ્યવસાય માટેની સંભાવનાઓ ખુબ વિશાળ પ્રમાણમાં રહેલી છે.

## ન્યૂઝ બ્રિફ

### HMPV એલર્ટ : અમદાવાદની સ્કૂલોમાં માસ્ક ફરજિયાત કરાયું

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

ચીન બાદ ભારતમાં પણ HMPV (હ્યુમન મેટાન્યૂમો વાઈરસ) ફેલાઈ રહ્યો છે, ગુજરાતમાંથી પણ એક કેસ સામે આવતાં લોકો ફફડાટ વ્યાપી ગયો છે. તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે. ત્યારે સિવિલ હોસ્પિટલમાં ખાસ આઈસોલેશન વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. તો બીજી તરફ અમદાવાદની કેટલીક શાળાઓમાં સેફ્ટીના ભાગરૂપે ગાઈડલાઈન તૈયાર કરી માસ્ક ફરજિયાત માસ્ક પહેરવાની અપીલ કરવામાં આવી છે. જો વિદ્યાર્થીઓમાં શરદી-ખાંસીના લક્ષણો દેખાય તો વાલીઓને શાળાએ ન મોકલવા વિનંતી કરી છે. ઉલ્લેખનીય છે કે શિક્ષણ વિભાગ દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર ગાઈડનલાઈન જાહેર કરવામાં આવી નથી. કોરોના બાદ વધુ એક વાયરસે ચીનમાંથી ભારતમાં એન્ટ્રી કરી છે. બેંગલુરુ, નાગપુર અને તમિલનાડુ અને ગુજરાતમાંથી કેસ સામે આવ્યા છે. ત્યારે રાજ્યના આરોગ્ય મંત્રાલય દ્વારા પણ કહેવામાં આવ્યું છે કે આ વાઈરસથી ગભરાવાની જરૂર નથી પરંતુ સાવચેતી જરૂરી છે. ત્યારે અમદાવાદની કેટલીક શાળાઓમાં સાવચેતીના ભાગરૂપે જાતે જ ગાઈડલાઈન તૈયાર કરવામાં આવી છે તેમજ વિદ્યાર્થીઓને ફરજિયાત માસ્કની અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત વાલીઓને સૂચના આપવામાં આવી છે કે જો તમારા બાળકને શરદી-ખાંસીના લક્ષણો જણાય શાળાએ મોકલવા નહી. જેથી અન્ય બાળકોને ચેપ લાગે નહી. એટલું જ નહી સ્કૂલમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીને શરદી-ખાંસીના લક્ષણો જોવા મળે તો તેમને ઘરે મોકલી દેવામાં આવે છે.

### મોટેરા-ગાંધીનગર મેટ્રો ટ્રેનની સેવા આજે ૬ કલાક બંધ રહેશે

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

અમદાવાદના મોટેરા થી ગાંધીનગરના સેકટર-૧ અને ગિફ્ટ સિટી વચ્ચે દોડતી મેટ્રો ટ્રેનની ફ્રિકવન્સી વધારવા માટે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા કવાયત શરૂ કરી છે. હાલ આ મેટ્રો ટ્રેન વચ્ચે ૧ કલાક અને ૨૦ મિનિટનું અંતર છે. પરંતુ આગામી માર્ચના અંત અથવા એપ્રિલના શરૂઆતમાં આ રૂટ પર દર ૩૦ થી ૪૦ મિનિટે મેટ્રો ટ્રેનની સેવા ઉપલબ્ધ રહેશે. ૯ જાન્યુઆરી ૨૦૨૫ના ગુરુવારે, બ્સ્ઇઝ દ્વારા મેટ્રો ટ્રેનના રૂટ પર ઈન્સ્પેકશન યોજાવાનું છે. આ પ્રક્રિયા દરમિયાન ધ્યાનમાં રાખીને ૯ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સવારે ૧૦.૪૦ થી સાંજના ૪ વાગ્યા સુધી આ રૂટ પર મેટ્રો સેવા બંધ રહેશે. ગાંધીનગરના સેકટર-૧ અને ગિફ્ટ સિટી વચ્ચેની મેટ્રો સેવા બંધ રહેશે. ઈન્સ્પેક્શન પૂર્ણ થતાં બાદ, બ્સ્ઇઝ થી ક્લીયરન્સનો પ્રમાણપત્ર આપવામાં આવશે. આગામી માર્ચના અંત અથવા એપ્રિલના શરૂઆતમાં આ રૂટ પર દર ૩૦ થી ૪૦ મિનિટે મેટ્રો ટ્રેનની સેવા ઉપલબ્ધ રહેશે.

### ચાઈનીઝ દોરી અને તુક્કલનું વેચાણ અટકાવો : ગુજરાત હાઈકોર્ટ

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

ઉત્તરાયણ તહેવારના હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે પતંગ ચગાવવાના શોખીનો દોરી અને પતંગની ખરીદીમાં લાગી ગયા છે. જ્યારે મકર સંક્રાંતિમાં ચાઈનીઝ દોરી ઝડપાયાના અનેક ઘટનાઓ સામે આવતી હોય છે. જેમાં ઘણી વખતે ચાઈનીઝ દોરીના કારણે લોકોના ગળા કપાતા મોત અને પક્ષીઓના મોતના બનાવો સામે આવે છે. આ દરમિયાન ચાઈનીઝ સહિતની જોખમી દોરી અને તુક્કલ પર રોક લગાવવાને લઈને ગુજરાત હાઈકોર્ટમાં એક અરજી કરવામાં આવી છે. જેને ધ્યાનમાં રાખીને હાઈકોર્ટ દ્વારા આ મામલે રાજ્ય સરકારને ટકોર કરીને જાહેર જગ્યાએ રંગવામાં આવતી દોરીની તપાસ કરવાના સૂચના આપવામાં આવી છે. રાજ્યમાં ચાઈનીઝ દોરીના કારણે ઘણા લોકોના ગળા કપાયા હોવાના બનાવો સામે આવતા હોય છે, ત્યારે અરવલ્લી જિલ્લાના ભિલોડાના લીલટછા ગામે બે દિવસ એક યુવકનું ચાઈનીઝ દોરીના કારણે ગળું કપાયું હતું. જો કે, તેને વહેલીતકે સારવાર આપતા યુવકનો જીવ બચી ગયો હતો.

# આગામી ૨ દિવસ ઠંડી યથાવત રહેશે

## ઠંડીથી રક્ષણ મેળવવા માટે લોકો તાપણું કરી રહ્યા છે ગુજરાતના ૭ શહેરોમાં ઠંડીનો પારો ૧૧ ડિગ્રીથી નીચે પહોંચ્યો છે



। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

ગુજરાતમાં ફરી એક વખત ઠંડીનો રાઉન્ડ શરૂ થયો છે. ઉત્તર ભારતના રાજ્યમાં ભારે હિમવર્ષાને કારણે ત્યાંના ઠંડા પવનો ગુજરાત તરફ આવી રહ્યા છે, જેને કારણે છેલ્લા બે દિવસમાં ગુજરાતનું તાપમાન બેથી ચાર ડિગ્રી જેટલુ ગગડ્યું છે. જો કે ગુજરાતમાં આગામી બેથી ત્રણ દિવસ ઠંડી યથાવત રહેશે. ત્યારપછી ક્રમશઃ ઠંડીમાં ઘટાડો થઈ શકે છે. પરંતુ આગામી બે દિવસ ઠંડી સહન કરવી જ પડશે. વહેલી સવારે ઠંડા પવન ફૂંકાતા વધુ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ઠંડીથી રક્ષણ મેળવવા માટે લોકો તાપણું કરી રહ્યા છે. ગુજરાતના ૭ શહેરોમાં ઠંડીનો પારો ૧૧ ડિગ્રીથી નીચે પહોંચ્યો છે.

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહી કરી છે કે, જાન્યુઆરી મહિનામાં હવામાનમાં ભારે પલટો આવવાનો છે. ભારે પવન ફૂંકાવા અને બરફ વરસાદ થશે. જેની ઉત્તર ભારતમાં ભારે અસર જોવા મળશે. ૭ તારીખ સુધી ગુજરાતમાં ભારે ઠંડી રહેશે. ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં તાપમાન આઠ ડિગ્રી થી ઓછુ થવાની પ્રબળ શક્યતાઓ છે. કચ્છ અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં આઠ ડિગ્રી તાપમાન થઈ શકે છે. આગામી તારીખ ૧૨ થી ૧૮ જાન્યુઆરી સુધી રાજ્યના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ થઈ શકે છે. ઉત્તર ગુજરાત મધ્ય ગુજરાત અને કચ્છના કેટલાક ભાગોમાં માવઠા થવાની પ્રબળ શક્યતાઓ છે. અમદાવાદ અને ગાંધીનગરના કેટલાક વિસ્તારોમાં પણ હવામાનમાં પલટો આવશે. આ ઉપરાંત દક્ષિણ સૌરાષ્ટ્રના ભાગોમાં ક્યાંક છાંટા પણ પડી શકે છે.

હવામાન વિભાગના લેટેસ્ટ અપડેટ અનુસાર, ઠંડીમાં સામાન્ય વધઘટ આજથી ઠંડી વધશે. સવારથી પવનો ફૂંકાયા શરૂ થયા છે. આજે સવારે રાજ્યમાં સૌથી ઓછું કચ્છના નલિયામાં ૯ ડિગ્રી તાપમાન નોંધાયું છેય ગાંધીનગરમાં ૧૩ ડીગ્રી, અમદાવાદમાં ૧૪ ડિગ્રી અને અન્ય શહેરોમાં ૧૩ થી ૧૫ ડિગ્રી સેલ્સિયસ ઉષ્ણતામાન આજે સવારે નોંધાયું છે. હવામાન ખાતાના નિર્દેશ મુજબ એક દિવસ પછી ઠંડીમાં વધારો થશે. જોકે આજે વહેલી સવારથી જ ઠંડા પવનો ફુકાવા શરૂ થઈ ગયા છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં ઠંડીમાં આંશિક વધારો થઈ શકે છે. આગામી કેટલાક દિવસે ગુજરાતના અનેક વિસ્તારોમાં કડકડતી ઠંડી જોવા મળે તેવી આગાહી કરવામાં આવી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે તાપમાનમાં ઘટાડો થાય તેવી આગાહી કરવામાં આવી છે. તેમજ હાલ ઉત્તર પૂર્વથી પૂર્વના પવન ફૂંકાઈ રહ્યાં છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આણંદ, અરવલ્લી, દાહોદ, ડાંગ, ગાંધીનગર, જુનાગઢ, ખેડા, પંચમહાલ, રાજકોટ, સાબરકાંઠા સહિતના જિલ્લાઓમાં ૧૪ ડિગ્રી ન્યૂનતમ તાપમાન રહે તેવી શક્યતા છે. વડોદરા, નર્મદા, ડાંગ, છોટાઉદેપુર, ભાવનગર સહિતના જિલ્લાઓમાં ૧૭ ડિગ્રી ન્યૂનતમ તાપમાન રહે તેવી શક્યતા છે.

### યુવતીઓનું બ્રેઇન વોશિંગ કરવામાં આવતું હોવાનો ચોંકાવનારો આક્ષેપ

# ઇસ્કોનમાં યુવાન દીકરીઓને ગોંધી રાખ્યાના આક્ષેપ સાથે આર્મીમેને રિટ કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

શ્રદ્ધાના સ્થળ સમાન ઈસ્કોન મંદિરમાં યુવાન દીકરીને ગોંધી રખાયા અને યુવતીઓનું બ્રેઈન વોશિંગ કરવામાં આવતું હોવાનો ચોંકાવનારો આક્ષેપ કરતી આર્મીમેન પિતાની હેબિયસ કોર્પસ અરજીનો હાઈકોર્ટે નિકાલ કર્યો છે. આ રિટમાં આર્મી જવાનની દીકરીને કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવી ત્યારે તેણે એવી કેફિયત દર્શાવી હતી કે તેણે પોતાની મરજીથી લગ્ન કર્યા છે અને તે પતિ સાથે જ રહેવા માગે છે. તેથી હાઈકોર્ટે રિટનો નિકાલ કર્યો હતો અને યુવતીને પોલીસ રક્ષણ પૂરું પાડવા અને પતિના ઘરે મૂકવાનો આદેશ કર્યો હતો. અમદાવાદના મેઘાણીનગરમાં રહેતા એક નિવૃત્ત આર્મી જવાને હાઈકોર્ટમાં એડવોકેટ ધર્મેશ ગુર્જર મારફતે હેબિયસ કૉર્પસ પિટિશન કરી હતી. જેમાં એ મતલબના મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા હતા કે, તેમને બે દીકરા અને એક પુખ્ત વયની દીકરી છે. દીકરીને ભક્તિભાવમાં રસ હોવાથી તે અમદાવાદના એસ.જી. હાઈવે સ્થિત ઈસ્કોન મંદિરમાં જતી હતી. જ્યાં સુંદર પ્રભુ નામની વ્યક્તિ તેના ગુરુ હતાં. તેઓ દીકરીને કૃષ્ણલીલા અંગે માહિતીઓ આપતા હતા. ઈસ્કોન મંદિર ઉપર વિશ્વાસ હોવાથી તેઓ દીકરીને ત્યાં જવા દેતા હતા. રિટમાં એવા આક્ષેપ કરવામાં આવ્યા હતા કે, ઈસ્કોન મંદિરમાં ભક્તિના નામે યુવાન દીકરીઓનું બ્રેઈન વોશ કરવામાં આવતુ હતું. ત્યાંના સ્વામીઓ પોતે ભગવાન કૃષ્ણ હોવાનો આડંબર કરી ઈસ્કોનમાં રહેતી ૬૦૦ દીકરીઓ ગોપી હોય તેમ દીકરીઓને જણાવે છે. ગુરુના મહત્ત્વને માતા-પિતા કરતા ચઢિયાતું જણાવે છે. સુંદરમામા પ્રભુએ જણાવ્યું હતું કે, અરજદારની દીકરી સુંદર અને હોંશિયાર છે. જેથી તેને ઈસ્કોન મંદિરમાં રાખવાની છે. તેને પોતાના શિષ્ય સાથે પરણાવી દો, પરંતુ અરજદાર પોતે રાજપુરોહિત જાતિના હોવાથી અન્ય જાતિમાં પરણાવવા માટે ના પાડી દીધી હતી. ત્યારબાદ અરજદારને ધમકીઓ મળવા લાગી હતી. તેમની દીકરીને ભડકાવીને ૨૩ તોલા સોનું અને રૂ. ૩.૬૨ લાખ રોકડા લઈને મથુરાના એક શિષ્ય સાથે ભગાડી દેવામાં આવી છે. તે અત્યારે ઉત્તર પ્રદેશના મથુરા ખાતે જ રહે છે, તેવી અરજદાર પાસે માહિતી પણ છે. રાજસ્થાનના એક ઈસ્કોનવાસીએ અરજદારને જણાવ્યું હતું કે, તેની દીકરીને એરપોર્ટ ઉપર મૂકવા પણ ગયા હતા. આ ધર્મ અને ઈશ્વરનું અપમાન છે.

### ફ્લાવર બુકે માટે જીત્યો ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ

# અમદાવાદ ફ્લાવર શોનો ડંકો વાગ્યો વિશ્વભરમાં

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આંતરરાષ્ટ્રીય ફ્લાવર શોની શરૂઆત ૩ જાન્યુઆરીથી થઈ ચૂકી છે અને લોકો મોટી સંખ્યામાં ફ્લાવર શો ૨૦૨૫ જોવા માટે ઉમટી રહ્યા છે. ત્યારે ફરી એક વખત અમદાવાદનું નામ આંતરરાષ્ટ્રીય ફલક પર ઝળહળતું થયું છે. અમદાવાદના ફ્લાવર શોને સતત બીજા વર્ષે ગિનિસ બુક ઓફ વલ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે. ૧૦.૩૦ મીટરથી વધુ મોટો બુકે બનાવ્યો છે.

અમદાવાદના ફ્લાવર-શોએ વિશ્વનું સૌથી મોટું ફ્લાવર બુકે બનાવવા બદલ ફ્લાવર-શોને ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે. ૧૦.૨૪ મીટર હાઈટ (૩૪ ફૂટ ઉંચો) અને ૧૦.૮૪ મીટર ત્રિજ્યા ધરાવતો બુકે અહીં બનાવાયો છે. જેને વિશ્વના સૌથી મોટા ફ્લાવર બુકે તરીકેનું સન્માન મળ્યું છે. અગાઉ આ પહેલા આ રેકોર્ડ યુનાઈટેડ આરબ એમિરેટસની અલ-એઈન મ્યુનિસિપાલિટીના નામ ઉપર હતો.

જો તમે પણ આ ફ્લાવર શોની મુલાકાત લેવા માંગતા હોવ તો આ શૉ આગામી ૨૨ જાન્યુઆરી સુધી ચાલવાનો છે. આ ફ્લાવર શૉમાં વિઝિટ કરવા માટે છસ્ઝ્ર દ્વારા ટિકિટ દર નક્કી કરવામાં આવ્યા છે. ૧૨ વર્ષથી નાની વયના બાળકોને વિનામૂલ્યે પ્રવેશ આપશે તો સોમવારથી શુક્રવાર ૧૨ વર્ષથી મોટી ઉંમરના વ્યક્તિ માટે ૭૫ રૂપિયા અને શનિવાર તથા રવિવારે ૧૦૦ રૂપિયા ટિકિટનો દર રહેશે.

### કોલ્ડપ્લે કોન્સર્ટના આયોજકોને DCPUની નોટિસ

# અમદાવાદમાં યોજાનારા કોલ્ડપ્લે કોન્સર્ટના આયોજકોને નોટિસ

### ૨૫-૨૬ જાન્યુઆરીના રોજ અમદાવાદમાં કોન્સર્ટ

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

અમદાવાદમાં યોજાનારા કોલ્ડપ્લે કોન્સર્ટના આયોજકોને નોટિસ આપવામાં આવી છે. જેમાં બાળકોને લઈને ખાસ સૂચના અપાઈ છે. તેમાં વિશ્વના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આગામી ૨૫-૨૬ જાન્યુઆરીના રોજ યોજાનારા કોલ્ડપ્લે કોન્સર્ટના આયોજકોને નોટિસ ફટકારવામાં આવી છે. અમદાવાદ ડિસ્ટ્રિક્ટ ચાઈલ્ડ પ્રોટેક્શન યુનિટ દ્વારા નોટિસ ફટકારીને કોન્સર્ટમાં જાહેર સ્ટેજ પર બાળકોનો ઉપયોગ ન કરવા અને સ્ટેડિયમમાં પ્રવેશતા પહેલા બાળકોને ઈયરપ્લગ લગાડવામાં આવે તેને લઈને નોટિસ પાઠવવામાં આવી છે. જાન્યુઆરીએ યોજાનારા કોલ્ડપ્લે કોન્સર્ટના આયોજકોને ડિસ્ટ્રિક્ટ ચાઈલ્ડ પ્રોટેક્શન યુનિટ (DCPU) દ્વારા નોટિસ ફટકારવામાં આવી છે. કોન્સર્ટ વખતે જાહેર મંચ પર બાળકોને ન બોલાવવા અંગે નોટિસમાં જણાવાયું છે. કોન્સર્ટ દરમિયાન ૧૨૦ ડેસિબલથી વધુનો અવાજ ઉત્પન્ન થતો હોવાથી બાળકો માટે આટલો અવાજ ઘોંઘાટરૂપ સાબિત થતા તેમના કાન અને મન પર અસર પહોંચે છે. જેને ધ્યાનમાં રાખીને DCPUએ નોટિસમાં બાળકોને ઈયરપ્લગ વગર સ્ટેડિયમમાં પ્રવેશ ન આપવા જણાવ્યું છે. મળતી માહિતી મુજબ, અગાઉ પણ દિલજીત દોસાંઝના કોન્સર્ટમાં આ મામલે કર્ણાટક સરકારે નોટિસ ફટકારી હતી.

### આરોપી પીએસઆઇ ભરતી માટેની તૈયારી પણ કરતો હતો

# માધુપુરાના બગીચામાં યુવતીની હત્યા નદીમાંથી શકમંદ આરોપીની લાશ મળી

### મૃતક મહિલા પરિણીત હતી, તેના પતિ સહિતના પરિવારજનોની પૂછપરછ કરવામાં આવી

। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૮ ।

માધવપુરા નજીક નમસ્તે સર્કલ પાસે આવેલા હાજીપુરા ગાર્ડનમાંથી મંગળવારે સાંજે ૫.૩૦ આસપાસના સુમારે ૩૦ વર્ષીય ક્રિષ્ના મારવાડી(રહે. જુગલદાસની ચાલી, ઈદગાહ) નામની પરિણીતાની લોહીલુહાણ હાલતમાં લાશ મળી હતી. અહીં હાજર લોકોએ પોલીસને જાણ કરતા માધવપુરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પોલીસે હત્યા અંગે સીસીટીવી ફૂટેજ તપાસતા મૃતકના ઘર નજીક જ રહેતા કૌશિક મકવાણાનું બાઈક અને જેકેટ દેખાયું હતું. જેથી પોલીસ કૌશિકને શોધવામાં લાગી હતી. પોલીસની શોધખોળ દરમિયાન કૌશિકનું બાઈક દધિચી બ્રિજ પાસેથી મળ્યું હતું. જેથી તાત્કાલિક ફાયર બ્રિગેડની રેસ્ક્યુ ટીમને જાણ કરાતા નદીમાં કૌશિકની શોધખોળ હાથ ધરાઈ હતી. રેસ્ક્યુ ટીમે ખાસ્સા સમય નદીમાં સર્ચ કરતા આખરે કૌશિક મકવાણાની લાશ મળી આવી હતી. આ મામલે પોલીસે બંને મૃતકોની લાશને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી છે. માધવપુરા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ પી. વી. વાઘેલાએ જણાવ્યું કે, ક્રિષ્નાબેન પરિણીત હતા. કૌશિક પણ ક્રિષ્નાબેનના ઘર નજીક જ રહેતો હતો. બંને વચ્ચે પ્રેમસંબંધ હોવાની શંકા પ્રાથમિક તપાસમાં લાગી રહી છે. કૌશિકે હત્યા કર્યા બાદ નદીમાં ઝંપલાવીને આપઘાત કર્યો હોવાની શંકા આધારે તપાસ તેજ કરવામાં આવી છે. પોલીસનું કહેવું છે કે, ક્રિષ્નાબેન બાળકને લઈને હાજીપુરા ગાર્ડનમાં કૌશિકને મળવા ગયા ત્યારે બાળકથી થોડે દૂર જઈને ક્રિષ્ના અને કૌશિક વાતચીત કરી રહ્યા હતા. બન્ને વચ્ચે બોલાચાલી થતાં કૌશિકે ચપ્પાના ઘા મારી ક્રિષ્નાબેન પર જીવલેણ હુમલો કરતા મોત નિપજ્યું હતું.સેક્ટર-૧ એડી. સીપી નીરજકુમાર બડગુજરે જણાવ્યું કે, આ મામલે પ્રાથમિક તપાસ કરાયા બાદ પ્રેમ પ્રકરણમાં હત્યા કરાઈ હોવાનું લાગી રહ્યું છે. મૃતક મહિલા પરિણીત હતી. તેના પતિ સહિતના પરિવારજનોની પૂછપરછ કરવામાં આવી રહી છે.

### ગુજરાતી પ્રવાસીઓને મોજે મોજ

# થોમસ કૂકે અમદાવાદ-ભૂટાન માટે સીધી ફ્લાઇટ્સ

। અમદાવાદ, તા.૮ ।

ગુજરાત થોમસ કૂક (ઈન્ડિયા) લિમિટેડ - ભારતની અગ્રણી ઓમ્નીચેનલ ટ્રાવેલ સર્વિસીસ કંપની માટે નિર્ણાયક અને ઉચ્ચ વૃદ્ધિની તકનું પ્રતિનિધિત્વ કરે છે. આ નોંધપાત્ર સંભવિતતાનો લાભ લેવા માટે, થોમસ કૂકે ૨ પાયાવાળી વ્યૂહરચના તૈયાર કરી છેઃ

૧. વિસ્તૃત વિતરણ અને સર્વવ્યાપી હાજરી

૨. વ્યૂહાત્મક ઉત્પાદન વિકાસ

વ્યાપક વિતરણ – ગુજરાતમાં ૫ શહેરોમાં ૧૦ આઉટલેટ્સ. ટોચના સ્રોત બજારોમાં અમદાવાદ, બરોડા, સુરત અને રાજકોટનો સમાવેશ થાય છે. જામનગર, ભાવનગર, આણંદ અને મહેસાણા ગુજરાતના ઉભરતા ટાયર ૨ અને ૩ શહેરોમાંથી નોંધપાત્ર વૃદ્ધિ દર્શાવે છે.

મજબૂત ઓમ્નીચેનલ હાજરી - એપ્સ (સેલ્સ અને સર્વિસિંગ), ચેટ બોટ, પોર્ટલ, કોલ સેન્ટર્સ અને વિસ્તૃત રિટેલ નેટવર્ક સાથે ફિજિટલ ક્લિક્સ અને બ્રિક્સ મોડલ.

**વ્યૂહાત્મક ઉત્પાદન વિકાસઃ**

૧. થોમસ કૂકે ભૂતાન પૂર્વ અમદાવાદની સીધી ફ્લાઈટ્સ સાથે વિશિષ્ટ હોલિડે પેકેજો લોન્ચ કર્યા છે - મજબૂત આઉટબાઉન્ડ માંગને મૂડી. આ વ્યૂહાત્મક પગલું નોંધપાત્ર બજાર તફાવતનો લાભ ઉઠાવે છે, કારણ કે હાલમાં ગુજરાત અને ભૂટાન વચ્ચે કોઈ વાણિજ્યિક હવાઈ સેવાઓ કાર્યરત નથી. ૭ રાત્રિના ભૂટાન પ્રવાસની યોજના અર્થપૂર્ણ રીતે અનન્ય ભૂટાનના અનુભવો અને અધિકૃત ગુજરાતી ભોજન, શાકાહારી/જૈન ભોજનને સમાવીને બનાવવામાં આવી છે - જે ગુજરાતી ટ્રાવેલની મહત્ત્વપૂર્ણ માંગને સંતોષે છે.

૨.તેના આધ્યાત્મિક પ્રવાસનો પોર્ટફોલિયો વિસ્તૃત કર્યોઃ થોમસ કૂકનો આધ્યાત્મિક પ્રવાસન સેગમેન્ટ ઘાતાંકીય વૃદ્ધિનું સાક્ષી છે – ચાર ધામ, અયોધ્યા, રામેશ્વરમ, અમૃતસર, વારાણસી અને પ્રયાગરાજ જેવા સર્કિટ માટે ૧૦૦% થી વધુ; શ્રીલંકામાં રામાયણનો માર્ગ. જ્યારે ઐતિહાસિક રીતે ભારતના સિનિયર્સ/જનરલ એસમાં આધ્યાત્મિક પ્રવાસો માટે મુખ્ય સેગમેન્ટનો સમાવેશ થાય છે, ત્યારે કંપની બહુ-જનરેશનલ પરિવારો, હનીમૂનર્સ/કપલ્સ, મિલેનિયલ્સ/જનરેસન ઝી તરફથી મજબૂત માંગ જોઈ રહી છે.

૩. અનુભવી થોમસ કૂક ગુજરાતી ભાષી ટૂર મેનેજર સાથે અલબેલુ યુરોપ, અનેરુ યુરોપ, અધભૂત એશિયા જેવા વિશિષ્ટ ગુજરાતી પ્રાદેશિક/ઉત્સવલક્ષી જૂથ પ્રસ્થાન, પ્રવાસમાં ગુજરાતીની સુવિધા, શાકાહારી/જૈન ખોરાકની પસંદગીઓ.

**અમદાવાદ-ગુજરાત પ્રવાસ વલણોઃ**

- ગુજરાતીઓ ઉત્સુક પ્રવાસીઓ છે અને પીક વેકેશન સીઝન ઉપરાંત, ગુજરાતીઓ જાહેર રજાઓ અને સપ્તાહાંતમાં બહુવિધ મિનિ-કેશન્સ માટે મહત્તમ ઉપયોગ કરી રહ્યા છે.
- ગુજરાતી-વિશિષ્ટ જૂથ પ્રવાસો અને પ્રાદેશિક પ્રસ્થાન ડ્રાઈવિંગ ડિમાન્ડઃ ગુજરાતી ગ્રાહકો જૂથ મુસાફરી માટે મજબૂત પસંદગી ધરાવે છે. અમારા ગુજરાતી-ભાષી સંચાલકો સાથે પ્રવાસ અને શુદ્ધ શાકાહારી/ગુજરાતી ભોજન અત્યંત લોકપ્રિય છે.
- મુસાફરીની માંગમાં વધારો (૪૦-૪૫% વિ ૨૦૧૯); ખર્ચની ભૂખમાં વધારો (૨૫-૩૦% વિ. ૨૦૧૯).
- લાંબો સમય રોકાણઃ ટૂંકી રજાઓ હવે ૫-૬ દિવસ સુધી લંબાય છે, જ્યારે લાંબી ટ્રિપ્સ ૧૨-૨૦ દિવસની હોય છે, જે વધુ ઈમર્સિવ અનુભવો તરફ પાળીને પ્રતિબિંબિત કરે છે.
- પ્રાયોગિક મુસાફરીની મજબૂત વૃદ્ધિઃ નોર્વે, સ્વીડન અને ફિનલેન્ડમાં નોર્ધન લાઈટ્સ ટૂર જેવા જીવનકાળમાં એક વાર અનોખા અનુભવો; જાપાનમાં ચેરી બ્લોસમ પ્રવાસ.
- લક્ઝરી ટ્રાવેલ અને ક્રુઝ વેકેશનની વધતી જતી માંગઃ યુરોપ; મોરોક્કો; ધ્રુવીય અને સ્કેન્ડિનેવિયન જહાજ.

### સુરતમાં સામે આવ્યો છેતરપિંડીનો કીસ્સો

# ગાંધીનગરમાં રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત ટીબીના નવા ૮૩ દર્દી મળ્યા

। (એજન્સી) ગાંધીનગર, તા.૮ ।

ભારત સરકારના 'ટીબીમુક્ત ભારત અભિયાન'' અંતર્ગત ટીબી રોગને નાબૂદ કરવા માટે ૧૦૦ દિવસની સઘન ટીબી નિર્મૂલન ઝુંબેશ અમલી છે. રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગરમાં ૭ જુલાઈ, ૨૦૨૪થી ૧૦૦ દિવસની સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ અભિયાનમાં ટીબીના શંકાસ્પદ લક્ષણ ધરાવતા ૨૦૧૮૦ દર્દીને તપાસવામાં આવ્યા હતા. જેમાં ટીબીના નવા ૮૩ દર્દી મળી આવ્યા હતા. આરોગ્ય કર્મચારીઓ દ્વારા ઘરે ઘરે ફરીને ટીબીના લક્ષણો ધરાવતા લોકોના એક્સ-રેની તપાસ, તથા ગળફાની તપાસ કરાવવા માટે હોસ્પિટલ ખાતે લઈ જઈ નિદાન કરાવવામાં આવ્યું છે, જે અંતર્ગત આજદિન સુધી કુલ ૨૦૧૮૦ નાગરિકોની તપાસ કરવામાં આવી. જેમાં ૮૩ લોકોના ટીબીનું નિદાન પોઝિટીવ આવ્યું છે. તેમજ ૧૯૬૬ લોકોના ગળફાની તપાસ કરવામાં આવી છે. જેમા નિક્ક્ષય શિબિર ટીબીનું નિદાનનું ૮૩ ની આવ્યું છે આરોગ્યની ટીમ ટીબીના શંકાસ્પદ દર્દીઓને રોગના નિદાન માટે ગળફાની લેબોરેટરી તપાસ અને છાતીના એક્સરે નજીકના આરોગ્ય કેન્દ્રમાં કરી આપવામો આવી રહ્યા છે.

### વલસાડના ભીલાડની ઘટના

# ઘરના ઓટલા પર બેસેલા બાળકને અડફેટે લીધો, ભાગવા જતા કાર પણ પલટી મારી

। (એજન્સી) વલસાડ, તા.૮ ।

ભીલાડ નજીક ઘરના ઓટલા પર બેસેલા બાળકને અડફેટે લઈ ફરાર થવા જતા એક કાર પલટી મારી ગઈ હતી. ઘટનામાં માસુમ બાળકનું મોત નિપજ્યું હતું. જ્યારે ફરાર થવાના પ્રયાસમાં કાર પણ પલટી મારી ગઈ હતી. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી.

બનાવની વિગત મુજબ, વલસાડના ભીલાડના છેવાડે નરોલી ફાટક નજીક તળાવ ફળિયામાં રહેતા સતીશ ગોસાવીનો ૫ વર્ષનો અજિત નામનો પુત્ર ઘરના ઓટલા પર રમી રહ્યો હતો. તે વખતે જ અચાનક એક કાર ચાલકે કારને ઘરના ઓટલા પર ચડાવી દીધી હતી. આથી ઘરના ઓટલા પર રમી રહેલ બાળકને અડફેટે લીધું હતું. બાળકને અડફેટે લીધા બાદ કારચાલક ફરાર થવાના પ્રયાસમાં કાર પણ પલટી મારી ગઈ હતી. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી.ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં બાળકને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવતા તબીબોએ બાળકને મૃત જાહેર કર્યો હતો. આ ઘટનામાં કારમાં સવાર ચાર લોકોને ઈજા થઈ હતી. બનાવની જાણ થતા જ પોલીસ સ્થળ પર પહોંચી કાર ચાલક વિરૂધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અને કારચાલક સરઈના રોનક ધોડી વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરી અટકાયત કરી હતી. અકસ્માત સર્જનાર કારચાલક નશામાં હોવાનું મનાઈ રહ્યું છે.

### ૧૭ વર્ષીય વિદ્યાર્થિની નીટની તૈયારી કરતી હતી

# ભણતરનો ભાર સહન નહીં થતાં વાવોલની સગીરાનો આપઘાત

। (એજન્સી) ગાંધીનગર, તા.૮ ।

ગાંધીનગરની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં અભ્યાસ કરતી ૧૭ વર્ષીય સગીરાએ ભણતરના ભાર સામે હાર માનીને જીવન ટૂંકાવી લીધું છે. વાવોલ ખાતે પોતાના ઘરમાં સગીરા એકલી હતી ત્યારે પંખા પર દુપટ્ટો ભરાવી ગળેફાંસો ખાધો હતો. પ્રાથમિક વિગતો મુજબ, અભ્યાસ બાબતે માતાએ ઠપકો આપ્યા બાદ સગીરાએ આપઘાત કર્યો હતો. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વાવોલની વૃંદાવન રેસિડેન્સીમાં રહેતી ૧૭ વર્ષીય સગીરા ગાંધીનગરની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં ૧૧ સાયન્સમાં અભ્યાસ કરતી હતી. ઉચ્ચ કારકિર્દી ઘડવાના આશયથી સગીરાએ નીટનો અભ્યાસ પણ શરૂ કર્યો હતો. માતા-પિતા અને સમગ્ર પરિવારને દીકરીની ઉજ્જ્વળ કારકિર્દીનો વિશ્વાસ હતો. તેથી તેઓ તેના અભ્યાસ માટે જાગૃત રહેતા હતા. અભ્યાસ બાબતે દીકરી બેદરકાર થતી હોવાનું જણાતા માતાએ ઠપકો આપ્યો હતો. આ ઘટના પછી માતા ઘરમાં નીચેના માળે હતી અને પિતા કામ અર્થે બહાર ગયા હતા. સગીરા પોતાના રૂમમાં ગઈ હતી અને પંખા પર દુપટ્ટો લગાવી ગળે ફાંસો ખાધો હતો.